કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ
ફેબ્રુઆરી · ૧૯૫૮

આવતી કાલનાં નાગરિકો માટે સંસ્કાર ઘડતરનું આજનું માસિ

તંત્રી · બચુભાઈ :



અંક ૪૧૦. મો



પ્રવાસી પંખી

ચિત્રકાર: રસિકલાલ પરીખ



કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૭; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: ૧ રૂપિયો

બેડિયાતનું ગાન

· ગાન ·

દરિયે દોડી જાય ભલે આ નાવ: મારું મન વેગળું જુવે.
કેડમાં ધારી બેડલું હાલી જાય હલેતી ગામને કૂવે;
તંઇ મારું મન વેગળું જુવે.

કોઇ તે હારોહારની યે તેં સૈયરુંનો સાથ ન લીધો,
માંહિથી મગન દુનિયાને ડચકારતી એવો કેફ છે કીધો:
સૈયરુંનો સાથ ન લીધો.

એકલી સીંચે દોર મરોડે આણતી રે પાતાળનાં પાણી,
ઊડતા સાળુ-કોરના તે ફંગોળને ઝીલે કીરના વાણી,
આણતી રે પાતાળનાં પાણી.

બળતે પ્હોરે વડની ભીની છાંયડીમાં બે જીવનો મેળો!
કાળજે લીધી લૂંટ, કહી ના જાય, ફર્યો જ્યાં ભવનો ફેરો!
છાંયડીમાં બે જીવનો મેળો!

તંઇ મારું મન વેગળું જુવે;
દેવને દેરે લ્હેરતી ધજા વાવલિયે–જેમ વ્હાણને ખુવે:
લોકનો, ઘેલાં ઉરનો ભોળો ભાવ તંઇ મન વેગળું જુવે.

કોઇ ચડયું ચગડોળને ઝૂલે, કોઇની રમે રાગમાં પાની,
કાજળથી મંજાયલી આંખે કોઈ વાતુંએ વળતાં છાની:
કોઈની રમે રાગમાં પાની.

કેવડાની કાંટાળમાં ત્યારે આપણે પીધું મ્હેકનું પીણું,
ઊડતી જતી ભમરીએ ગાન રેલિયું મીઠા મધનું મીણું:
આપણે પીધું મ્હેકનું પીણું.

ફૂલનો મને રેશમી રૂમાલ, તને ય તે પરવાળની વીંટી;
હોડની એવી હીસ જાણે કે વેગથી વાગી વ્હાલની સીટી,
તને ય તે મેં દીધ રે વીંટી.

તંઇ મારું મન વેગળું જુવે,
આંઇ તારો આ રેશમી રૂમાલ આંખની મારી આગને લુવે.
તંઇ મારું મન વેગળું જુવે.

રાજેન્દ્ર શાહ

યૌવનદર્શન

· મિશ્ર ·

મુગ્ધાતણા સ્કંધ પરેથી છેડલો
સરી જતાં રેશમી વસ્ત્ર કેરો
પ્રાકટ્ય થાતું સ્તનયુગ્મ કેરું;
અજાણતાં શૈશવ તેમ મારું
સરી ગયું આ તનથી ધીરેથી
ને યૌવને દર્શન મુગ્ધ દીધું!

હેમન્ત દેસાઈ

મારા ફળીનાં ઝાડવાં બે–

· ગાન ·

મારા ફળીનાં ઝાડવાં બે હતાં કરતાં એક દિ' વાતો:
એક કહે, હદ થાય હવે, નથી ભાંડુ-વિજોગ ખમાતો;
ચાલને, અહીંથી ચાલતાં થાયેં,
આઘાંઆઘાં વનમાં જાય.

બીજું કહે, એમાં જીવનું જોખમ, નિત આવે કઠિયારા;
આવી ઓચિન્તાનાં ચલવે, આપણા પર કુહાડીના મારા.
(જોકે) મરવું તો ટળે કોઇ ન કાળે,
મરી જવું શીદ અકાળે?

પ્હેલું કહે, અહીં દન ખૂટે તો કેમે ન ખૂટે રાત;
અહીં અટૂલું એકલું લાગે, તહીં તો આપણી નાત!
ચાલને આપણે ચાલતાં થાયેં,
આઘાંઆઘાં વનમાં જાયેં.

બીજું કહે, જેણે જાત ઘસીને આપણંને જળ પાયાં,
એમને ક્યારે આપશું આપણાં ફળ ને આપણી છાયા?
હું તો કહું: અહીં રોકાઇ જાયેં,
(એના) ચૂલામાં ઇંધણાં થાયેં!

દેવજી રા. મોઢા

થયું બ્રહ્માને કે–

· શિખરણી ·

થયું બ્રહ્માને કે 'પૃથિવીગ્રહનાં રાષ્ટ્ર સઘળાં
ગયાં વ્હેંચાઇ બે–તૃતીય જુધની–છાવણી મહીં,
ચલી તૈયારીઓ અહરનિશ પ્રાણાંતની રહી,
થશે પૃથ્વી નષ્ટ પ્રલય મહીં પાછી; અવ હર્યાં-
ભર્યાં ક્ષેત્રો, શાળા, નગર, કવિતા કૈં ન ઊગરે,
બધું પેલી આદ્ય ક્ષિતિજ અડતી પ્રાણહીનતા
ગળી જાશે'. બ્રહ્મા ક્ષણભર સમાધે લીન થતા:
'બધું સંસ્કૃતિનું ધન અહીંથી ક્યાં લૈ જવું અરે!'

સમાધે ડૂબેલાં નયન ઊઘડે આશસભર,
ન ભાલે ચિંતાની કરચલી કરે મોં ગમગીન,
'પુરા પ્રલ્લેટાણે સૃજનબીજ રક્ષ્યાં તરી પર
વ્યવસ્થા આ વેળા અટપટી અરે કૈં કરવી ન.

લઇશું રક્ષી બે શ્રમણ-શ્રમીણો-ફિલ્સૂફ-કવિ,
રચી દેશે પાછી પૃથિવી પર એ સંસ્કૃતિ નવી.'

'ઉશનસ્'

પ્રેમને જો આપણા વ્હેવું પ્રિયે!
વ્હેણને તો બે કિનારા જોઇએ.

જયન્ત પાઠક

મા

જીવનની ઉન્નતિ માટે કોઇ અસાધારણ સંજોગો કે અનુકૂળ વાતાવરણ આવશ્યક નથી.' ચાલુ સ્થિતિનો સદુપયોગ કરવાના દૃઢ પુરુષાર્થથી સામાન્યોમાં પણ અસામાન્ય પ્રતિભા ઝળકી ઊઠે છે. સમાજના શિરમોર મહાપુરુષોનાં જેટલાં જ એમનાં ચરિત્રો પણ પ્રેરક હોય છે. એવી એક વ્યક્તિવિશેષનું આ ચરિત્ર છે.

મૂળ લેખક–ડૉ. કૈલાસનાથ કાટ્જુ • માણેકલાલ ગો. જોષી–અનુવાદક

મા તો સૌ કોઈને સરખી જ વહાલી હોય છે અને મા સમાન આ જગતમાં બીજું કોઈ નથી હોતું; પરંતુ મારી મા માત્ર મને જ વહાલી નહોતી, જેને જેને એનો સંપર્ક થયો હતો તેમને એવી સેંકડો હજારોમાં એ એક ન્યારી જ લાગી હતી. મને હવે લાગે છે કે મારી મા પચાસ વર્ષ પહેલાં જન્મી હતી. જો તે ૫૦ વર્ષ પછી જન્મી હોત તો એના જે વિચારો હતા અને ઈશ્વરે તેને જે બુદ્ધિ આપી હતી, તે જોતાં તે આપણા દેશના નારીસમાજ માટે ખૂબ જ સરસ કામ કરત અને સમાજમાં નામના મેળવત.

મારી મા તેનાં માબાપનું એકનું એક સંતાન હતી. તેના પિતા પંડિત નંદલાલ કાશ્મીરી પંડિત હતા. તેઓ પહેલાં પંજાબના હિસાર જિલ્લામાં અને પછી ઘણાં વર્ષો પર્યંત હોશિયારપુરમાં સરકારી અમલદાર તરીકે રહ્યા હતા. મારી માનો જન્મ સંવત ૧૯૧૫(ઈ.સ. ૧૮૫૯ના જાન્યુઆરી)ના માહ માસમાં હિસાર જિલ્લાના સિરસા ગામમાં થયો હતો. માબાપે નામ રામપ્યારી રાખ્યું હતું. સાસરે સોહાગરાણી પાડયું હતું. વાસ્તવમાં બંને નામ સુંદર હતાં અને શુભ ઘડીમાં પાડવામાં આવ્યાં હતાં. એ સાચે જ રામની પ્યારી હતી અને પોતાનાં લગ્ન બાદ ૭૧ વર્ષે તે પોતાનું સૌભાગ્ય સાથે લઈને ગઇ હતી.

નંદલાલ પોતાની દીકરીને ખૂબ ચાહતા. ઘરમાં રામપ્યારી અને દાદી બંને હાજર હતાં. દીકરીને લાડ તો ખૂબ લડાવતાં, પરંતુ એ જમાનો જ કાંઇક જુદો હતો. સ્ત્રીઓને ભણાવવાની વગેરે પ્રથા ન હતી. મારી મા મને કહ્યા કરતી કે એમની દાદીના મગજમાં એક એવી જ વાત ઠસી ગઈ હતી કે રશિયાના માણસો બધા ઘોડામુખા હોય છે. ધુમાડાની ગાડી એટલે કે રેલવે એ વખતે નવીનવી શરૂ થઈ હતી, પરંતુ એ દાદીમાને ઍંજિન વરાળથી ચાલે છે એ વાતનો વિશ્વાસ મરતાં સુધી નહોતો બેઠો. રેલગાડીમાં તો એ કયારેય બેઠાં નહોતાં. આમ ઘરમાં સ્ત્રીઓની તો આવી હાલત હતી; પરંતુ એના પિતાજીને વિદ્યા પ્રત્યે ખૂબ પ્રેમ હતો. પત્નીની ના હોવા છતાં તેમણે ઘણા ઉમંગથી દીકરીને ખૂબ ભણાવી-ગણાવી. તે બાપ પાસે હિન્દી ને ફારસી ભણી, ને ઈશ્વરે મગજશક્તિ તો ખૂબ સુંદર આપી હતી, તે સંસ્કૃત અને ગણિત પણ ખૂબ ભણી. ભૂગોળ, નક્ષત્રજ્ઞાન સરસ જાણતી હતી અને જ્યોતિષમાં તો એટલી નિપુણ હતી કે મોટા મોટા પંડિતો અને જ્યોતિષીઓ જોડે વાદવિવાદમાં ઊતરતી. ફારસીમાં 'ગુલિસ્તાં–બોસ્તાં' તથા 'દીવાને હાફિઝ' તેને મોઢે હતાં. વિચારશક્તિ ઘણી ઊંચી હતી. જે એક વખત વાચતી યા સાંભળતી તે તેને હમેશ માટે યાદ રહી જતું. ધર્મશાસ્ત્રો આપમેળે જ શીખી હતી અને ગીતા તો કંઠસ્થ જેવી હતી.

તેની નવ વર્ષની ઉમ્મરે સંવત ૧૯૨૫(સને ૧૮૬૮)માં મારા પિતા ત્રિભુવનનાથજી કાટજુ સાથે લગ્ન થયાં હતાં. અમારું ઘર જાવરા (માળવા પ્રાંત)માં છે, મોટાં શહેરોથી દૂર એક ખૂણામાં. સં.૧૯૨૫ માં જાવરામાં રેલવે નહોતી. નાનું ગામ, જૂના વિચાર, જૂનો વ્યવહાર અને જૂના રીતરિવાજ. મારી મા અહીં ૫૦ વર્ષ પર્યંત ઓઝલ-પડદામાં બંધિયાર રહી હતી. લગ્ન નાની ઉમ્મરમાં થયાં હતાં અને થોડા જ વખતમાં આખા ઘરસંસારનો બોજો તેના પર આવી પડયો હતો. દિયર-જેઠ બધા જુદા રહેતા હતા: ઘરનો બધો કામધંધો, રાંધવું સીધવું, બાળકોને મોટાં કરવાં, કપડાં સીવવાં બધું જાતે જ કરતી ને તે ઉપરાંત વાંચવા લખવાનો શોખ. જાતે ભણતી હતી ને બીજાંને ભણા-
[illegible] ('કુમાર' અંક ૪૧૦)

વતી હતી. બપોરના એકબે વાગે જ્યારે ઘરકામથી પરવારતાં નવરાશ મળતી એટલે મહોલ્લાની બધી કન્યાઓ આવતી ને ત્યાં એક નાનીશી પાઠશાળા શરૂ થઈ જતી અને મારી મા તેમને બધાંને લખતાં-વાંચતાં શીખવતી.

કાશ્મીરી પંડિતોમાં ઓઝલ-પડદો બહારના માણસો પૂરતો હોય છે, સસરા યા જેઠનો નથી હોતો. કુટુંબનાં માણસોની સંખ્યા સારી જેવી હતી. એ બધાંય સ્ત્રી-પુરુષો મારી માતાને ઘેરી રાખતાં. ઘરના બધાય પુરુષો અને છોકરાઓ તેની જોડે સર્વ પ્રકારની ચર્ચામાં ઊતરતા. કયારેક વર્તમાનપત્ર વાંચી સંભળાવતી, કયારેક દુનિયાને લગતી વાતો કરતી તો કયારેક રાજનૈતિક ચર્ચાઓ થતી. રજવાડાની બધી વાતો એ સાંભળતી ને સમજતી હતી. મને કહેતી કે એક વાર લગ્ન બાદ તારા મોટાબાપા આવ્યા અને કહેવા મંડયા કે 'સોહાગરાણી, આજે સાંજે નવાબસાહેબને ત્યાં એક સજ્જને એક સવાલ કર્યો પરંતુ, અમારામાંથી કોઇ પણ તેનો ખુલાસો કરી શકયું નહિ.' મેં પૂછયું કે શું સવાલ હતો? તો એમણે કહ્યું કે સવાલ હતો એવો કે એક માણસને નવ છોકરા ને તેની પાસે ૮૧ મોતી છે; અને એ મોતીની કિંમત એવી હતી કે પહેલું મોતી એક રૂપિયાનું, બીજુ મોતી બે રૂપિયાનું, ત્રીજું મોતી ત્રણ રૂપિયાનું. એવી રીતે એક એક રૂપિયો વધતો જાય. આમ એકાશીમા મોતીની કિંમત ૮૧ રૂપિયા હતી. બાપની ઇચ્છા હતી કે એ દરેકને નવનવ મોતી આપે, પરતુ એ વહેંચણી એવી થવી જોઈએ કે દરેકને સરખી કિંમતનો ભાગ મળે. મેં એ સાંભળ્યું એટલે હું ચુપ થઇ ગઈ, કેમકે પ્રશ્ન કાંઈક મુશ્કેલીભર્યો હતો. જ્યારે રાતે બધા ઊંઘી ગયા, એટલે હું કાગળ પેન્સિલ લઈને બેઠી અને બે કલાકમાં એ પ્રશ્નનો જવાબ શોધી કાઢયો ને તારા મોટાબાપાને સવારમાં જવાબ આપી દીધો. તેમને ખૂબ આશ્ચર્ય થયું. જવાબ લઈને એ નવાબસાહેબના દરબારમાં ગયા ને ત્યાં ખૂબ ગૌરવપૂર્વક જણાવ્યું કે મારી ભોજાઇએ જવાબ શોધી કાઢયો છે. સાંભળનારા બધા અવાક બની ગયા.

વસ્તુત: ૨૦-૨૨ વર્ષની ઉમ્મરની એક સ્ત્રી કે જે ઘરમાં જ લખતાં વાંચતાં તથા ગણિત શીખી હોય, તેને માટે આવા પ્રશ્નનો જવાબ શોધી કાઢવો એ જરૂર આશ્ચર્યજનક વાત હતી.

મારી મા ઘરમાં સામાન્ય સ્ત્રીની જેમ બધું જ કામકાજ કરતી હતી, પરંતુ એ જમાનો જોતાં, અને જે વાતાવરણમાં એ ઊછરી હતી તે જોતાં તેના વિચારો સાવ નિરાળા જ અને ઘણા ઊંચા હતા. તેનો દૃઢ વિશ્વાસ હતો કે પુરુષોએ સ્ત્રીઓને દબાવી રાખી છે અને એ તો કહ્યા કરતી કે તેઓ સ્ત્રીઓને જાનવરોની જેમ પોતાની મિલકત માને છે. એ કહેતી કે અમને તો ચૂલાને સોંપી દીધી છે. સ્ત્રીને રોટલા-કપડાં આપીને પુરુષો એમ માને છે કે એ તો એમના ઘરની દાસી છે. હું જ્યારે મોટો થયો ને આ બધી વાતો સમજતો થયો ત્યારે હું હસતો અને કહેતો: 'બા, તમે રસોડામાં ચૂલા પાસે બેસીને તો અન્નપૂર્ણાદેવી ભાસો છો.' એ સાંભળી તે બહુ ખિજાતી અને કહેતી કે તમે લોકોએ એવું કહીકહીને, મીઠીમીઠી વાતોમાં ભોળવીને અમને સ્ત્રીઓને અપંગ બનાવી દીધી છે. તેની એ એક પ્રબળ ઇચ્છા હતી કે દરેક સ્ત્રી એટલું લખી વાંચી શકે, કાંઈક એવો હાથઉદ્યોગ શીખી લે કે તે દ્વારા તે પોતાના પગ પર ઊભી રહી શકે તેટલું કમાઇ શકે અને પુરુષો સમક્ષ દયા યાચતી ઊભી ન રહે. એ કહેતી કે હું લગ્ન-વિવાહની

વિરોધી નથી, ઘરસંસારનું કામ કરવું એ તો સ્ત્રીઓનો ધર્મ છે; પરંતુ હું એ તો નથી ચાહતી કે સ્ત્રીઓ સદાય દબાએલી રહે. સ્ત્રી અને પુરુષની સમાનતામાં એ માનતી હતી અને તેનો એવો મત હતો કે આ સમાનતાના પાયા ઉપર જ પતિ અને પત્ની પોતાનું ઘર ચલાવે. એ દૃષ્ટિથી એ સ્ત્રીશિક્ષણની ભારે હિમાયતી હતી અને તેથી જ્યારે પણ તે સાંભળતી યા વર્તમાનપત્રમાં વાંચતી કે કોઇ સ્ત્રી બી.એ. થઈ યા એમ.એ. થઇ યા તેણે જગતમાં કીર્તિ પ્રાપ્ત કરી છે ત્યારે તેના આનંદનો પાર ન રહેતો. આ બધી હું આજના જમાનાની વાત કરતો નથી, બલકે આ ૬૦-૬૫ વર્ષ પહેલાંની વાત છે, જ્યારે ગામ યા કસ્બાની વાત તો દૂર રહી, મોટાં મોટા શહેરોમાં પણ સ્ત્રીશિક્ષણનો પ્રચાર નહતો.

સંતાનોત્પત્તિની બાબતમાં પણ તેના વિચાર, જે આજે જોવામાં આવે છે, તેવા હતા. બ્રહ્મચર્ય ને તેના દ્વારા સંતાન-નિગ્રહની તે ભારે પક્ષપાતી હતી. તે કહેતી કે બે બાળકો વચ્ચે ઓછામાં ઓછું ચાર વર્ષનું અંતર હોવું જોઈએ કે જેથી એક બાળક માનું ધાવણ ધાવીને મોટું થઈ શકે. મા જ્યારે તેની પૂરેપૂરી દેખરેખ, પાલનપોષણ કરી લે ત્યારે બીજું બાળક થવું જોઈએ. કોક સ્ત્રીને આંતરે વર્ષે સવાસુરિયાં બાળક થવાની વાત તે સાંભળતી તો તેને ઘૃણા થતી અને તેનો પ્રચાર તે પોતાના કુટુંબમાં અને સંપર્કમાં આવનારી સ્ત્રીઓમાં કરતી.

લગ્ન અંગેના પણ તેના વિચાર ઘણા સ્વતંત્ર હતા. નાની ઉમરનાં લગ્ન તેને જરા પણ ગમતાં નહિ. એક જ ન્યાતમાં લગ્ન થવાં જોઇએ તેને તે આવશ્યક વસ્તુ ગણતી નહોતી. બધી ય જાતના બ્રાહ્મણોને તે સમાન માનતી હતી. દરેક વર્ણમાં જે હજારો પાંખિયાં પડી ગયાં છે અને તેમનામાં એકબીજામાં જે વ્યાવહારિક મતભેદ પડી ગયા છે, એ બંધનોને તે જેલખાનાથી પણ ભૂંડા માનતી હતી.

તેનું જીવન એક સાચા અર્થમાં ધાર્મિક જીવન હતું. શિવની તે મહાન ભક્ત હતી અને નિયમપૂર્વક રોજ તેમની ઉપાસના કરતી, અને એ જ કારણસર તેણે મારું અને મારા ભાઈનું નામ કૈલાસનાથ અને અમરનાથ રાખ્યું હતું. ધાર્મિક પુસ્તકો તેણે ઘણાં વાંચ્યાં હતાં. ખાવા-પીવામાં અડવાઆભડવાનો વિચાર તો કરવો પડતો, પરંતુ અંતરથી તે તેની કટ્ટર વિરોધી હતી. તે તો કહ્યા કરતી કે શાસ્ત્રોમાં જે જે વસ્તુઓની ખાવાપીવાની મનાઈ કરેલી છે, તેનો ધર્મ ને ઈશ્વરની ભક્તિ સાથે કાંઈ જ સંબંધ નથી. એ તો બધી પોતાના દેહના રક્ષણાર્થે છે. અડવા-આભડવાથી ઘણા રોગ થઈ આવે છે, તેથી તે અટકાવવા માટે આપણા ઋષિમુનિઓએ આ કાયદા ઘડ્યા છે. લોકો તેનો અમલ કરે તે માટે તેને ધાર્મિક સ્વરૂપ આપ્યું છે, નહિ તો એ બધું તો વૈદકીય શિક્ષણ છે.

સંવત ૧૯૬૫માં મેં મારી વકીલાતનો પ્રારંભ કાનપુરમાં કર્યો. ૬ વર્ષ ત્યાં રહ્યા બાદ સંવત ૧૯૭૧માં હું અલ્લાહાબાદ હાઇકોર્ટમાં વકીલાત કરવા લાગ્યો. આમારા લોકોને સૌથી પ્રથમ સંયુક્ત પ્રાંત સાથે કશો સંબંધ નહોતો, પરંતુ હવે તો અલ્લાહાબાદમાં ઘરનાં ઘરબાર કર્યાં છે. મારી વકીલાત તો મારી મા માટે આઝાદીની વસ્તુ બની ગઈ હતી. એ સંવત ૧૯૬૬થી મારી પાસે કાનપુર ને અલ્લાહાબાદ આવતી-જતી હતી. ક્યાં એ જાવરાનું મુસલમાની રજવાડું, ઓઝલ-પડદાનું જોર, તેથી ક્યાં ય બહાર નીકળવાનું થતું નહિ, મંદિરમાં આવવા-જવાનો પણ રિવાજ નહોતો, અને ક્યાં કાનપુર ને પ્રયાગમાં ગંગાજીના તટ પર જવાની જરા પણ રોકટોક નહિ. ઘરનું કામકાજ તો કાનપુરમાં જાવરાના જેવું જ હતું. મારી નવી વકીલાત, નવું ગામ, બધી મુશ્કેલીઓ હતી, પરંતુ ત્યાં એ આનંદમાં રહેતી. દીકરાનો ઘરસંસાર બરાબર ચાલુ કરી આપવો એ શું ઓછા આનંદની વાત હતી, અને ઉપરથી ઓઝલ-પડદાની કશી ધાંધલ નહિ. એ રોજ ગંગાજી જતી, સ્નાન કરતી, કૈલાસમંદિરમાં દર્શન કરતી અને ઘેર પાછી ફરતી. ન્યાતનાં અને ન્યાત સિવાયનાં અનેક કુટુંબો સાથે અમારે સંબંધ બંધાયો હતો, ને એ બધાંને મળવા-હળવાનું માને ઘણું ગમતું હતું. અહીં પણ એ ખૂબ દુનિયાદારીની ચર્ચાઓ કરતી ને એ રીતે પોતાની જ્ઞાનવૃદ્ધિ કરતી. પ્રયાગમાં પ્રારંભમાં તો સાત-આઠ વર્ષ હું ભાડાના મકાનમાં રહ્યો હતો, અને ૧૯૭૯ પછી મેં મારો પોતાનો બંગલો ખરીદ્યો હતો. હવે તો માને પોતાની ઇચ્છાનુસાર બધું કરવાની પૂરેપૂરી છૂટ મળી. પ્રયાગમાં એ મોટે ભાગે બારબાર મહિના, બબ્બે વર્ષ આવીને રહેતી હતી. ત્રિવેણી—ગંગાજી, જમનાજીમાં સ્નાન કરવા નિયમિત જતી હતી. શિવકુટી ને પંચમુખી મહાદેવનાં શિવમંદિરોએ જઇને દર્શન કરવાનો તેને ઘણો શોખ હતો. તે હમેશાં ત્યાં જતી અને સાધુસંતોની સેવા કરતી. ઘરમાં પણ હમેશાં પૂજાપાઠ, કથા-વાર્તા, હવનહોમ થયાં જ કરતાં હતાં. પંડિતો પૂજારીઓ જોડે વાર્તાલાપ થયા કરતો, પરંતુ કોઈ પણ પંડિતજીની મજાલ નહોતી કે પૂજાની વિધિમાં કશી ભૂલ કરે યા કોઈ મંત્રનું ઉચ્ચારણ અશુદ્ધ કરે. તેને બધા મંત્રો મોઢે હતા. એ બધાના અર્થ પણ તે જાણતી અને એ ખાસ જોતી કે બધું કાર્ય વિધિપૂર્વક શુદ્ધ રીતે પૂરું થાય છે કે નહિ. તે દાની પણ હતી અને ગુપ્ત દાન કરવાનો તેને ઘણો શોખ હતો. મા કોને કોને મદદ કરે છે તે કોઇને પણ ખબર પડતી નહિ. હરવાફરવા, બહાર જવા માટે તે હમેશાં બહુ ઉત્સુક રહેતી. મેં ગંગાકિનારે એક બગીચો ખરીદ્યો હતો અને ત્યાં તેને ઘણું ગમતું. પ્રયાગમાં આવ્યા પછી મને ખબર પડી કે એને બાગબાનીનો કેટલો શોખ છે. માળીઓને પોતાની સાથે ઊભા રાખીને બધું સમજાવતી, તથા પુષ્પોના છોડવા અને ફળનાં વૃક્ષો લગાવરાવતી. તેણે પોતાના હાથે વાવેલા ઘણા યે આંબા, જામફળ આદિનાં વૃક્ષો તથા ચમેલી, ગુલાબ વગેરેના છોડવાં તેની સ્મૃતિ રૂપે મારા બંગલા તથા બાગમાં આજે પણ મોજૂદ છે.



માતા સોહાગરાણીદેવી

ગોસેવા તે સદા તનમનથી કરતી અને ગાયને વાછડું આવવું એ તો અમારા ઘરમાં જાણે કોઇ વહુ-દીકરીને બાળક આવ્યું હોય તેના જેવું હતું. કેટલાં ય અઠવાડિયાં પૂર્વે ગાય ઘેર આવી જતી, તેની દેખરેખ મા પોતે કરતી ને વાછડું આવ્યા બાદ તેની સેવા, તેને ખવડાવવું

પિવડાવવું મહિનાઓ પર્યંત માતા પોતે ખૂબ ધ્યાન દઇને કરતી. જો ક્યાંક ગાયને વાછડી આવતી તો માના આનંદનો પાર ન રહેતો. એ વાછડી પછી ઘેર જ ગાય બનતી અને એવી કેટલીય ગાયો, દીકરીઓ અને તેમની દીકરીઓ હજી સુધી મારે ત્યાં છે. જો વાછડો આવતો તો એ મોટો ન થાય ત્યાં સુધી માનો હુકમ હતો કે એને માટે એક આંચળ રહેવા દઈ ગાયને દોહવી. જાનવરોનાં દવાદારૂ પણ એ સારાં જાણતી. કૂતરાં, બિલાડાં તરફ તેને ઘૃણા હતી. એ કહેતી કે કૂતરાં ગંદાં અને બિલાડાં વિશ્વાસઘાતક હોય છે, પરંતુ રંગબેરંગી ચકલીઓ, પોપટ-મેના વગેરે તેને ઘણાં ગમતાં અને એમનું રક્ષણ કરતી.

વૈદકીય જ્ઞાનથી મા ઘણી સારી વાકેફગાર હતી. કોઈ પણ પરીક્ષા પાસ કર્યા વિના એની એ સરસ અભ્યાસી અને જાણકાર થઈ ગઈ હતી. માનવીનું શરીર અને તેની રચના, તથા હૃદય, મગજ, કાન, આંખ એ બધાં અંગોની ક્રિયાઓ વિષેનું તેનું જ્ઞાન હેરત પમાડે તેવું હતું. સ્ત્રીઓને લગતા રોગો તથા સુવાવડ વગેરે બાબતોમાં તો તેની યોગ્યતા અ-સાધારણ હતી. ઘરમાં માત્ર વહુ-દીકરીઓની જ નહિ, બલકે મહોલ્લામાં રહેનાર અને પ્રયાગમાં તો બંગલામાં રહેતા નોકરચાકરોનાં સ્ત્રી-બાળકોની દવા મા જ કરતી. ઘરગથ્થુ નુસખાઓ અને આયુર્વેદિક પ્રયોગોની એ સારી જાણકાર હતી. દરદીની દેખરેખ, સેવા ને નર્સિંગ પણ એ ખૂબ રસપૂર્વક અને તનમનથી કરતી.

આ બધા ગુણ તો હતા જ, પરંતુ જે એક ગુણને લઇને સૌ કોઇને તેના તરફ આકર્ષણ થતું હતું, તે હતો તેનો સ્વભાવ. શું મોટા માણસો, શું વૃદ્ધો કે શું બાળકો બધાં એનાથી ખુશ હતાં. જૂના વિચારની મોટી ઉમર લાયકની સ્ત્રીઓમાં પણ માનું બહું ઊંચું સ્થાન હતું. ન્યાતના બધા રીતરિવાજ, લગ્નવિવાહ પ્રસંગે લેવુંદેવું, વિધિપૂર્વક પૂજાપાઠ વગેરે બધી બાબતોમાં માની સલાહ લેવાતી અને એ મુજબ જ અમલ થતો. ઘરમાં શાળા અને કૉલેજમાં ભણતાં છોકરાં-છોકરીઓ મા પાસે આપમેળે જઇને બેસતાં. ભારતનો ઇતિહાસ તેને મોંએ હતો. ગાતાં-વગાડતાં શીખી ન હતી અને એ જાણતી પણ નહિ, પરંતુ સાંભળવાનો ઘણો શૉખ હતો. મારી દીકરી લીલાનો કંઠ ઘણો સરસ હતો. એ મીરાંનાં ભજન બહુ સુંદર ગાતી. માતાજી કલાકો પર્યંત એ સાંભળતી અને તેમાં તલ્લીન થઈ જતી. પરંતુ સૌથી વધુ તો કુટુંબના પુરુષોમાં તેની પૂછપરછ હતી. અમારા ઘરમાં ઈશ્વરની કૃપાથી બધા જ છે: જજ, વકીલ, ડૉકટર, ઇજનેર, કારભારી ને દરેક પ્રકારના સરકારી અમલદારો–એ બધાની અવરજવર ચાલ્યા જ કરતી. હું જ્યારે પણ નોકરને પૂછતો કે ફલાણા સાહેબ ક્યાં છે, તો જવાબ મળતો કે વહુજી પાસે બેઠા છે. જે આવતું, તે સીધું સોહાગરાણી કાકી પાસે જતું અને પોતાનાં દુ:ખ-દર્દ રોવા બેસી જતું. એ ખૂબ પ્રેમથી બધી વાત સાંભળતી ને યોગ્ય સલાહ આપતી. દરેકની સાથે તેના કામની બાબતમાં વાતચીત કરવાની માની એક અનોખી જ રીત હતી. ઇજનેરો જોડે ઇજનેરી વાતોની ચર્ચા કરવી અને ડાકટરો સાથે ડાકટરી બાબતોની. હું તો હમેશાં રાતનું વાળુ કરીને તેના ખોળામાં માથું મૂકીને સૂઈ જતો અને તેની જોડે મારા ચાલતા મુકદમાઓની વાતો કરતો. પોતાના અનુભવ અને બુદ્ધિથી તે એવા એવા તરીકા બતાવતી કે તેનાથી મને ખૂબ મદદ મળતી.

દુ:ખ-દર્દ વખતે મારી મા સમાન સાંત્વન આપનાર, સંતોષ આ-પનાર ભાગ્યે જ બીજું કોઇ હશે. દુ:ખગ્રસ્ત લોકોને તેને જોતાં જ તથા તેના શાંતિપૂર્ણ ઉપદેશોથી ઘણો સંતોષ મળતો. સ્વગસ્થ સ્વરૂપરાણીજી નહેરુ સાથે મારી માને બહુ ઘાડો સંબંધ થઈ ગયો હતો. એ મારી માને પોતાની મોટી બહેન જેવી માનતાં હતાં, અને એ સંબંધે મને પણ દીકરા કહીને બોલાવતાં હતાં. જે વર્તુળમાં તેમનું હળવુંમળવું હતું

અને જીવન વીતતું હતું, અને પ્રયાગમાં તો એક ખાસું એવું વર્તુલ હતું, તેમાં માનું સ્થાન સારું એવું ઊંચું હતું.

રાજકીય બાબતોમાં તેને ઘણો રસ હતો અને તે અંગેના સમા-ચારોથી હમેશ વાકેફ રહેતી.

હિંદુસ્તાનની ગરીબ જનતાના કલ્યાણની દૃષ્ટિ હમેશાં તેની નજર સમક્ષ રહેતી અને એ વિષયમાં તે બરાબર ગાંધીજીને ટેકો આપ્યા કરતી. એ દૃષ્ટિથી કૉંગ્રેસ મંત્રી-મંડળની દારૂ બાબતમાં જે નીતિ હતી તેનું તે બળપૂર્વક સમર્થન કરતી. ચહાની એ બહુ વિરુદ્ધ હતી. પ્રયાગ-માં માઘ-મેળો હતો. એ ત્રિવેણી સ્નાન કરવા ગઇ. ત્યાંથી પાછાં ફરતાં એ મારા પર ખૂબ ગુસ્સે થઈ. કહેવા મંડી કે તમો લોકો કશી વ્યવસ્થા કરતા નથી. ગરીબોનું સત્યાનાશ વળી જશે. મેં પૂછ્યું : 'બા, પણ વાત શું છે?' પછી ખબર પડી કે ચહાનો પ્રચાર કરવા ચહાના બગીચાઓના માલિકો તરફથી ગંગાના તટ પર પડાવ નાખવામાં આવ્યો છે અને ત્યાં મફત ચહા વહેંચાય છે. એમનું કામ તો ચહાનો પ્રચાર કરવાનું હતું, એટલે લોકોને મફત ચહા પાતા હતા કે જેથી તેની તેમને ટેવ પડે. માનો એવો મત હતો કે દેશમાં દૂધ-દહીં ખાવાની આવશ્યકતા છે અને ચહાથી તો હિંદનું સ્વાસ્થ્ય ખરાબ થઈ જાય છે અને ભૂખ મરી જાય છે. મને કહેવા મંડી કે તમે સરકારના માણસો થોડી આવક ખાતર ભારતનું સત્યાનાશ વાળી રહ્યા છો.

માતાની બોલવાની રીત મીઠાશભરી અને ગંભીર રહેતી. વ્યર્થ વાર્તાલાપ અને ખોટી માથાઝીક તરફ એને ઘૃણા હતી. મરતા સુધી કાંઈક ને કાંઈક નવું શીખવાની અને જાણવાની તેને હોંશ રહી હતી. એ શાંતિની મૂર્તિ હતી. મેં એને ક્યારે ય ગુસ્સે થતી નહોતી જોઇ. ન ક્યારે હર્ષ થતો હતો, ન ક્યારે ય દ્વેષ કરતી હતી. સુખદુ:ખ બંનેમાં એ સમાન રહેતી. રોવા કકળવાની ટેવ ન હતી. ઘરમાં કેટલાંય લગ્ન ગયાં. છોકરીઓને વિદાય આપતી વેળાએ ઘર આખું રોતું અને આંસુ વહાવતું, પરંતુ મા તો હતી તેવી ને તેવી જ શાંત રહેતી. મેં તેને ક્યારે ય એક આંસુ પાડતાં નહોતી જોઈ, અને જો પુત્રી, પૌત્રીઓથી વિખુટા પડતી વેળાએ રોતી, તો મા તેને તેમ કરતાં અટકાવતી. માએ દુ:ખ પણ વેઠ્યાં, ખૂબ લાડમાં ઉછેરેલી પરણાવેલી દીકરી-પૌત્રી નજર સામે ગુજરી ગઈ, પરંતુ એ શોકાઘાતને પણ તેણે ખૂબ ધીરજ, શાંતિ અને હિમ્મતથી ઝીલ્યો હતો.

દરેકની સાથે તેનું વર્તન સારું જ રહેતું. પિયરમાં એક ભાઈ ખોળે લીધો હતો. નણંદ-ભોજાઈમાં આવો મેળ મેં બીજે ક્યાં ય ન જોયો. જાણે બે સગી બહેનો હોય તેવી ભાસતી. મારાં મામી મને પેટના દીકરા જેવો ગણતાં અને હું પણ તેમને મારાં સગી મા જેવાં ગણતો. તેમને જ ઘેર જઈને લાહોરમાં મેં પાંચ વર્ષ રહી બી.એ.ની પરીક્ષા પાસ કરી હતી. મારા મામાનાં સંતાન અને એમના જમાઈ દીવાન બહાદુર વ્રજમોહનનાથ જુત્શીને મારાં માતાજી પ્રત્યે એટલો તો પ્રેમ હતો કે તેનું વર્ણન હું કરી શકતો નથી. પોતાના ઘરમાં દીકરીઓ કરતાં વહુઓને વધુ ચાહતી. કહેતી કે દીકરીઓ તો પારકે ઘેર ગઇ. મારા ઘરનું અજવાળું તો મારી વહુઓ છે. પરિણામે ઘરમાં ક્યારે ય કશી ખટપટ થઇ નહોતી. હમેશાં શાંતિ, દરેક ખુશ અને મગન. વહુ-ઓની દૃષ્ટિમા મા સાસુ નહોતી, પરંતુ માતા સમાન હતી.

અભ્યાસ કરતાં કરતાં માને જ્યોતિષ પ્રત્યે ખૂબ આકર્ષણ થયું હતું. જ્યારે પ્રયાગમાં હોય ત્યારે આજુબાજુના નોકરો-ચાકરોનાં બાળકોની જન્મકુંડળીઓ તે બનાવતી. મારી પાસે પણ જો ક્યારેક કોક જ્યોતિષી આવતો તો હું તેનો મા સાથે મેળાપ કરાવી દેતો. પરિણામ એ આવતું કે મને છુટકારો મળતો ને જ્યોતિષીની (અનુ. પૃ.૭૫ પર)

બિરાદરી

તો બંને જણે બતાવી હતી પણ....

લેખક : **ચંદ્રકાન્ત બક્ષી**



જમાદાર રૂપલાલ ડોગરાએ બૅરેટ ઉતારીને એનાથી જ હવા નાંખવા માંડી. પોલીસવાનની બંધ જાળીઓની અંદર છ માણસો બેઠા હતા અને સામે ગોળા-કારમાં છ તાજી સાફ કરેલી રાઈફલો ઊભી હતી. ડોગરાએ બહાર તપી ગએલી સડક તરફ જોયું અને બસ-સ્ટૉપ પર મેલી સાડી પહેરીને ઊભેલી એક બંગાળી છોકરીને જોઈને એ બોલી ગયો, 'સરદારસિંગ!' બાજુમાં બેઠેલા શીખે સ્લિગથી પોતાની રાઇફલ ઉપાડીને સીધી ગોઠવતાં પૂછ્યું, 'કેમ રે?'

'આ તારી બંગાળી છોકરીઓ આટલી જોઈ...પણ એકે સીધા બદનવાળી જોઈ નહીં. તું શ્રીનગરના ડલ પર ફરતો હોયને તો એવી એવી પરીઓ અથડાઈ જાય કે બેટા, દાઢીના આ દસ-પંદર ધોળા વાળ ફૂટી નીકળ્યા છેને એ ય એની મેળે કાળા થઈ જાય!'

સરદારસિંગ હસ્યો. 'હું તો કહું છું કે જેણે અનારકલીની હવા જોઈ નથી એણે છોકરીઓની વાત જ નહીં કરવી. ખાક છે તારા કાશ્મીરમાં; ઘેટાં જેવી છોકરીઓ રખડતી હોય છે!—મોટામોટા કોથળા લપેટીને...'

દૂર ધૂળનો એક ગુબ્બારો ઊડીને આવી રહ્યો હતો. 'જલુસ આવે છે.' એક માણસ બોલ્યો. ડ્રાઇવરની પાસે સફેદ યુનિફૉર્મ અને કાળાં ગોગલ્સ પહેરેલા ઇન્સ્પેક્ટરે પાછળ મોઢું ફેરવીને કહ્યું, 'સિંગ બચ્ચાને ખરે બપોરે અનારકલીનાં ખ્વાબ દેખાય છે! જો સામે..'

હુગલી નદીનાં સ્થિર પાણી પર સખત તડકો નાચતો હતો અને બ્લુ આકાશમાં તપી ગએલાં વાદળાંઓએ સફેદી લાદી દીધી હતી. સડક પર તપી ગએલા ડામર પર પસાર થઇ ગએલી ટ્રક-મોટરોનાં ટાયરોની છાપો પડી ગઇ હતી ને બસ-સ્ટૉપવાળી બંગાળણ બાર નંબરની બસમાં ચડી ગઇ હતી. હવા સ્થિર હતી, સન્નાટાવાળી, દિવસે પારણામાં ઊંધા સૂઇ ગએલા તાવવાળા બચ્ચાના કમરામાં હોય એવી શાંત...

ડોગરાએ એક બગાસું ખાધું, પગ ઉપર પગ ચડાવ્યો અને નદીની પારની એક જ્યૂટ મિલની ફનલમાંથી નીકળતા ધુમાડા તરફ જોવા માંડ્યું.

ટોળું પાસે આવ્યું. રંગીન લુંગીઓ, ખાખી પેન્ટ, ફિક્કી પડી ગએલી કાળી છત્રીઓ, પસીના પર ચોંટી ગએલી ધૂળવાળા ચહેરાઓએ દૃશ્યને ભરી દીધું અને ઘરાંઇ ગએલા અવાજોથી હવા ફાટી ગઇ. એક લાલ ઝંડો હતો; રેશમી, કબૂતરના તાજા લોહી જેવો—ખૂબસૂરત...અને ટોળાની આગળ એક અઢારેક વર્ષનો છોકરો એને ઊંચકીને ચાલતો હતો.

ડ્રાઇવરની પાસે બેઠેલા ઈન્સ્પેક્ટર સભ્રવાલે ખોળામાં મૂકેલી પી-કૅપ માથા પર મૂકીને દબાવી અને ડ્રાઇવરની સામેના નાના કાચને ફેરવીને ચહેરો જોઈ લીધો. એણે બારણું ખોલ્યું અને ખુમારીથી ઊતરીને હેડ-લાઇટ પાસે આવીને ઊભો રહ્યો.

ટોળાની ગતિ ઓછી થઈ ગઈ અને અટકી ગઈ. પાછળની કતાર-માંથી એક જવાન બહાર આવ્યો—

'ક્યાં જઈ રહ્યા છો?'

જવાન ઇન્સ્પેક્ટરનાં કાળાં ગોગલ્સની આરપાર જોતો રહ્યો અને બોલ્યો, 'કોયલા ઘાટ સ્ટ્રીટ, ડૉક લેબર કમિશ્નરની ઑફિસ.' જવાન માણસ ડૉક વર્કર્સ યુનિયનનો એક નેતા હતો—અબિદ મન્સૂરી.

'ત્યાં જવાની મનાઇ છે, દફા ૧૪૪ ચાલે છે.'

'ખબર છે.'

'બસ ત્યારે, વીખરાવા માંડો.'

અબિદ હસ્યો...એની નજર ઇન્સ્પેક્ટરના ચકચકતા કાળા બૂટની ટોચથી માંડીને એની પી-કૅપની કમાન સુધી ફરી વળી. 'ઈન્સ્પેક્ટર સા'બ, મને કહેવા માટે તમે આટલી તકલીફ લીધી?'

થોડી હલીલોની આપ-લે શરૂ થઈ. ટોળામાંથી બે માણસો આગળ આવ્યા, અને ઝંડો ઊંચકીને ઊભેલા છોકરાની આગળ આવીને ઊભા રહ્યા. ઇન્સ્પેક્ટરે મોઢું ફેરવ્યું...પલકારામાં એક પથ્થર આવ્યો ને ઇન્સ્પેક્ટરના ચશ્માની કમાન તોડતો, ગાલ પરના હાડકાથી સખત ટક્કર ખાઇને પસાર થઇ ગયો. છોલાયેલા ગાલમાં ધીરેથી લાલ રંગ તરી આવ્યો અને ચામડી ફૂલી ગઈ.

ટોળું ધસી આવ્યું, એકાએક...અને ઇન્સ્પેક્ટર ગાયબ થઈ ગયો. પોલીસવાનની જાળીનાં ગાબડામાંથી રાઈફલોનાં નાળચાં બહાર દેખાયાં. વાનના મશીને ઘરઘરાટ શરૂ કર્યો અને તરત અટકી ગયો, આગલું ટાયર એક ફાટતા ધડાકા સાથે 'ફ્લેટ' થઈ ગયું હતું... કોઈ ડૉક વર્કરની ઉસ્તાદીનું એ પરિણામ હતું.

'ફાયર'—અવાજ આવ્યો. જવાનોની આંગળીઓ સભ્રવાલના અવાજને ઓળખતી હતી. રાઈફલો એક સેકંડમાં 'ડૉક' થઇ અને બે ટ્રીગરો દબાઈ. એક બુલેટ સામેની સરકારી ઑફિસના લાલ પ્લાસ્ટરને ઉખેડી ગઇ. બીજી રેશમી લાલ ઝંડાને ફાડી ગઈ. રેશમી ઝંડો એક પાંખથી ઊડવાની કોશિશ કરતા વજનદાર પક્ષીની જેમ ફફડીને ઝૂકી ગયો. ટોળું ભાગાભાગી કરવા માંડ્યું. અબિદ મન્સૂરી ઝંડાવાળા છોકરાની આગળ ઊભો હતો, એ ઝપાટામાં સરકીને 'ફ્લેટ' થઇ ગએલા ટાયર પાસે સૂઈ ગયો.

ડોગરાએ રાઈફલ ઝૂકાવીને એક બુલેટ ટોળામાં દબાવી દીધી. ઝંડાવાળો છોકરો એક ચિત્કાર કરીને ઝૂક્યો, એના પગ વળ્યા, દબાયા અને કંઈ પણ અવાજ કર્યા વિના એ જોરથી ગબડી ગયો. સડકના પથ્થર સાથે એનું બેહોશ માથું અથડાયું અને ઘામાંથી, નવા ખુલ્લા મૂકેલા બંધમાંથી કાદવવાળું પાણી ફૂટી નીકળે એમ, લોહી ને ફાટેલી બુલેટે બાળી નાખેલી માંસની કાળી કરચો વહી ગયાં. પાસે ભાગતા ટોળાના પગથી દબાઈને તૂટી ગએલી પી-કૅપની કિનારીઓ લાલ થઈ ગઈ અને ઝંડાવાળા છોકરાની લાશના ઝુલ્ફરાળાં વાળમાં એનું લોહી

સપાટામાં સુકાઈને ચોંટી ગયું…

…ઊભા થએલા સત્યવાલે જોયું—ટોળુ ભાગી ગયું હતું. ઘણી ગોળીઓ છૂટી ગઇ હતી. ત્રણ ચાર વકરો ઘાયલ થઈને પડ્યા હતા, કરાહતા હતા. પાછળ રાઈફલ નમાવીને ડોગરા ઊભો હતો…

ઇન્સ્પેક્ટર સત્યવાલે વાયરલેસ-વાનમાંથી લાલબઝાર પોલિસ હેડક્વૉટર્સને 'કૉન્ટેક્ટ' કર્યો. જવાનોએ ઊતરીને વાન અને લાશને કાઙૅન કરી લીધી અને દૂર જમા થતાં ટોળાં દબાયલા શ્વાસે 'તમાશો' જોતાં રહ્યાં.

અબિદ મન્સૂરીએ ઊભા થઇને નજર ફેંકી, સામે સાતસો-આઠસો ડૉક-મજદૂરો બેઠા હતા, ગીધોની જેમ શાંત. તમ્બાઘાટ તરફ હાવડા જ્યૂટ મિલની નવી ડીંઘીઓમાં દબાવીને ખડકેલું કાચું શણ પસાર થઈ રહ્યું હતું. દૂર-દૂર ફૉર્ટ વિલીઅમના વાયરલેસના ઊંચામાં ઊંચા પોસ્ટ પર એક લાલ બત્તી ઝબકવી શરૂ થઇ હતી…અને રસબસતી જવાનીમાં તાજી વિધવા થએલી સ્ત્રીની આંખ જેવો લાલ સૂરજ હુગલી નદીની ઓગળતી સપાટી પર લાલાશ ઢોળતો ડૂબી રહ્યો હતો.

'દોસ્તો, આપણી મહોબ્બત છે પસીનાની…અને બિરાદરી છે લાલ ખૂનની…'

જરાક અટકીને એણે શબ્દોને વહી જવા દીધા. કમર પર ટેકવેલો હાથ આગળ વધ્યો, ગરોળીની લપકતી જીભની જેમ; અને ફાટેલો અવાજ ફરી ગુંજી ઊઠ્યો, '…હા લાલ ખૂનની, કાળા ખૂનની નહીં. તમારી સામે તમારા એક સાથીનું ખૂન કાલે વહી ગયું છે, અબ્દુસ્સલામનું…અને બિરાદરી એક રંગીન અમાનત મૂકી ગઈ છે-તમારી આંખો ભડકી ઊઠે એવી…' અબિદે ડાબા હાથથી ટેબલ પર ગડી કરીને મૂકેલું એક ખમીસ ઊઠાવીને મજદૂરો સામે ખોલી બતાવ્યું. ખમીસ ખિસ્સા ઉપરના ભાગમાં, ખભા પર અને ફાટેલા કૉલર પાસે ચોંટેલા લાલ રંગનું બની ગયું હતું.

'…આ ખમીસ સલામની લાશ પર હતું…'

અબિદ અટકી ગયો. એનો અવાજ ઘેરો થઇ ગયો; ધ્રૂજતા, થરથરાતા શબ્દો ગુસ્સામાં લપેટાયલા, ઝડપથી ફેંકાવા માંડ્યા. બિરાદરીની અને દોસ્તાનાની રંગીન અમાનતે સૂકા ચહેરાઓને 'હિપ્નોટાઈઝ' કરી નાખ્યા હતા.

'માલિકના મુનાફા માટે પસીનો વહાવનાર સલામને શું મળ્યું? દુનિયાએ ભૂખ આપી, સમાજે કરજદાર બનાવી દીધો…અને સરકારે એક બુઢ્ઢીમાની ઠંડી થતી જતી આંખો સામે એક તોફો ફેંક્યો.—ફરજંદનું મૌત!…આ ખમીસ પર સુકાઇ ગએલા ધબ્બા તમારી પાસે દોસ્તાનાની કિંમત માગે છે…'

મીટિંગ ચાલી અને હવા ગરમ થતી ગઇ…છેવટે બે મજદૂરો સલામના ખમીસની ઝોળી બનાવીને ઊભા રહ્યા અને ફંડ ભેગું કરવું શરૂ કર્યું. મજદૂરોએ સિક્કાઓ ફેંકવા માંડ્યા, હમદર્દીથી; ને અબિદ મન્સૂરી એકેક નામ અને આંકડો બોલતો ગયો, 'આઠ આના… રહમાનખાન!'

'ચાર આના…જુલુમધારી સિંગ, વેર હાઉસ નં. ૬.'

'બે રૂપીઆ…સુનિલ કર્મકાર.'

આંકડા બોલાતા ગયા, ચાર આના, આઠ આના, રૂપીઓ, બે રૂપીઆ…અબિદ મન્સૂરીએ ડૉક વર્કર્સ યુનિયનના નેતાના લિહાજથી પાંચ રૂપીઆ લખાવ્યા. ઘણી પરચૂરણ એકઠી થઈ ગઇ હતી…અને ખમીસ પર સુકાઇને ચોંટી ગએલા લોહીમાંથી બિરાદરીની તીવ્ર ખૂશ્બુ ઊઠી રહી હતી…

મીટિંગ બરખાસ્ત થઈ અને રૂપીઆ એક બંધ ડબ્બામાં ભરીને લીડરોને સોંપાઈ ગયા, સલામની માને આપવા.

રાત જામી.

સલામનું ઘર અબિદના ઘરની બાજુમાં જ હતું. આવતે વર્ષે એનાં લગ્ન થવાનાં હતાં અને બુઢ્ઢીએ નારાયણગંજ જિલ્લાના એક માઝીની છોકરી પસંદ પણ કરી રાખી હતી. નામ ખબર ન હતું એ માઝીનું, પણ એ નઝીરના કબીલાનો હતો. અને નઝીર માઝીને હાવડા-શિવપુરનો કયો હોડીવાળો ઓળખતો ન હતો?

અબિદના દિવસભર ઉશ્કેરાતા રહેતા મગજમાં શાંતિ હતી. પેટમાં નિઝામી હોટલની ચીકન બિરયાની હતી, દોપ્યાઝા હતું, ઠંડી રાતને ગરમ કરવા રેડેલી વિલાયતી શરાબ હતી, અને કાનમાં મોટા ઘેરવાળી સ્કર્ટ નચાવતી ગોવાનીઝ છોકરીના હાંફતા સ્વરના પડઘા ડૂબી ગયા હતા…

દોડતી રીક્ષાનો ખડખડાટ વિચારોમાં ખલેલ પહોંચાડતો હતો. અબિદે રીક્ષાવાળાના પાતળા પગ અને હાલતા, તંગ નિતંબની સામે જોઇને એક બગાસું ખાધું. હા, માઝીની છોકરી…એનું શરીર પણ પેલી ગોવાનીઝની જેમ…

અબિદના ખિસ્સામાં ફંડના રૂપીઆ હતા—એકત્રીસ રૂપીઆ છ આના. યુનિયને સલામની માને આપવા સોંપેલા હતા એ રૂપીઆ… સલામ છોકરો હતો મજાનો. બે વર્ષ પહેલાં બાપની ડીંઘી પર કામ કરતો. બાપ મરી ગયો અને કરજ વધી ગયું ત્યારે ડીંઘી વેચીને એ ગોદીમાં કામ કરવા લાગ્યો. થોડો વખત સિલોન ફરી આવેલો એક જહાજમાં, પણ ફાવ્યું નહીં બેટાને. પાછો આવ્યો, લાગવગ લગાડીને …મુકાદમને, દરોગાને કોઈને રિશ્વત આપ્યા વિના જ એને અબિદે ફરી કામે લગાડી દીધો. અબિદ હસ્યો. મઝદૂરને મઝદૂર મદદ કરે એમાં મોટી વાત પણ શું હતી? પણ છોકરો બેવફા નીકળ્યો. ગદ્દારી કરી. યુનિયનની વિરુદ્ધ કામ કરવા લાગ્યો…

રીક્ષાવાળો ઊભો રહ્યો. અબિદના વિચારો તૂટી ગયા. ઘર આવી ગયું હતું. એ પૈસા ચૂકવીને સીધો જ સલામના ઘરમાં ઘૂસ્યો. હવામાં ગમગીની હતી અને માતમ છવાઈ ગયો હતો. બૂટ કાઢીને એ સલામની મા પાસે જઇને બેસી ગયો. સલામની મા અબિદનો પડદો રાખતી ન હતી. ખૂણામાં બેઠેલી ઔરતો વાતો કરતી અટકી ગઈ અને બુરખાની જાળીઓમાથી જોવા માંડી.

'કોણ છે?' સલામની માએ આંખો ઝીણી કરીને પૂછ્યું. એને માત્ર આકૃતિ દેખાતી હતી, ચહેરો સાફ દેખાતો ન હતો.

'હું છું-અબિદ, માં'. અબિદે પાસે ખસીને જવાબ આપ્યો. બન્ને ચૂપ થઈ ગયાં. અબિદ સલામની માની ધોળી થતી ઝીપરીઓ તરફ જોઈ રહ્યો. આંખના ખૂણાઓમાં પાણી ઝૂલી રહ્યું હતુ, એ આંસુ ન હતાં પણ એમાં બધું જ નિચોવાઈ ગયું હતુ-બુઢાપો, કમજોરી, બેબસી, ગરીબી…અને માતૃપ્રેમ.

'તું યે મારો બેટો જ છે, સલામ જેવો', સલામની માએ અબિદના માથા પર હાથ ફેરવતા કહેવા માંડ્યુ…એની આંખોમાં લાચારી તરી આવી. અબિદ જોઈ રહ્યો.

'તેં તો ઘણું યે કર્યું, બેટા. એને નોકરી અપાવી, કામે લગાડ્યો, માણસ બનાવ્યો. સારું થયું મેં એની શાદી ન કરાવી…' બુઢ્ઢીની આંખોમાં ભૂતકાળની ઝાંય આવી ગઈ…'સલામના અબ્બા મરી ગયા ત્યારે કોઈ કોઇએ કહેલું પણ ખરું કે પરણી જા. શા માટે આખી જવાની સૂકવી નાંખે છે? પણ હું સલામને હિંચોળતી અને વિચાર કરતી કે એ મોટો થશે…' બુઢ્ઢી આગળ બોલી શકી નહીં. એના શબ્દો રુદનમાં ડૂબી ગયા અને પાછળથી એક બુરખાવાળી ઔરતે પાસે આવીને એની પીઠ સહલાવવા માંડી.

(અનુસંધાન પૃષ્ઠ ૫૩ પર)



પ્રાણશક્તિ અને ઉન્નત જીવન

જીવનનો આધાર પ્રાણ છે. એ પ્રાણ ઉપરનો જય એટલે જીવનની ઉન્નતિ. અને ઉન્નતિ વિનાનું જીવન તો 'નિષ્પ્રાણ' જ છે. એને 'પ્રાણવાન' કરવાનાં જે સૂચનો અહીં કરાયાં છે તેમાં ગેરલાભને તો સ્થાન જ નથી.

—સાધુરામ દવે—

પ્રાણ એટલે જીવનને ટકાવી રાખનાર મુખ્ય શક્તિ. પ્રાણ ગયો, એટલે ક્ષણ પહેલાંનું જીવંત શરીર મુરદું બની જાય છે. પૌષ્ટિક ખોરાક, ઉમદા માવજત, સ્વચ્છ આબોહવા, ઔષધો, બધું ય બાજુએ રહી જાય છે અને મનુષ્યનો દેહ પડી ગયે પ્રાણ ત્યાંથી પરવારી જાય છે. આ પ્રાણ શું છે અને તે આપણે શી રીતે વધુમાં વધુ પ્રમાણમાં આપણા શરીરમાં દાખલ કરી શકીએ તથા ટકાવી રાખીએ, તે સમજવાનો પ્રયત્ન આ લેખમાં કરીશું.

આપણું શરીર બીજા સર્વ પદાર્થોની પેઠે જ, અણુઓ અને પરમાણુઓનું બનેલું છે. આ અણુઓ હમેશાં બદલાયા કરે છે, અને સતત તથા ત્વરિત હિલચાલથી એકની જગ્યાએ બીજા આવ્યા જ કરે છે. વૈજ્ઞાનિકોએ સાબિત કર્યું છે કે આ અણુઓમાં અપાર શક્તિ અને બળ ઉપરાંત, જીવન પણ છે. નરી આંખે તો ન જ દેખાતા પ્રચંડ આવેગમય આ અણુઓ અને પરમાણુઓ પાછળ જાણે કોઈ દૈવી શક્તિનો દોરીસંચાર લાગે છે. અને એ પ્રાણશક્તિ, વાયુમાં, પાણીમાં, ખોરાકમાં સર્વત્ર વ્યાપેલી છે. આપણા શરીરમાંનો નાનામાં નાનો પરમાણુ, અનંત વિશ્વમાંથી તાજો જ આવેલો છે અને તરત જ પાછો એ જ વિશ્વમાં ચાલ્યો જાય છે; કારણ કે અણુઓ સદા ગતિમાન હોઈ, ક્ષણેક્ષણે બદલાયા જ કરે છે. આજે ખાધેલી શાકભાજી, આપણા શરીરમા લોહી રૂપે પરિણમશે, અને પાછી બીજા જ કોઈ રૂપે બહાર ચાલી જશે. કોઈ પણ વનસ્પતિ ખાધેલું પશુ બીજે દિવસે માંસાહારી માણસનું ભોજન બને, એમાં ખરું જોતાં પેલી વનસ્પતિ જ એ માણસનું ભોજન બને છે. આમ, વસ્તુ તો એક જ હોવા છતાં, આપણે તેની એકતા જોઈ શકતા નથી. આ જ રીતે હમેશાં એકત્વના જ જાણે ફેરફાર થયા કરે છે! તમારું પોતાનું જાણે કશું જ નથી, પરંતુ અનંત શક્તિના અવિરત ધોધમાંથી આપણે ખપે તેટલું મેળવી, ઉપયોગ કરી, પાછું તે અનંત સમુદ્રમાં જ સોંપી દેવાનું છે. એ જ રીતે પ્રાણશક્તિનો ઉપયોગ પણ આપણને ખપે તેટલો કરવાનો છે. તેની ઉપર સર્વની માલિકી છે, અને વિના મૂલ્યે તે મળી શકે છે. તમારે જરૂર હોય તેટલીનો ઉપભોગ કરો. સર્વત્ર વ્યાપેલી એ પ્રાણશક્તિ, એટલે સ્વેચ્છાથી તેનો સદ્‌ઉપયોગ કરી જીવનનો આનંદ માનો.

મનુષ્ય જ્યારે સાચા દિલથી સમજે છે કે આમ સર્વત્ર એકતા જ છે, ત્યારે નિશ્ચે તે આધ્યાત્મિક માર્ગમાં દાખલ થઈ જાય છે, અને એ આધ્યાત્મિક માર્ગ, રોજ-બ-રોજના જીવનમાં તેને ઘણો જ લાભદાયક થઈ પડે છે. આ એકત્વ માણસ જ્યારે સમજે છે ત્યારે, અનંત વિશ્વને સદા ગતિમાન, વિચારવંત અને સ્ફૂર્તિમય માનીને મૃત્યુ જેવી કોઈ ચીજ જ નથી; પરંતુ મૃત્યુ એટલે પૂનર્જીવનની શરૂઆત એવું સમાધાન-પ્રતીતિ, તેને લાધી જાય છે, અને સર્વ જાતના ડરથી પર બની, પરમાનંદમાં શાંતિપૂર્વક વિચરે છે.

અનંત સ્વરૂપમાં એકત્વ માનવાનો અર્થ એ નથી કે આપણી જાતને ઉડાડી દેવાની છે. એથી ઊલટું આપણી જાતની એટલી વિશાળતા રચવાની છે કે સર્વ વસ્તુઓ આપણામાં જ સમાઈ જાય છે. આજુબાજુના જુદા-જુદા પદાર્થો, ઝાડપાન, પ્રાણીઓ, સર્વ પ્રકૃતિ, અનંત અવકાશ, અરે આખું બ્રહ્માંડ એ બધું આપણામાં જ છે અને આપણે એમાં વ્યાપેલા છીએ એવી ભાવના અનુભવવાની છે. આ ઉમદા ભાવાનુભવની સાથે જ, જીવનની તુચ્છ ઇચ્છાઓનો, પામર પોતાપણાનો અને સાંકડા સ્વભાવનો નાશ થાય છે અને આ જંજાળી સંસારની વચ્ચે જ રહીને, ઘરબાર છોડયા વિના જ, પોતાનાં સર્વ વ્યાવહારિક કાર્યો બજાવતા રહેતા છતાં, મનુષ્ય એક જાતનું એવું ઉચ્ચ જીવન જીવી શકે છે કે જેનો આનંદ, સંતોષ અને શાંતિ, તે પોતે જ અનુભવશે એટલું જ નહિ, પરંતુ તેના સમાગમમાં આવનાર હરકોઈ વ્યક્તિને, તે સ્પર્શ્યા વિના નહિ રહે. આ ભાવાનુભવ પછી પૈસો, વૈભવ, આડંબર, એ બધાની ક્ષણભંગુરતાનો એટલો સહજ ખયાલ આવી જાય છે કે પછી તેની અસર, પોતા ઉપર થઈ જ શકતી નથી. જ્યાં અનંત વિશ્વની સાથે એકતા અનુભવી, જ્યાં સર્વ વસ્તુ પોતાની છે યા તો પોતાનામાં જ છે એટલી વિશાળતા સાધી, ત્યાં પછી કોઈ વસ્તુ જુદી ગણાવવાની જરૂર રહે ખરી? આ એકત્વની ભાવનાનો સાચો અનુભવ જાણો અને તેનો અપૂર્વ આનંદ ભોગવો. પોતાની જાતની આ ખરી ઓળખાણથી, માણસ પોતાના શરીર અને મન ઉપર અદ્‌ભુત કાબૂ મેળવે છે અને એ કાબૂ વડે ધાર્યા પરિણામ લાવી શકે છે. માણસની સંકલ્પશક્તિ એથી એટલી તો પ્રબળ બને છે કે એ વડે તે ધ્યાન-ધારણા જેવા કઠિન માર્ગમાં આગળ વધી શકે છે. શરીર અને મન પર આવો કાબૂ મેળવવામાં પ્રાણશક્તિ મુખ્ય ભાગ ભજવે છે.

આપણે ઉપર જોઈ ગયા કે શરીરને ટકાવી રાખનાર મુખ્ય વસ્તુ એ પ્રાણ છે; પણ આ પ્રાણની વ્યાખ્યા, કોઈ હજુ સુધી ચોક્કસ શબ્દમાં કરી શક્યું નથી, તેમજ તે શી વસ્તુ છે તે પ્રયોગશાળામાં કોઇ સાબિત કરી શક્યું નથી; છતાં એક વાત ચોક્કસ છે કે અનંત અવકાશમાં તે સર્વત્ર છે. ઑક્સિજન વાયુ તેનું નજદીકમાં નજદીકનું રૂપ કહી શકાય ખરું, પરંતુ એકલો ઑક્સિજન જ એ પ્રાણ નથી. નરી આંખે તે દેખી શકાતો નથી અથવા કોઈ તેને કાચની નળીમાં પકડી રાખીને યા ભેગો કરીને બતાવી શકે તેમ નથી; છતાં આ પ્રાણવાયુ કોઈ અત્યંત નૈસર્ગિક સુંદર જગ્યાએ વધુ પ્રમાણમાં હોય છે—દાખલા તરીકે નદીકિનારે, જંગલમાં સુંદર ઝરણાં આગળ, સ્વચ્છ દરિયાકિનારે, પીપળાના ઝાડ નીચે, તુલસીના છોડ પાસે કે બીલીના ઝાડના પાનમાં પણ તે સારા પ્રમાણમાં હોય છે. આથી જ કદાચ પીપળાના ઝાડની પ્રદક્ષિણા તેમજ શિવપૂજામાં બીલીનાં પાન ચડાવવાની પ્રથા આપણી પરંપરામાં યોજાઈ હશે. તુલસીના નાના છોડની, પ્રાણદાયક શક્તિનો ખયાલ રાખી, શક્ય હોય તે સૌ પોતાના આંગણામાં તે છોડ વાવશે તો પ્રતીતિ થશે.



બાળક જન્મે છે કે તરત જ એક ઊંડો શ્વાસ ખેંચીને રડવાનું શરૂ કરે છે ને ત્યારના એ પ્રથમ શ્વાસોચ્છ્વાસથી જે શરૂઆત



થઈ, તે આખી જિંદગી સુધી અખંડિત શ્વાસોચ્છ્વાસની હારમાળા રૂપે ચાલુ રહે છે. એ શ્વાસોચ્છ્વાસ એટલે જ જીવંત શરીર. એ શ્વાસોચ્છ્વાસની ક્રિયા જ બહારનો પ્રાણવાયુ શરીરની અંદર ખેંચી, લોહીને શુદ્ધ કરી, રુધિરાભિસરણની ચમત્કારિક ક્રિયા ચાલુ રાખે છે: લોહીની સર્વ ગંદકી એ પ્રાણવાયુ જ સાફ કરે છે; અને જ્યાં સુધી આ કાર્ય સરખી રીતે થાય છે ત્યાં સુધી માણસના ચહેરા ઉપર લાલી અને ઓજસ હોય છે. એ ક્રિયામાં કાંઈક પણ ખામી આવે છે ત્યારે મનુષ્યમાં રોગ પેદા થાય છે; એટલે માણસ જો દીર્ઘ શ્વાસોચ્છ્વાસની સપ્રમાણ અને તાલબદ્ધ ક્રિયા, સમજપૂર્વક ચાલુ રાખ્યા કરે તો તે સર્વથા નીરોગી રહે છે એટલું જ નહિ; પરંતુ પોતાના મન ઉપર પણ અસાધારણ કાબૂ મેળવી, પોતાનાં કાર્યોમાં ઉચ્ચ દૃષ્ટિથી હમેશાં આગળ જ વધતો જાય છે.

વળી શરીરના શક્તિ જેમ પ્રાણવાયુમાંથી તેમ ખોરાક અને પાણીમાંથી પણ આપણે મેળવીએ છીએ, એટલે સાચા ને સત્ત્વપૂર્ણ ખોરાકની મહત્તા આપણે સમજવી જ રહી. શુદ્ધ સ્વચ્છ ને અવિરત વહેતા ઝરણાંનું પાણી, પ્રવાહીઓમાં સારામાં સારી પ્રાણશક્તિ ધરાવે છે.

પ્રાણ એ શક્તિનો પ્રકાર છે, આત્માથી એ નિરાળી વસ્તુ છે. આત્મા જ્યારે શરીરથી જુદો પડે છે ત્યારે પ્રાણ, શરીરના અણુઓ અને પરમાણુઓના હુકમને માન્ય રાખી, દરેક અણુ અને પરમાણુ જુદા પડતાંની સાથે, તેમને જોઇતા પ્રમાણમાં તેમની જોડે ચાલ્યો જાય છે; અને બાકી વધેલો, અનંત વિશ્વના અપાર કોઠારમાં સમાઈ જાય છે કે જ્યાંથી જ તે સર્વત્ર વહેંચાએલો હતો.

આ પ્રાણ દરેક પદાર્થમાં છે, પરંતુ શુદ્ધ હવામાંથી તે આપણને વધુમાં વધુ પ્રમાણમાં મળે છે; અને શ્વાસોચ્છ્વાસની પદ્ધતિસરની તથા તાલબદ્ધ (Rhythmic) ક્રિયાથી તેને આપણે જોઈતા પ્રમાણમાં મેળવી હમેશના ઉપયોગમાં લઇએ, એટલું જ નહિ, પરંતુ કોઇ બૅટરીની પેઠે તેનો સંઘરો પણ કરી શકીએ ને એ રીતે સંઘરેલી પ્રાણશક્તિનો જરૂર પડે ત્યારે ઉપયોગ પણ કરી શકીએ. આ પ્રાણશક્તિ વડે એકલું શારીરિક મહેનતનું જ કામ નહિ, પરંતુ એને આપણા જ્ઞાનતંતુઓ અને મજ્જાતંતુઓ(nervous system)માં સંપૂર્ણરીતે પહોંચાડીને ધારેલું માનસિક કાર્ય, કોઈ પણ જાતના થાક કે ચિંતા વિના કરી શકીએ. તે દ્વારા સંપૂર્ણ શક્તિ, સ્ફૂર્તિ અને શાંતિ મેળવી શકીએ, એટલું જ નહિ પરંતુ, તે જ શક્તિ અને સ્ફૂર્તિનાં આંદોલનો (vibrations) આપણે બીજા માણસોને પણ આપી શકીએ. આને જ 'સ્પર્શરોગનિવારણ' (magnetic healing) કહેવામાં આવે છે.

પ્રાણશક્તિને આપણે સ્ફૂર્તિ, ચેતન યા થનગનાટના રૂપમાં કલ્પીએ તો તેની શક્તિનો કાંઈક ખયાલ આપણને આવી રહે. આપણા અવિરત વિચારો, ચિંતાઓ, અધીરાઈ, ક્રોધ તેમજ એવી બીજી કેટલી યે લાગણીઓથી પ્રાણશક્તિનો નાશ થાય છે. એ ખોટ પૂરવા માટે મુખ્યત્વે આપણે શુદ્ધ હવામાંથી, તાલબદ્ધ શ્વાસોચ્છ્વાસની ક્રિયાથી જ પ્રાણશક્તિ મેળવવી રહી. કેવી રીતે તે હવે આપણે જોઇએ.

આ ક્રિયા દરેક જણ દિવસમાં બે જ વાર, સવારે ભૂખ્યા પેટે ને સાંજે જમતાં પહેલાં અર્ધા કલાકે નિર્મળ સ્વચ્છ હવાવાળા સ્થળમાં, પાંચપાંચ મિનિટ જ જો કરે, તો પણ બસ છે. મુખ્ય વાત એ છે કે આ ક્રિયા ખૂબ જ શાંતિથી, સ્વસ્થતાથી ને કોઇ પણ જાતની ઉતાવળ વિના કરવાની છે.

શાંતિથી ટટ્ટાર ઊભા રહો યા બેસો. કરોડરજ્જુ ટટ્ટાર રહેવાથી જ, પ્રાણ જોઈતા પ્રમાણમાં દરેક મજ્જાતંતુમાં પહોંચી શકે છે. શ્વાસ નાકથી જ લેવાનો છે. સૌથી પહેલાં શ્વાસ પેટના ભાગમાં જવો જોઇએ; એટલે પેટ ઊંચકાઇને જાણે સહેજ આગળ આવશે. પછી ફેફસાંમાં એ શ્વાસ જશે એટલે છાતીનો ભાગ જરા આગળ આવશે.



આમ કરતાં પેટ સંકોચાશે. આ ક્રિયા એક જ અવિરત તાલબદ્ધ રૂપમાં, ખૂબ જ ધીમેથી થાય એ જોવું. ત્યાર બાદ એ શ્વાસ એટલી જ શાંતિથી, ધીમેથી પહેલાં છાતી આગળના ભાગમાંથી, અને છેવટે પેટને સંકોચીને ત્યાંથી બહાર કાઢી નાખવો. આમ કરવાથી છાતી અને તેની નીચેના ભાગના સર્વ અણુ-પરમાણુઓમાં પૂરતો પ્રાણ પ્રવેશશે.

આ શ્વાસ અંદર લેતી વખતે મનમાં ચોક્કસ કલ્પના કરવી કે આ શ્વાસ જ્યારે અંદર જાય છે ત્યારે તેની સાથે ચેતનનો પ્રવેશ થાય છે, મારામા નવજીવન પેદા થાય છે, હું નિત્ય યૌવન પ્રાપ્ત કરું છું; એવી અદ્ભુત આ પ્રાણશક્તિનો પ્રવાહ મારા શરીરમાં દાખલ થઇ રહ્યો છે; વગેરે. તેવી જ રીતે શ્વાસ કાઢતી વેળા પોતાની સર્વ અશુદ્ધિઓ, ત્રુટિઓ, રોગ, આળસ, વિકારો વગેરેને બહાર ધકેલાઇને, ઘસડાઇ જવાતાં કલ્પવાં. આ કલ્પના ખૂબ જ ઉપયોગી છે આ જ વિગત વધારે સારીરીતે સમજવા માટે દરેક વાચકને 'કુમાર'ના ૩૮૦મા અંકમાં પાન ૩૧૨ ૧૩ જોઇ જવા ભલામણ છે.

હવા સિવાય, પ્રાણશક્તિ મેળવવાનું બીજું મુખ્ય સાધન ખાનપાન છે. એટલે સર્વ ખાનપાન સ્વચ્છ સાત્વિક હોવાં જોઇએ એવો આગ્રહ રાખો. ઉપરાંત જ્યારે તમે જમવા બેસો અગર કાંઈ પણ ખાઓપીઓ ત્યારે એ પીરસાએલી થાળી યા રકાબી-પ્યાલા ઉપર, એક કે બે મિનિટ બરાબર એકાગ્રતા અને ધ્યાનથી તે વાનગીઓ ઉપર મીટ માંડી રાખીને કલ્પના કરો કે સુંદર સત્ત્વપૂર્ણ ખોરાકમાં મારે માટેની સર્વ પ્રાણશક્તિ મોજૂદ છે અને તે મારા શરીરમાં જઇને, મને પ્રાણશક્તિથી ભરી દેશે. આ કલ્પના ખૂબ જ એકાગ્રતાથી કરવી. કોઇ પણ પ્રવાહી પીતાં પહેલાં, એક બીજો ખાલી પ્યાલો લઇને, બન્ને પ્યાલામાં તે પ્રવાહીને (પાણી સુદ્ધાં) બે ચાર વાર વારાફરતી રેડો અને કલ્પના કરો કે આ રીતે, હવામાંનો પ્રાણ આ પ્રવાહીમાં દાખલ થઈ, મને પ્રાણશક્તિથી ભરપૂર બનાવશે. આપણી ઊંચેથી પાણી પીવાની પ્રણાલી પાછળ સ્વચ્છતા ઉપરાંત આ પ્રાણશક્તિની પણ કલ્પના હોય તો નવાઈ નહિ. તેવી જ રીતે, સ્નાન કરતાં પહેલાં, નહાવાના પાણીને પણ એક પાત્ર વડે બે ચાર વાર ચેતનવંતું કરી તેમાં પ્રાણશક્તિ ભરી પછી જ સ્નાન કરો.

આપણા શરીરના બહારના અવયવોને કસરત આપવા ઉપર હાલમાં ધ્યાન અપાય છે તે એકલું પૂરતું નથી જ. સાથેસાથે અંદરના અવયવોને પણ જોઈતી હલકી કસરત આપવી જોઇએ. અને તે માટે આસનો ઉપરાંત, આ ઊંડા શ્વાસોચ્છ્વાસની પણ ખૂબ જ જરૂર છે.

આમ તો આ શ્વાસોચ્છ્વાસની ક્રિયાનું એક જુદું જ વિજ્ઞાન છે. તેમાં, પૂરક, કુંભક, રેચક વગેરે ઉત્તમ પ્રાણાયામના જુદાજુદા વિધિઓ છે; પરંતુ યોગ્ય અને સાચા ગુરુની (જે મળવા પણ મુશ્કેલ છે) પ્રત્યક્ષ હાજરીમાં જ તે કરવા યોગ્ય હોઈ અહીં તે આપ્યા નથી. પ્રથમ પગથિયા રૂપે ઉપર બતાવેલી દીર્ઘ શ્વાસોચ્છ્વાસની ક્રિયા જ પૂરતી છે. આ તાલબદ્ધ ક્રિયાથી, પ્રાણ શરીરના ખૂણેખૂણામાં પેસી, સંપૂર્ણ તંદુરસ્તી બક્ષે છે. મન ઉપર પણ તેની ઊંડી અસર હોઇને, મનને કાબૂમાં રાખવામાં તે મુખ્ય ભાગ ભજવે છે; અને મનનો કાબૂ મેળવીને તો માણસ ધાર્યા પરિણામ લાવી શકે છે. એ જ રીતે આ ક્રિયાના પાકા

અભ્યાસ બાદ, શરીરના કોઈ પણ અવયવમાં લોહી ઓછાવત્તા પ્રમાણમાં ધકેલવાનો કાબૂ પણ માણસ મેળવી શકે છે.

ઊંડા શ્વાસોચ્છ્વાસની આ ક્રિયા બાદ, માણસ પ્રાણશક્તિના અપાર સમુદ્રમાંથી જોઈતી શક્તિ ભરી લઇને, એનો સદુપયોગ બીજાઓને રોગમુક્ત કરવામાં, જ્યાં જ્યાં જાય ત્યાં આનંદ ને સ્ફૂર્તિમય વાતાવરણ ફેલાવવામાં, તેમજ દૃઢ અને આશાવાદી વિચારોમાં મસ્ત રહી, એક ઉન્નત જીવનની ભૂમિકા રચી, હમેશાં તેમાં જ ઓતપ્રોત રહી શકે છે. આ ક્રિયા આમ એટલી સાદી જણાય છે કે કોઈ પણ માણસ તેનાં આટલાં સુંદર પરિણામો વિશે શંકા સેવે; પરંતુ એક જ માસના સાચા દિલના અને નિયમિત પ્રયોગ બાદ પોતાનામાં એટલો ફેરફાર જોઈ શકશે કે એથી તમને પોતાને જ આશ્ચર્ય થશે.

મુખ્ય મુદ્દો માત્ર એટલો છે કે પ્રાણશક્તિની કલ્પના પૂરી મનમાં સમજી લઈ, ખૂબ જ શાંતિથી, ઉતાવળ વિના, બિલકુલ થાક લાગવા દીધા સિવાય, સાચા દિલથી, બિલકુલ ધીમેથી, નાક વાટે જ શ્વાસ લેવો, અને તેટલી જ શાંતિથી ધીમેધીમે બહાર કાઢવો. નવરા પડયા હો તો આરામથી સૂઈ, કલ્પના કરો કે આ શરીરમાં સર્વત્ર પ્રાણવાહક નળીઓ વ્યાપેલી છે અને પ્રાણ અવિરતપણે તેમાં વિચરી રહ્યો છે. જે અવયવો પ્રમાણમાં શિથિલ હોય, તેની ઉપર હાથ મૂકી કલ્પના કરો કે પ્રાણ પૂરતા પ્રમાણમાં સંચરી રહ્યો છે, અને તે એવી તાકાત એ અવયવમાં ભરી દેશે કે શિથિલતા હમેશ માટે ચાલી જશે; પણ કલ્પના શાંતિપૂર્વક અને દૃઢપણે કરવાની છે. તેમાં ઉગ્રતા કે ઉતાવળને સ્થાન નથી. શરીરમાં કોઈ પણ જગ્યાએ દુ:ખાવો હોય તો ત્યાં પણ હાથ મૂકી, ચોક્કસ કલ્પના કરો કે શ્વાસ આવે છે ત્યારે, સર્વ દુ:ખ હરનાર રૂઝવનાર શક્તિ આવી પહોંચી છે; અને શ્વાસ બહાર જાય ત્યારે કલ્પના કરો કે આ ઉચ્છ્વાસ સાથે દુ:ખ પણ ચાલ્યું. આ રીતે પાંચેક મિનિટ, શ્વાસ આવતા ને જતાં, ઉપર સૂચના મુજબની દૃઢ કલ્પના એકાગ્રતા અને શાંતિપૂર્વક કરવાથી સચોટ શુભ પરિણામ આવશે જ. માત્ર એટલું ધ્યાનમાં રાખવું કે શરૂઆતમાં એકબે મિનિટની શ્વાસોચ્છ્વાસની ક્રિયા બાદ જ આ કલ્પના કરવી. સમસ્ત વિશ્વની સાથે એકાત્મતા સાધી સર્વત્ર જે તાલબદ્ધ નિયમિત ક્રિયાઓ થઈ રહી છે તેમાં આપણે એકતાનપણે પોતાની જાતને મેળવી એ વિશ્વમાનસ સાથે એકરૂપ થવાની ભાવના આમાં કેળવવી; અને એ ઉચ્ચ ભાવનાને દૃઢ શ્રદ્ધાપૂર્વક અમલમાં મૂકવાથી ફાયદો થાય છે જ.

એ જ પ્રાણશક્તિ આ રીતે આપણામાં પૂરતા પ્રમાણમાં સ્થિત થએલી કલ્પી, પોતાની આંગળીઓ દ્વારા પાણીના પ્યાલામાં જાણે પ્રાણશક્તિનો સંચાર કરતા હોઇએ તેમ સંજ્ઞા કરી, એ પાણી સહેજ અસ્વસ્થ યા દિલગીર મનુષ્યને પાવાથી પણ ફાયદો જોઇ શકાશે. અથવા તો મૃદુ સ્પર્શ દ્વારા સામા માણસને પ્રાણશક્તિનો પ્રવાહ આપી, તેને તાત્કાલિક રાહત આપી શકાય છે, પણ કલ્પના સચોટ હોવી જોઇએ અને સાચા દિલની અને કલ્યાણકામી—શુભ કાર્યો માટેની જ હોવી જોઇએ. શાંતિપૂર્વક એકધ્યાનથી, પ્રાણ પસાર થઈ રહ્યાની કલ્પનાક્રિયા થવી જોઇએ. રોગસ્થ અવયવ ઉપર હાથની છૂટીછૂટી રાખેલી આંગળીઓ અડકાડી, દુ:ખને દૂર ભાગવાનો શાંત, દૃઢ, માનસિક હુકમ મળવો જોઇએ. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે જાતે રોગી એવા મનુષ્ય-સ્પર્શથી રાહત આપવાની આ ક્રિયા ન જ કરી શકે. જેની પાસે પોતાનામાં જ પ્રાણશક્તિ અધૂરી હોય, તે બીજાને શું આપી શકે? માટે પ્રથમ, દરેકે પૂરતી પ્રાણશક્તિ મેળવવાનો સારો અભ્યાસ કરી, પોતાનાં શરીર અને મન ઉપર કાબૂ મેળવવો જોઇએ. એ કાબૂ મળ્યા બાદ જ, અને શુભ કાર્યો માટે જ, પોતાની શક્તિનો ઉપયોગ કરવાથી ધાર્યાં પરિણામો આવી શકે છે. આગળ વધીને, આ જ પ્રાણશક્તિ, દૂરદૂરના માણસોને પણ મોકલી શકાય છે. માત્ર સામો માણસ આ શક્તિને ઝીલવાને તત્પર, શ્રદ્ધાવાન હોવો જોઇએ. તેણે પહેલેથી અમુક વખત નક્કી હોય તો તે વખતે, શુદ્ધ થઈ, આશાવાદી બનીને, આવાં પ્રાણનાં આંદોલનો ઝીલવાને સ્વસ્થપણે તૈયાર રહેવું ને કલ્પના કરવી કે સામેથી જે પ્રાણશક્તિ આવી રહી છે તે મારામાં દાખલ થઇને, મને નિરામય બનાવશે.

કોઈક વાર એમ પણ બને કે આપણને જાણે ખૂબ જ થાક લાગ્યો હોય એવી શિથિલતા આવી જાય છે. ત્યારે પલાંઠી વાળી, ટટ્ટાર બેસી, ડાબો હાથ ડાબા પગના તળિયા ઉપર અને જમણો હાથ જમણા પગના તળિયા ઉપર મૂકો. આમ શરીરનું જાણે એક અવિભાજ્ય પૂરું વર્તુળ બનશે, અને તેમ કરવાથી પ્રાણશક્તિ વેડફાશે નહિ. આથી, થોડા દીર્ઘ શ્વાસ લઈ, ભાવના કરો કે પ્રાણશક્તિ મારામાં બળ અર્પે છે અને આ થાક અને શિથિલતા ચાલી જાય છે. બે પાંચ મિનિટમાં જ અચૂક ફેરફાર જોઈ શકાશે.

આખરે પ્રાણાયામ એ યોગની ક્રિયાઓનું એક અંગ જ છે, અને આ દીર્ઘ શ્વાસોચ્છ્વાસ એ પ્રાણાયામનું સહેલામાં સહેલું પગથિયું છે. એની અપૂર્વ શક્તિ સમજી દરેકે શ્રદ્ધાપૂર્વક કલ્પના કરવાની છે કે આ પ્રાણ પોતાને નવચેતના, દીર્ઘાયુષી જીવન અને સત્ત્વસંશુદ્ધિ બક્ષી રહ્યો છે, અને પોતાનું મન શિવ સંકલ્પવાળું બની રહ્યુ છે. તો આ સાદી ક્રિયાથી પણ માણસ જરૂરી શારીરિક તથા માનસિક શક્તિ પેદા કરી શકે છે અને પોતાની વૃત્તિઓ પર અદ્ભુત કાબૂ મેળવી શકે છે. પ્રાણશક્તિના જાણકારો એટલે સુધી કહે છે કે જો પ્રત્યેક મનુષ્ય પ્રાણની આ શક્તિ સમજી, હમેશાં ટટ્ટાર જ બેસી, ટટ્ટાર જ ચાલી, ઊંડા તાલબદ્ધ શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરતો રહી તેને જીવનમાં ઉતારે તો પોતાની ગુપ્ત શક્તિઓનો એની મેળે એને સાથ મળી તે સર્વ લાગણીઓ ઉપર પ્રભુત્વ મેળવી શકે છે, અને પૃથ્વી પર સ્વર્ગ જેવું સુખ ઉતારી શકે છે.

કોઈ રખે એમ સમજે કે આ લખાણથી કોઇને સંસાર છોડવાની કે સંન્યાસી થઈ જવાની ભલામણ કરવામાં આવી છે. ઊલટું દરેક મનુષ્યે પોતાના સ્થાનમાં જ રહી—'સંસાર શું સરસા રહી' પોતાની સર્વ જવાબદારીઓ સમજપૂર્વક અદા કરવાની છે. માત્ર એ બધા માટે પ્રાણશક્તિની ખૂબ જરૂર હોવાથી, તે આ રીતે મેળવીને સંસારમાં જ તેના ફાયદા ઉઠાવવાના છે. આળસ, શંકા, કે બિનજવાબદારીને આમાં સ્થાન જ નથી. જો ચોક્કસ નિયમપૂર્વક આ સારી ક્રિયાઓ સૌ કરવા માંડે તો પોતાની મેળે આમાંથી ધ્યાન-ધારણા જેવા વિષયોમાં પણ રસ લઈ, ઉન્નત જીવનને માર્ગે જઈ શકાશે.

આ ઉન્નત જીવન શું છે તે હવે આપણે જોઇએ. આ વિશ્વમાં જન્મ્યા છીએ, એટલે આપણી જાત જ મુખ્ય વસ્તુ છે તે ભૂલી જવું જોઇએ. અલબત્ત, શરીર એ આત્માને રહેવાનું મંદિર છે. તે સ્વચ્છ, શુદ્ધ અને નિરામય હોવું જ જોઇએ. પરંતુ અંતે તો આ શરીર પણ આ વિશ્વના અપાર સમુદ્રમાંનું એક ટીપું જ છે; એને જ અમુક માની લેવાની ભૂલ ન થવી જોઇએ. આત્મોન્નતિ માટે શરીરની જરૂર અનિવાર્ય છે. જિંદગીનાં કહેવાતાં સુખો ભોગવવાની પણ કોઈ ના કહેતું નથી; પરંતુ તે સુખ, તમને જ ભોગવતાં ન થઈ જાય તેનો ખયાલ રાખજો. જીવનના આનંદોના ગુલામ નહિ પણ માલિક બનો. તે તમને લલચાવીને ઘસડી જવા ન જોઇએ; પણ તમારા આગળ વધવાના માર્ગમાં તે પગથિયા રૂપ જ છે એમ સમજી તેનો ઉપભોગ કરો. ખરું સુખ અંદર છે, બહાર નથી. શાંત પળોમાં, શક્ય હોય તો કોઈ રમ્ય સ્થળોએ જઈ, થોડી મિનિટો વિચારો કે સાચું સુખ શામાં છે? જેવા તમે આવા ઉન્નત વિચારોમાં ઊતરશો કે તમને અચૂક પ્રેરણા મળશે કે તમારા પોતાનો જ સર્વ ભય, કામ, લાલસા, લોલુપતા, ઈર્ષા, ક્રોધ, અભિમાન

દરેકને પરાજિત કરવાની શક્તિ છે; અને તેને તમે હઠાવી શકશો, એટલું જ નહિ પણ આગળ ઉપર એ આસુરી શક્તિઓ ઉદ્ભવવા પણ નહિ દો.

તમે ધારો છો એટલું અઘરું કાર્ય આ નથી. ખાતરી માટે પ્રયત્ન કરી જુઓ. ઉન્નત માર્ગે જવાનો રસ્તો તો સૌએ સ્વપ્રયત્નથી જ કાપવાનો છે. આવા ઉન્નત માર્ગે જતો મનુષ્ય, ગર્વ તો સમજતો જ નથી. ક્ષણેક્ષણે, આ મહાવિશ્વ અને વિશ્વમાનસમાં પોતાનું અણુનું સ્થાન જ કલ્પી, તે હમેશાં નમ્ર જ રહે છે; પરંતુ સાથેસાથે એ અણુને સંપૂર્ણ કરવાનો તેનો પ્રયત્ન સતત ચાલુ હોય છે.

જીવનસંગ્રામમાં તમે સિપાઈ હો કે સેનાધિપતિ, હમેશાં અખંડ શાંતિ ભોગવો. જીવનનું ધ્યેય ઉચ્ચ છે, એટલે તમારો માર્ગ પર્વતની ટોચ પ્રતિ જ જવો જોઇએ. આત્માનું અમર અસ્તિત્વ સમજીને, પરિણામની પરવા વિના, દઢ પગલે તમારો પથ કાપ્યા જ કરવાનો છે.

માણસ દુઃખથી હમેશાં—અને કેટલીક વાર સુખથી પણ કંટાળે છે. પામર બુદ્ધિ આગળ જોઈ શકતી નહિ હોવાથી માણસ મુંઝાય છે. જ્યારે પોતાનાથી નથી પહોંચાતું ત્યારે લાચારી સાથે મનુષ્ય કોઈ છૂપી શક્તિની મદદ માટે ધા નાખે છે. તેના કરતાં પ્રથમથી જ પોતાની શક્તિ તેમજ મર્યાદા સમજી, દરેક વખતે એકેક પગલું આગળ ભર્યે જાય તો ચિંતા, દુઃખ, નિરાશા, ડર વગેરેને ફગાવી દઈ, પોતાના દૈવી અંશની પ્રતીતિ કરતો તે હમેશાં આગળ વધતો જ રહે છે. આવો જાગૃત થએલો મનુષ્ય આનંદી, દઢ, અભય, નચિંત, અનંતમાં રમનારો ભડવીર થાય છે. બીજા શબ્દોમાં તે યોગી જ બને છે. ટૂંકમાં પ્રાણશક્તિ અને આવા ઉન્નત જીવનને ખૂબ સંબંધ છે. પ્રાણની એ અપાર શક્તિનો ખયાલ, નીચેની ઋગ્વેદની ઋચામાંથી તમે સમજી શકશો.

द्वाविमौ वातौ वात आ सिन्धोरा परावतः।
दक्षं ते अन्य आ वातु परान्यो वातु यद्रपः॥

(ऋ. १०–१३७–२)

'આ બે પ્રકારના વાયુઓ વહે છે, તેમાંનો એક વાયુ સિંધુ અર્થાત્ હૃદય સુધી ચાલ્યો આવે છે; અને બીજો બહારના વાયુમંડળ સુધી ચાલ્યો જાય છે. આમાંનો એક તારે સારુ, બળને તારી અંદર વહી લાવે અને બીજો અંદર જે જે દોષ ને અશુભ હોય તેને બહાર ઘસડી જાય.'

आ वात वाहि भेषजं वि वात वाहि यद्रपः।
त्वं हि विश्वभेषजो देवानां दूत ईयसे॥

(ऋ. १०–१३७–३)

'હે પ્રાણ, મારામાં ઔષધને વહી લાવો, ખેંચી લાવો. અને હે પ્રાણ! મારામાં જે જે દોષ, મલ વગેરે હોય તેમને મારામાંથી બહાર ધકેલી લઈ જાઓ. નિશ્ચે તમે સર્વ ઔષધરૂપ છો, તમે દેવતાઓના દૂત બનીને કાર્ય કરી રહ્યા છો.' ('વૈદિક-વિનય' પાન ૪૮૦, ૪૮૩)

દેવોના વૈદ્ય અશ્વિનીકુમાર કહેવાય છે. તેઓ ખરી રીતે કોણ છે? તેમનું એક નામ 'नासत्यौ' (નાકમાંથી ઉત્પન્ન થનારા) છે. એ નામ જ બતાવી આપે છે કે એ અશ્વિનીકુમાર બીજા કોઈ નહિ પણ શ્વાસ-ઉચ્છ્વાસ અથવા પ્રાણાપાન નામના વાયુઓ જ છે. જો દેવોના વૈદ-રાજ પણ આ પ્રાણવાયુ છે, તો મનુષ્યને તો તે વૈદોના યે વૈદરાજ છે.

પ્રાણશક્તિનું આ અદ્ભુત મહત્ત્વ દરેક જણ સમજે, પ્રાણની શક્તિને હવામાંથી, ખોરાકમાંથી, પ્રવાહીમાંથી યોગ્યરીતે મેળવે, અનંત વિશ્વ અને વિશ્વમાનસ સાથે પોતાનું એકત્વ અનુભવે, શરીર-મન ઉપર કાબૂ મેળવી હમેશનું કાર્ય અભયપૂર્વક, શુદ્ધ માર્ગે, શાંતિથી, આનંદથી, સ્વસ્થતાથી કરે, અપાર શક્તિના અમૃતમય ધોધની અવિરત ધારા પોતા ઉપર પડયા જ કરે છે તે અનુભવે અને દીર્ઘાયુ અને ચિરયુવાન રહી, શિવસંકલ્પવાળો બની ઉન્નત જીવન ભોગવે.

અનુસંધાન] **ન્યૂમોનિયા** [પૃષ્ઠ ૫૪થી

રોગીના નાકમાં રબ્બરની નળી મૂકી પ્રાણવાયુ આપવામાં આવતો. ઈ. સ. ૧૯૩૮થી સલ્ફા ઔષધિઓનો વપરાશ શરૂ થયો. સલ્ફા-પાયરેડિન, સલ્ફા-ડાયેઝિન, સલ્ફા-થાયોઝોલ અને સલ્ફા-મેઝેથિન વાપરવાથી ન્યુમોનિયાની ભયાનકતા ઘણી ઘટી છે. આ પછી બીજા વિશ્વયુદ્ધ પછી પેનિસિલિનનો વપરાશ શરૂ થયો. આ ઔષધથી રોગ ઉપર મહાન વિજય પ્રાપ્ત થયો છે. રોગની મુદત ઘટી છે અને 'માનવના મૃત્યુના નાયક'ની એની પદવી નાશ પામી છે. હવે તે સાધારણ રોગ બની ગયો છે. એનાથી થતા મરણપ્રમાણમાં મોટો ઘટાડો થયો છે.

માનવી સર્વત્ર વિજયી બનવા સરજાએલો છે. એણે દિક્ કાળ માનવશત્રુઓ અને હિંસક પશુઓને વશ કર્યા છે. કુદરતની અચોક્કસતાઓને વશ કરવા સાથે રોગોના પ્રાણઘાતક હુમલાઓને પણ વશ કર્યા છે. એક પછી એક રોગો પર માનવીએ મેળવેલા વિજયનો યશગાથારૂપ ન્યૂમોનિયાની ભયાનકતા ઘટી છે. આજે માણસો લાંબુ જીવતા માલૂમ પડે છે તે પણ રોગો પર મેળવેલા વિજયની સાખ પૂરે છે.

વાયરસ વર્ગનાં જીવાણુઓથી થતો ન્યુમોનિયા પેનિસિલિન કે સલ્ફા-ઔષધિઓને ગાંઠતો નથી. આના માટે ઓરિયોમાયસિન કે ટેરામાયસિન કેપસ્યુલોનો ઉપયોગ સંજીવની ઔષધ જેવો થઈ પડે છે.

અનુસંધાન] **બિરાદરી** [પૃષ્ઠ ૪૯થી

'ખેર માં, દુનિયામાં જે થવું લખાયું છે એ થઇને જ રહે છે. તમે તો સમજદાર છો...' અબિદ બોલતો ગયો. એણે ખિસ્સામાંથી થેલી કાઢીને સલામની માની સામે મૂકી. 'અમારા યુનિયનના માણસોએ એક મીટિંગ ભરી હતી અને એમાં આ રૂપીઆ ભેગા થયા છે એ તમને આપવા આવ્યો છું. બીજું બધું ઠીક છે, ખૂનની બિરાદરી કેમ ભૂલી શકાય?'

બૂઢી ગળગળી થઈ ગઈ. એણે અબિદનો હાથ પકડી લીધો, 'બેટા, તમે લોકો છો એટલે મને સહારો છે...' બૂઢીનાં પછીનાં વાક્યો અબિદે સાભળ્યાં નહીં... એની સામે એકઝબકારામાં હોટલમાં બેઠેલા સાથીઓ આવી ગયા, ફંડના પૈસાથી ખરીદેલા એશ ના બે કલાક આવી ગય અનેછેલ્લી ગણતરી વખતે બાજુમાં બેઠેલા રહાનઅલીએ કહેલા શબ્દ યાદ આવ્યા, 'અબિદ, હવે એકત્રીસ રૂપીઆ છ આના જ રહ્યા છે... ચાલ આપી આવ... બૂઢીને કંઈક તો સહારો જોઇશે...'

અબિદ ઊભો થયો. પીઠ સહલાવતી ઓરતે શરમ છોડીને પૂછ્યું 'કેટલા રૂપીઆ છે?'

'એકત્રીસ રૂપીઆ અને છ આના.'

'ઊભો રહે, બેટા,' બૂઢીએ પ્રયત્નથી કહ્યું. 'હું સલામની મા છું. મારા બેટાના બે હથોડા પડયા છે એ તું લઈ જા. મારે કંઈ જ ઉપયોગના નથી અને સવારે...' બૂઢીએ તકીઆની નીચે હાથ ફેરવીને એક કાગળ કાઢતાં કહ્યું, 'સવારે કોઈ માણસ આ એક ચિઠ્ઠી આપી ગયું હતું. અહીં તો કોઈ વાંચતાં જાણે નહીં... વાંચ જોઇએ, શું લખ્યુ છે?'

અબિદે ચિઠ્ઠી ખોલી, ઉર્દૂ માં લખ્યું હતું:

'તમારો છોકરો કાનૂનની ગોળીનો શિકાર બન્યો છે અને એ કાનૂનનો હાથો બનવાનું મારા કિસ્મતમાં હતું. મને માફ કરી દેશો.

આ સાથે મારો અડધા મહિનાનો પગાર મોકલું છું..... મદદની ભાવનાથી નહીં, એક ઈન્સાનની બિરાદરીની ભાવનાથી...

સલામ.

રૂપલાલ ડેગરા (જમાદાર)
મિલિટરી પોલીસ'

અબિદે બૂઢીની શૂન્ય આંખો પરથી નજર હઠાવી લીધી.

ગઈકાલના બહુવ્યાંપક અને પ્રાણઘાતક રોગોમાંનો એક

ન્યૂમોનિયા

માંદગીનાં મૂળનો ત્રીજો હપતો

લેખક: ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



ન્યૂમોનિયાના જીવાણુઓ →

હવામાંના પ્રાણવાયુ વિના દીવાસળી સળગી ન શકે તેમ આપણે પણ એક મિનિટથી વધારે સમય પ્રાણવાયુ ન મળે તો બેભાન બન્યા વિના ન રહીએ. અઠવાડિયાં પર્યંત ખોરાક વગર ને થોડા દિવસ સુધી પાણી વિના આપણે જીવી શકીએ, પણ પાંચ કે છ મિનિટ સુધી પ્રાણવાયુ ન મળે તો આપણા મગજમાં ઈજા પહોંચી મૃત્યુ આવી પડે છે.

આપણી કામગીરી અનુસાર આપણને પ્રાણવાયુની જરૂર પડે છે. વ્યાયામ, ઉશ્કેરાટ અને તાવ વખતે તેની વધારે જરૂર પડે છે, તો આરામ વખતે તેની થોડી જરૂર પડે છે.

એ તો જાણીતી હકીકત છે કે ફેફસાં વાટે પ્રાણવાયુ શરીરમાં દાખલ થાય છે. આપણા શરીરને ઢાંકતી ચામડી કરતાં ફેફસાં પચ્ચીસ ગણાં મોટાં છે. આઠ ફૂટ ઊંચી અને ચુંવોતેર ફૂટ લાંબી દીવાલને ઢાંકી દે એટલું ફેફસાંનું કદ છે, પણ કુદરતે તેને ગડ વાળીને છાતીમાં એવી સિફતથી ગોઠવ્યાં છે કે તે એક ઘન ફૂટ કરતાં પણ ઓછી જગ્યા રોકે છે. લાખો હવાખાનાંવાળાં ફેફસાં વાદળી જેવાં છે. હવાખાનાં આગળથી પસાર થતી લોહીની નળીઓમાં આવતા લોહીના લાલકણો પ્રાણવાયુ સ્વીકારે છે અને અંગારવાયુ બહાર ફેંકે છે. ફેફસાંમાંથી હવાની આવ-જા શ્વાસનળી અને એમાંથી ફૂટાએલી શ્વાસનલિકાઓ દ્વારા થાય છે. આ શ્વાસનલિકાઓમાં સોજો એ બ્રોન્કાઇટિસ છે, અને હવાખાનાં જેવાં ફેફસાંનો સોજો કે ચેપ એ ન્યુમોનિયા છે.

ન્યુમોનિયા એ બહુ વ્યાપક અને પ્રાણઘાતક રોગોમાંનો એક રોગ છે. વરસે દિવસે હજારોના મરણના કારણરૂપ બનનાર આ રોગને અમેરિકાના ખ્યાતનામ દાક્તર વિલિયમ ઓસલરે 'માણસોના મોતનો નાયક' (Captain of the death of men) તરીકે બિરદાવ્યો છે. જો કે અત્યારે શોધાએલાં રામબાણ ઔષધોથી આ રોગથી થતા મરણપ્રમાણમાં મોટો ઘટાડો થએલો છે, છતાં પણ એ ભયાનક રોગ તો છે જ અને વસતિની ગીચતાના કારણે એનું પ્રમાણ વધતું રહે છે.

જૂના જમાનાથી ચાલ્યા આવતા અને એની વ્યાપકતાને લીધે ન્યુમોનિયા ચેપી રોગ હોવાનું વીસરાઈ ગયું છે, પણ તે બીજા ચેપી રોગોની જેમ ચેપી રોગ છે. ન્યુમોકોકસ બસિલાઈથી આ રોગ પેદા થાય છે પણ સ્ટ્રેપ્ટોકોકાઈ, ઈન્ફ્લુએન્ઝા બસિલાઈ, ટાયફૉઇડ બસિલાઈ જેવા બીજા રોગજીવાણુઓથી પણ આ રોગ થઈ આવે છે.

ન્યુમોનિયાના બે પ્રકાર છે: લોબર ન્યુમોનિયા અને બ્રોન્કો-ન્યુમોનિયા (Broncho-Pneumonia). ન્યુમોકોકસ જીવાણુથી થતો રોગ લોબર ન્યુમોનિયા છે, જ્યારે ટાયફૉઈડ ઈન્ફ્લુએન્ઝા વગેરે રોગો દરમિયાન થતો આ રોગ બ્રોન્કો-ન્યુમોનિયાનું રૂપ પકડે છે. બાળપણમાં તાવ આણતા ઘણા ચેપી રોગોને લીધે બ્રોન્કો-ન્યુમોનિયા થઈ આવે છે. આને આપણે વરાધ નામે ઓળખીએ છીએ. લાંબી માંદગી દરમિયાન શ્વાસમાર્ગને ચેપ લગાડતા કોઈ પણ રોગ વખતે બ્રોન્કો-ન્યુમોનિયા લાગુ પડે છે. વળી માંદગી દરમિયાન રોગીને લાંબા વખત સુધી સીધા પડી રહેવાનું હોય ત્યારે તેને હાઇપોસ્ટેટિક નામનો ન્યુમોનિયા પણ લાગુ પડી જવાના દાખલા બને છે.

ન્યુમોકોકસ જીવાણુઓ આવરણના પડમાં (Capsalb) વાલની દાળ જોડાએલી રહે છે એમ જોડકાંમાં આવેલા હોય છે, તે શરીર બહાર સંવર્ધન પામતાં નથી. ગરમીથી તરત નાશ પામે છે, પણ ઠંડી માફક આવે છે. સુકાએલા ગળફામાં મહિનાઓ પર્યંત વિષભરેલા જીવતા રહે છે.

શિયાળા અને વસંતમાં આ રોગ ખખૂસ થઈ આવે છે. ટાઢથી આ રોગ થઈ આવે છે એવું પણ નથી, છતાં ઠંડક શરદી અને ભીનાશથી શ્વાસમાર્ગ અને ફેફસાંની પ્રતિકારશક્તિ ઘટવાથી આ રોગ થતો હોવાનું સ્વીકારવામાં આવે છે. બીજા રોગોની જેમ ન્યુમોનિયાનો એક હુમલો રોગક્ષમતા આણતો નથી, ઊલટાનો એક હુમલો બીજા હુમલાઓ માટે આમંત્રણરૂપ થઈ પડે છે. આથી એક વાર રોગ થયા પછી બીજી વાર તેનો હુમલો ન આવે એવી સાવચેતી રાખવાની જરૂર છે. અશક્તિ આણનારા રોગો ઉપરાંત શરદી, સખત ઈજા, દારૂનું વ્યસન, હવામાનમાં એકાએક ફેરફાર, પરાયાં દ્રવ્યો, ધૂળ અને દાહ ઉપજાવે એવો ધુમાડો શ્વાસમાં જવાથી, થાક અને વધારે પડતા શ્રમના કારણે–શરીરની પ્રતિકારશક્તિ ઘટવાના કારણે–ન્યુમોનિયા લાગુ પડે છે. જાણવા જેવું છે કે સશક્ત અને સુદૃઢ શરીરવાળાને ન્યુમોનિયા જલદી લાગુ પડે છે.

ટૂંકા રોગસંક્રમણ કાળ પછી રોગીને ઠંડી વાઇને તાવ આવે છે. શરીરની ગરમી ૧૦૩ અંશ ફેરનહાઈટ કે વધારે થાય છે. રોગની ખાસ નિશાની એ કે રોગીને શ્વાસ લેતાં છાતીમાં પીડા થાય છે. વારંવાર ઉધરસ આવે છે. મુશ્કેલીથી ગળફો છૂટે છે. ક્વચિત્ તે લોહીથી ખરડાએલો હોય છે. હૃદયના ધબકારા અને નાડીની સંખ્યા અગાઉના કરતાં બેવડાં બને છે.

રોગ દરમિયાન (કે આ રોગ વગર પણ) ફેફસાં ઉપરના આંતરત્વચાના પડમાં સોજો આવે છે. આને પ્લુરસી (Plurisy) કહે છે. પ્લુરસીની સ્થિતિ આગળ વધતાં ફેફસાં ઉપરના પડમાંથી પ્રવાહી ઝમી ચેપ લાગવાથી છાતીમાં પરૂ થાય છે. આ સ્થિતિ એમ્પાયમા (Empyema) કહેવાય છે.

તાવ ઉધરસ બેચેની હાંફ અનિદ્રા આ બધાં ન્યુમોનિયાનાં ચિહ્નો છે. માંદગીનું ખરું દૃશ્ય ન્યુમોનિયામાં જોવા મળે છે. રોગી આ વખતે ખરેખરો માંદો લાગે છે. અગાઉના વખતમાં ન્યુમોનિયાની માંદગી અઠવાડિયું કે વધારે ચાલતી. જો આ દરમિયાન રોગી જીવી જાય તો આ પછી તાવ એકદમ ઊતરી જતો, પણ રોગીને ઘણી અશક્તિ રહેતી. આ અશક્તિની અસરો જિંદગીભર રહેતી. ઉપરાંત રોગી શ્વાસમાર્ગના રોગોનો વારંવાર ભોગ થઈ પડતો. રોગ દરમિયાન હૃદય ઉપર વિકારી અસરો થતી: ક્વચિત્ તે બંધ પડતાં રોગીનું મરણ થતું. વળી આ રોગથી મેનિનજાઇટિસ (મગજનો સોજો) પણ થઈ આવતો.

ન્યુમોનિયા ભયાનક રોગ છે. વેળાસર ઉપચાર કરવાથી ચોક્કસ આરામ થાય છે. અગાઉ ઉપચારમાં ચેપ મર્યાદિત બને ત્યાં સુધી શરીરની શક્તિ જાળવી રાખવાના પ્રયત્નો થતા હતા. (અનુસંધાન પૃષ્ઠ ૫૩મે)

'અગસ્ત્યને પગલે'ની લેખમાળાનો આગળ હપતો

સિંહપુર

(સિંગાપુર)

લેખક અને ફોટોકલાકાર: **નવનીત પારેખ**

પૂર્વ-એશિયાના નકશા ઉપર માત્ર ઊડતી નજર નાખનારને પણ સિંહપુર(સિંગાપુર)ની ભૌગોલિક અગત્ય સમજાશે. તેને પ્રશાન્તસાગરનું પશ્ચિમ-દ્વાર પણ કહી શકાય. પ્રાગૈતિહાસિક કાળમાં પણ ભારતના વેપારી નાવિકો તેમજ વસાહતીઓ સુમાત્રા તથા મલય-દ્વીપકલ્પને માર્ગે જ પ્રશાન્ત-સાગરમાં પ્રવેશેલા અને જાવા, ચંપા, શ્રલવેષી, કલિમંથન વગેરે પ્રદેશોમાં વિસ્તરેલા. પૂર્વચીન તથા જાપાન સાથેનો સંબંધ પણ આ જ માર્ગે જળવાતો. ચીનથી આવનાર બૌદ્ધ યાત્રીઓ માર્ગમાં સુમાત્રા કે મલયમાં લાંબો સમય રોકાતા અને બૌદ્ધ ધર્મની પ્રાથમિક શિક્ષા અહીં મેળવ્યા પછી જ તથાગતની જન્મભૂમિ ભારત તરફ હંકારી જતા.

ઈ. સ.ના છઠ્ઠા સૈકામાં ઉત્તર સુમાત્રામાં મલયૂ રાજ્ય હતું જેની સત્તા મલય દ્વીપકલ્પ ઉપર પણ હતી; અને તેના ઉપરથી જ આ દ્વીપકલ્પનું નામ મલયૂ પડ્યું. સાતમી સદીમાં દક્ષિણ સુમાત્રામાં શ્રીવિજયનું મહાસામ્રાજ્ય ખીલ્યું અને ઉત્તર સુમાત્રા તેમજ મલય દ્વીપકલ્પ તેના શાસન નીચે આવ્યાં. ઉત્તર મલયૂમાં લિગોર નામના સ્થળે એક સંસ્કૃત શિલાલેખ મળી આવ્યો છે, તેમાં શ્રીવિજયના સમ્રાટનાં યશોગાન ગાતાં જણાવ્યું છે કે ઈ.સ. ૭૭૫માં ત્યાં મહાયાન સંપ્રદાયનો એક મોટો બૌદ્ધ વિહાર બાંધવામાં આવ્યો હતો. એ જ શિલાની બીજી બાજુએ બીજો લેખ કોતરેલો છે જેમાં તે પ્રદેશના જાવાના શૈલેન્દ્ર વંશના મહારાજાનો ઉલ્લેખ છે. મલય-ગાથા 'સેજારહ-મલયૂ'માં લખ્યું છે કે ઈ.સ. અગિયારમી સદીમાં દ્વીપકલ્પના ડીન્ડીન્ગ કાંઠે ગંગા નગર નામનું મોટું શહેર હતું જેના ઉપર પાછળથી દક્ષિણ-ભારતના ચોલ રાજાઓએ વર્ચસ્વ જમાવ્યું હતું.


ઉત્તર-મલયૂમાં આવેલા કેદાહ રાજ્યમાં તો અનેક બૌદ્ધ સ્તૂપો તેમજ હિંદુ મંદિરોના અવશેષો મળી આવ્યા છે. ત્યાંની બુજંગ (ભુજગ) નદીને કાંઠે મળી આવેલા સ્તૂપ ઉપર મહાયાન-સૂત્રો લખેલો પાંચમી સદીનો શિલાલેખ છે. સાતમી અને આઠમી સદીમાં આ જ ભુજંગ નદીને કાંઠે મોટું હિંદુ રાજ્ય પ્રવર્તતું હતું, જેની રાજધાની 'લંકા સુખ' હતી. ત્યાં મળી આવેલાં પ્રાચીન શિવમંદિરો ઉપર પલ્લવ શિલ્પકલા તેમજ સંસ્કૃતિની સ્પષ્ટ છાપ છે. ખોદકામ કરતાં મળી આવેલું એક મંદિર તો આપણા મહાબલિપુરમના સહદેવના રથની જ જાણે પ્રતિકૃતિ લાગે છે. મંદિરોના પાયામાંથી રત્નજડિત સોના રૂપાનાં પૂજા-પાત્રો, કમંડળો વગેરે અવશેષો ઉપરાંત ઘણે સ્થળે ગણપતિની માટીમાં ઢાળેલી પ્રતિમાઓ પણ નીકળી છે. બારમી તથા તેરમી સદીમાં અહીંની વૈભવશાળી રાજધાનીનું નામ 'નગર શ્રી ધર્મરાજ' હતું. તેરમી સદીમાં દ્વીપકલ્પના સૌથી ઉત્તર ભાગમાં વિસ્તરેલા ભવ્ય સામ્રાજ્યનું નામ હતું 'તામ્રલિંગ.' સદીઓ સુધી આ તામ્રલિંગ સામ્રાજ્યનો પ્રભાવ દક્ષિણ શ્યામ (સિયામ) અને ઉત્તર મલયૂ પર પ્રવર્તતો રહ્યો. હાલના સિંગાપુરની નજીક જ આવેલી ફૉર્ટ કૅનિંગની એક ટેકરી ઉપર અસલ કનિંગ રાજાઓનો પ્રાસાદ હતો અને ત્રીસેક વર્ષ ઉપર ત્યાં ખોદકામ થતાં ત્યાંથી ભારતીય બનાવટનાં સુવર્ણનાં આભૂષણો મળી આવ્યાં છે. અરે! એક બાજુ આ શબ્દો ટાંકી રહ્યો છું ત્યારે બીજી બાજુ છાપામાં સમાચાર વાંચું છું કે હમણાં જ—૧૪મી જૂને—મલય વિદ્યાપીઠની પુરાતત્ત્વશાખાએ વાયવ્ય મલયૂના કેદાહ-રાજ્યમાં ઈ.સ.ની ચોથી સદીની એક વિસ્તૃત ભારતીય વસાહતના અવશેષો



સિંગાપુરનો દીર્ઘદર્શી સ્થાપક
સર ટૉમસ સ્ટૅમ્ફર્ડ રૅફલ્સ



સર ટૉમસ સ્ટૅમ્ફર્ડ રૅફલ્સે ઈ. સ. ૧૮૧૯માં જોએલું સિંગાપુર



સિંગાપુરની રાજ્યમુદ્રા



સિંગાપુરમાં જમીનથી અદ્ધર બાંધેલું લાક્ષણિક મલય ઘર

ખોદી કાઢયા છે. તેમાંથી મળી આવેલી બે ફીટ ઊંચી એક માનવની મૂર્તિ વિષે વિદ્યાપીઠના અમેરિકન નિષ્ણાત કહે છે કે અત્યાર સુધી આખા મલયૂમાં મળી આવેલી બધી મૂર્તિઓ કરતાં આ ચડી જાય તેવી છે!

સિંહપુર અથવા સિંગાપુરનું પ્રાચીન નામ 'તેમાસેક' હતું. ઉત્તર સુમાત્રાના વિરાટ શ્રીવિજય સામ્રાજ્યના શાસન નીચે ત્યાં એક નાનું નૌકામથક હતું. શ્રીવિજયની પડતી પછી, પંદરમી સદીમાં સુમાત્રાનો એક રાજકુમાર પરમેશ્વર આ તેમાસેક મુકામે ચાલી આવ્યો ને ત્યાં પોતાની સ્વતંત્ર વસાહત જમાવી. સિંહપુરના નામ વિષે એક લોકવાયકા એવી છે કે પ્રાચીન સમયમાં ભારતના કલિંગ દેશના રાજકુમાર રાજેન્દ્ર ચૌલ પૂર્વ-એશિયામાં દિગ્વિજય અર્થે જતાં માર્ગમાં તેમાસેક પાસે રોકાયા હતા. ત્યાં તેમણે ગરદન ઉપર લાંબા વાળવાળું, કેસરી શરીરનું પ્રાણી જોયું. પુસ્તકોમાં વર્ણવાએલા સિંહ જેવા આ પશુના રહેઠાણનું નામ તેણે 'સિંહપુર' રાખ્યું. આજે પણ મલયૂમાં ભારતના લોકોને 'ઓરાંગ કલિંગ' (કલિંગના વતની) કહે છે.

તેરમી-ચૌદમી સદીમાં મલયૂ તથા ઉતર-સુમાત્રામાં ઇસ્લામનો પગપેસારો થયો અને બસોત્રણસો વર્ષમાં તો હાલના ઈન્ડોનેશિયા તથા મલાયામાં તે પ્રસરી ગયો. તે પછી સોળમી સદીમાં પોર્ટુગલના ફિરંગીઓના કાવાદાવા આ વિસ્તારમાં શરૂ થયા અને તે લૂંટમાં ભાગ પડાવવા ડચ-વલંદાઓનાં ધાડાં પણ પાછળથી જોડાયાં. અંગ્રેજો છેલ્લા આવ્યા, તેથી તેમને ભાગે એકલું મલાયા આવ્યું, જ્યારે આખા ઇન્ડોનેશિયા ઉપર હૉલેન્ડનો ધ્વજ ફરકયો. ઓગણીસમી સદીની શરૂઆતમાં ઈસ્ટ ઇંડિયા કંપનીમાં રૅફ્લ્સ કરીને એક ચતુર ને મહત્ત્વાકાંક્ષી અંગ્રેજ જોડાયો. જાવા-સુમાત્રામાં જામેલા ડચ સામ્રાજ્યની સામે એક મોટું બ્રિટિશ નૌકામથક સ્થાપવા માટે તે અનુકૂળ સ્થળ શોધતો હતો. પ્રાચીન સાહિત્યનો તે અભ્યાસી હોઇ તેને જાણ હતી કે પંદરમા સૈકામાં સિંહપુરમાં કલિંગના રાજાઓનું નૌકામથક હતું. મલયૂ દ્વીપકલ્પની ઉંક ભૂશિર પાસે, મુખ્ય ભૂમિથી એકાદ માઈલ છુટો ષટ્કોણ આકારનો આ ટાપુ તેની દીર્ઘદૃષ્ટિમાં જચી ગયો, અને ત્યાં બ્રિટિશ વસાહત સ્થાપી. માછીમારોની આછી વસ્તીવાળા સાત ટાપુઓ જેમ છેલ્લાં દોઢસો વર્ષમાં મુંબાઈની વૈભવશાળી નગરી બની ગઈ છે, તેમ સિંહપુરનું માછીમારોનું આ ગામડું ઈ.સ. ૧૮૨૪મા અંગ્રેજોના હાથમાં આવ્યા પછી આજના સિંગાપુરનું ધીકતું બંદર બની ગયું છે.

આજે સિંહપુરની વસતિ આશરે બારલાખની ગણાય છે, પરંતુ તેમાંના ૭૭ ટકા તો ચીની જ છે. મલય લોકો કેવળ ૧૨ ટકા ગણાય છે, જ્યારે ભારત તથા પાકિસ્તાનના લોકો આઠ ટકા છે. સિંહપુર પાસે જેમ પૂર્વના વિરાટ, પ્રશાન્ત મહાસાગર તથા પશ્ચિમના આપણા હિંદી મહાસાગરનું મિલન થાય છે, તેમ, તે વિષુવવૃત્તથી એક જ અક્ષાંસ ઉત્તરે આવેલું હોઈ અહીં ઉત્તર-ગોળાર્ધ તેમજ દક્ષિણ-ગોળાર્ધનો પણ મેળાપ થાય છે. વિવિધ જાત તેમજ ધર્મના લોકો અહીં એકઠા મળીને રહે છે. હિંદીઓ ને વિશેષ કરીને ગુજરાતી વેપારીઓ દીપાવલિનો ઉત્સવ ઘર-આંગણે ઊજવતા હોય તેવા ઉત્સાહથી અહીં પણ ઊજવે છે. દીપમાળા અને ફટાકડા ઉપરાંત બેસતા વર્ષે જમણવાર અને પરસ્પર નૂતન વર્ષાભિનંદનની આપલે કરે છે. તમિળનાડના ચેટ્ટીઆરો તેમનો તાઈપુસમ ઊજવે છે, જ્યારે મલય લોકો તેમના બે મુખ્ય ઉત્સવો 'હરિ રાયા પુસા' તથા 'હરિ રાયા હાજી' ઊજવે છે. આ બંને ઉત્સવો તથા તેમનાં નામ ઉપર પણ ભારતીય સંસ્કૃતિની અસર સ્પષ્ટ જણાઇ આવે છે. યુરોપિયનો તથા અન્ય ખ્રિસ્તી વસતિ તેમની ક્રિસ્ટમસ ઊજવે છે ત્યારે ચીની લોકો તેમના નવા વર્ષે તેમના કાગળના મહા-સર્પ(ડ્રેગન)નું સરઘસ કાઢીને તેને શહેરમાં બધે ફેરવે છે.

આજ સુધી આ વિભિન્ન પ્રજાઓ શાન્તિ અને સહકારથી હળીમળીને રહેતી આવી છે, પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી વિજાતીય વૈમનસ્ય જોર પકડતું આવ્યું છે. મલય લોકો સ્વભાવે શાન્ત, વિનયી પરંતુ આરામપ્રિય છે. ચીની લોકો અત્યન્ત મહેનતુ ચતુર ને કુશળ વેપારીઓ છે. તેમનું જીવન પણ સાદું અને કરકસરિયું છે. સિંહપુરમાં જ નહિ પરંતુ મલયૂમાં અન્યત્ર પણ તેમણે ઘણો વેપાર હસ્તગત કર્યો છે. તેમની વસતિ પણ ઝડપથી વધતી જાય છે. આજે મલયૂની કુલ વસતિ સાઠેક લાખની ગણાય છે, તેમાં મલય લોકો ૨૯,૬૭,૦૦૦ છે, જ્યારે ચીની લોકો ૨૨,૮૯,૮૦૦ છે. હિંદીઓ ૭,૧૩,૮૦૦ છે (જેમાં પાકીસ્તાનીઓનો સમાવેશ થઈ જાય છે.) આમ પોતાના જ દેશમાં મલય લોકો સ્પષ્ટ બહુમતીમાં નથી, અને ચીનથી છાનાછપના ઊતરી આવતા વસાહતીઓ મળીને તો થોડાં વર્ષોમાં ચીની વસતિ મલય લોકોની બરોબરી કરતી પણ થઇ જાય!

ભારતના લોકો પણ ઉદ્યમી અને ખંતીલા છે પરંતુ ચીનાઓ જેટલા તો નહિ જ. સિંહપુરના વ્યાપારી ક્ષેત્રમાં—અને તેમાં યે કાપડના વ્યાપારમાં તેમનું વિશિષ્ટ સ્થાન છે. ગુજરાતીઓ જ્યારે જથ્થાબંધ વેપારમાં પડયા છે ત્યારે પંજાબ તથા સિંધના વેપારીઓ મોટા ડિપાર્ટમેન્ટસ્ટોર્સ ચલાવે છે. સ્વાભાવિકરીતે જ મલય લોકો આ પરદેશી વેપારીઓ ખાસ કરીને ચીની લોકો પ્રત્યે કાંઇક ઈર્ષ્યા અને વૈમનસ્યની દૃષ્ટિએ જુએ છે. આજે જ્યારે મલયૂ એક સ્વતંત્ર રાષ્ટ્ર બની રહ્યું છે ત્યારે તેના ભવિષ્યનો મુખ્ય આધાર તેની વિવિધ જાતિઓ વચ્ચેના સદ્ભાવ તથા સુમેળ ઉપર જ નિર્ભર રહેશે.

આ વૈમનસ્યનો એક દુઃખદ પડઘો હું વિમાનમાંથી સિંહપુર ઊતર્યો ત્યારે સમજાયો. વિમાન-મથકે અમને જણાવવામાં આવ્યું કે શહેરમાં એક રમખાણ ફાટી નીકળ્યું છે અને આખા શહેરમાં બાવીસ કલાકનો કર્ફ્યુ છે! ચીની વસતિ જગતભરમાં જ્યાં જ્યાં પણ સ્થાયી થઈ છે ત્યાંત્યાં બધે તેમણે તેમની ભાષા તથા રીતરિવાજો જેમનાં તેમ અકબંધ જાળવી રાખ્યાં છે. અમેરિકામાં પણ શિકાગોમાં શું કે સાન-ફ્રાન્સિસ્કોમાં શું, ચીન દેશનો જ એક ટુકડો 'ચાઇના-ટાઉન' જોવા મળે જ. સિંહપુરમાં પણ ચીની શાળાઓ તેમની રીતનું જ શિક્ષણ આપતી આવી છે અને ઑક્ટોબર માસમાં સરકારે તેવા શિક્ષણ સામે કરેલા એક ફરમાનના વિરોધમાં આ હુલ્લડ શરૂ થયું હતું. કોઈ પણ પળે આ રમખાણ મલય તથા ચીની લોકો વચ્ચેના વિખવાદનું કોમી હુલ્લડ બની જાય તેવો સંભવ હતો.

જોકે અંગ્રેજ અધિકારીઓ તથા ગુરખા સૈનિકોના કડક જાપ્તાથી તથા બાવીસ કલાકના કર્ફ્યુથી બે ત્રણ દિવસમાં શહેરમાં શાન્તિ પાછી તો વળી હતી; પણ મારા માટે તો આ સમાચાર દુઃખદ હતા. સિંહપુર તથા મલયૂમાં મિત્રો સાથે ચારેક દિવસ ખૂબખૂબ ફરીને પછી જાવા-બાલીની યાત્રાએ જવાનો પ્રવાસક્રમ ઘડ્યો હતો ત્યાં આ! બંદૂકધારી પોલીસના રક્ષણ નીચે અમને હોટેલ પર પહોંચાડવામાં આવ્યા. શહેરના મોખરાના સ્થળે આવેલી એ 'ઍડેલ્ફી' હોટેલના સ્વિસ મૅનેજર શ્રી ગૅલર પણ ભારતીય તત્ત્વજ્ઞાન તથા સંસ્કૃતિના અભ્યાસી નીકળ્યા; એટલે કર્ફ્યુના લાંબા સમય દરમ્યાન આ ગૅલર દંપતી, ન્યૂઝીલૅન્ડ સરકારના અધિકારી શ્રી ફૅન્ટન તથા એક અંગ્રેજ મિત્ર શ્રી વિલ્સન સાથે દુનિયાના વિવિધ ધર્મોનાં દૃષ્ટિબિંદુઓ, શાકાહારીપણું, ભૂદાન, 'સફેદ-ઑસ્ટ્રેલિયા'-નીતિ તથા આંતર-રાષ્ટ્રીય બંધુત્વ વિષે તડાકા માર્યા.


ત્રીજે દિવસે કર્ફ્યુ ખૂલી જતાં ચીની મિત્ર શ્રી "લોક વાન થો' મળ્યા. તેઓ સિંહપુરના સૌથી પ્રતિષ્ઠિત ચીની વ્યાપારી છે અને આખા સિંહપુરના સૌથી ભવ્ય મકાન કૅથે બિલ્ડિંગ તથા સિનેમાના માલિક છે. અમારી 'હિમાલયન્ ક્લબ' સભ્ય હોવાને નાતે મિત્ર થતા હતા. પક્ષીશાસ્ત્ર(ઑર્નિથૉલૉજી)ના ઊંડા અભ્યાસી છે અને આપણા કચ્છ, રાજસ્થાન તથા સિક્કીમમાં ઘણું ફરેલા છે.

સિંહપુરનાં આકર્ષક સ્થળોમાં દક્ષિણ ભારતના ચેટ્ટીઆરોએ બાંધેલું દ્રવિડ શૈલીનું સામાન્ય મંદિર, તથા શહેર બહાર આવેલો હૉંગકૉંગ જેવો જ ઢંગધડા વગરનો ટાઈગર બામ-પાર્ક છે.

હૅા-પાર-વિલા(ટાઈગર બામ-પાર્ક)થી અમે ગૅપ (gap) પર આવતાં એ નાની શાન્ત રમણીય ટેકરી પરથી સિંહપુરનું સુંદર દૃશ્ય જોવા મળ્યું. સિંહપુર ટાપુ મલય દ્વીપકલ્પથી જરાક છૂટો છે. સામે કાંઠે જોહોર-રાજ્ય આવેલું છે અને સિંહપુરને એ મુખ્ય-ભૂમિ સાથે જોડવા માટે ૩૩૮૦ ફીટ લાંબો માર્ગ કૉઝ-વે બાંધેલો છે જેના ઉપર મોટર-રસ્તો, રેલવે-લાઇન તેમજ સિંહપુર શહેરને પાણી પૂરું પાડવા માટેના મોટા પાઈપ પણ નાખેલા છે. વાહન-વ્યવહાર સતત ચાલુ હતો. ખાડી ઓળંગીને અમે જોહોર-રાજ્યમાં પ્રવેશ કર્યો. કાંઠા ઉપર રાજ્યનું મુખ્ય શહેર જોહોર-બારુ વિકસેલું છે. ગામ વચ્ચે આવેલું રાજ્યનું સચિવાલય તથા સુલતાનનો મહેલ આવેલો છે. સુલતાનના બાગમાં ચક્કર મારીને અમે અબુ-બક્ર મસ્જિદ પર આવ્યા. લોક વાન થોના મલય શોફર કાદરે જણાવ્યું કે જોહોર સુલતાનની આ મસ્જિદ આખા રાજ્યમાં સૌથી મોટી છે.

અબુ-બક્ર મસ્જિદનું સ્થાપત્ય પશ્ચિમ-એશિયાની મસ્જિદો કરતાં જુદું હતું. પહેલી નજરે તો આ સુલતાનનો મહેલ છે કે મસ્જિદ તે જ

'જુઓ ('કુમાર' અંક ૪૧૦)



જોહોરબારુના રાજ્યના સુલતાનની સૌથી મોટી અબુબક્ર મસ્જિદ

ન સમજાય. મધ્યના મોટા, નમાઝ પઢવાના સભાગૃહ ઉપર ગોળ ગુંબજને સ્થાને મોટું, સાદું છાપરું જ હતું. તેની ચાર દિશાએ એકએક પહોળો મિનારો હતો, પરંતુ આ મિનારાઓ સાવ પાશ્ચિમાત્ય ઢબે બાંધેલા હતા અને નવા આગંતુકને આ ઇમારત એક મસ્જિદ છે તેની ગમ ભાગ્યે જ પડે. પગરખાં કાઢીને અમે અંદર દાખલ થયા. નમાઝ-ખાનાને છેડે ઈમામ કે મૌલવીને બેસવા માટે મોટું પિત્તળનું સિંહાસન હતું અને છત ઉપરથી ત્રણ ચાર ઝુમ્મરો લટકતાં હતાં. નીચે પાથરેલી મોટી જાજમ ઉપર અમારો શોફર કાદર ઘૂંટણે પડીને ધીમેથી કુરાને શરીફના કલમા પઢવા લાગ્યા: 'ला इलाहि इल्लला महम्मद रसूल्लला' અમે પણ શાંત ચિત્તે તે એક માત્ર સર્વવ્યાપી તત્ત્વ અલ્લાહ કે ઈશ્વરની બંદગી કરી. एको सत् विप्राः बहुधा वदन्ति।

જોહોરબારુમાં થોડાં જાહેર મકાનો ઉપરાંત ચીડીઆખાનું તથા આસપાસના મલય લોકોનાં લાક્ષણિક ઘર જોવા મળ્યાં. સતત વરસાદવાળા અગ્નિ એશિયાના વિસ્તારોમાં ઘણાંખરાં ઘર ચાર-પાંચ ફીટ ઊંચા લાકડાના થાંભલા ઉપર અદ્ધર બાંધવામાં આવે છે. તેનાથી પાણીનાં ખાબોચિયાં તથા કાદવ-કીચડથી બચી જવાય છે. ઘરની દીવાલો પણ લાકડાની જ, પરંતુ હવે છાપરાં ઘણી વાર પતરાંનાં બનાવે છે અને વિષુવવૃત્તના તાપથી બચવા ઉપર જાડું ઘાસ પાથરે છે.

મલાયાનાં સંયુક્ત રાજ્યો મળીને હવે ૫૦ હજાર ચોરસ માઇલનું મલયૂનું એક સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું છે. તેનું નામ पर्सेकुतवम् तनः मेलयु રખાયું છે. નવ રાજ્યોના આ સમૂહના રાષ્ટ્રપતિ તેના રાજા ગણાશે, જે સ્થાને દર પાંચ વર્ષે એનાં નવ રાજ્યોના સુલતાનોમાંથી સૌથી પ્રૌઢ સુલતાન વારાફરતી આવશે. આ રાષ્ટ્રપતિ 'यम दि पर्त्वंम् अगोङ्ग' કહેવાશે. પ્રથમ રાષ્ટ્રપતિ નગરી-સેમ્બીલનના સુલતાન નિમાયા છે. મલયૂના પ્રધાન-મંત્રી ત્યાંના લોકપ્રિય નેતા ટેન્કૂ અબ્દુલ રહેમાન છે. તેમનું પ્રધાનમંડળ 'જુમાહ-મંત્રી' સો સભ્યોની લોકસભા 'દીવાન-રૈયત', અને ૩૮ સભ્યોની રાજ્યસભા 'દીવાન-નગર' કહેવાશે.

જોહોર રાજ્યમાં ફરીને અમે સિંહપુર પાછા ફર્યા. ધનતેરશનો દિવસ હોઈ સિંહપુરના ગુજરાતી વેપારી-મિત્ર શ્રી ઉત્તમરામને ત્યાં કંસારનું ભોજન તથા બીજા ઘણા હિંદી વ્યાપારીઓને મળવાની તક મળી. સિંહપુરમાં ભારત-નાટ્યમ્ તથા કથકલિના નૃત્ય-વર્ગો ચલાવતા શ્રી ભાસ્કર તથા તેમનાં પત્ની મળ્યાં.

ચાર દિવસના ચાંદરણાંની જેમ આ સિંહપુરના નિવાસના ચાર દિવસો પણ વ્યતીત થઈ ગયા અને ધનતેરશની રાત્રે જ મલયૂ છોડીને જાવા જવા નીકળ્યો.

(ચાલુ)



પાનાંની રમત

[૩] કાળીની રાણી કે મોંઘી રાણી

લેખક
સાધુરામ દવે

'કુમાર'ના સપ્ટેમ્બરના અંકમાં, આપણે સરખાજી વિષે જોઇ ગયા અને નવેમ્બરમાં ટ્રિમ વિષે.હવે આપણે કાળીની રાણીની રમત જોઇએ. આ રમત આપણે ત્યાં ઓછા પ્રમાણમાં રમાય છે, પરંતુ રમત મઝાની છે અને આઠ દસ વાર રમ્યા બાદ તેની સુંદરતા અને નવીનતાનો ખયાલ આવશે. આ રમતને અંગ્રેજીમાં 'કૉસ્ટલી ક્વીન' (Costly Queen-મોંઘી રાણી) કે 'બ્લૅક લેડી' (Black Lady-કાળી રાણી) કહેવાય છે.

પત્તાંની એક જોડ લેવાની. આ રમતમાં ભિલ્લુઓ નથી. દરેક જણ પોતાની અંગત જ રમત રમે છે. સામાન્ય રીતે ચાર જણ રમે, પાંચ જણ પણ રમી શકે; પણ ત્રણ જણમાં રમવાની મઝા નથી જ.

પાનાંની જોડ ઊંધી રાખી હલકામાં હલકું પત્તું ખેંચનાર પાનાં ચીપે; તેની જમણી બાજુનો ખેલાડી પત્તાં કાપે. ત્યાર બાદ ડાબી બાજુના રમનારને એક પાનું આપી, દરેક ખેલાડીને એક એક પત્તું આપ્યા જ જવાનું. ઘડિયાળના આંકડાનો ક્રમ હમેશાં યાદ રાખો—રમત રમવા માટે તેમજ પાનાં વહેંચવા માટે. વધુમાં અહીં એક એક જ પાનું વહેંચવાનું. આમ તેર વાર વહેંચતાં, દરેકને ૧૩ પાનાં આવી જશે. આવી રીતે ૧૩ પાનાં વહેંચાયા બાદ, દરેક જણ પોતાનાં તેર પાનાંમાંથી, મનફાવતાં ચાર પાનાં કાઢી, પોતાની આગળ ઊંધાં જ મૂકી રાખે. દરેક રમનાર આમ ચાર પાન જુદાં મૂકી રહ્યા બાદ, તે પાન પોતાના ડાબા હાથના ખેલાડીને આપી દે, એટલે દક્ષિણનાં ચાર પત્તાં પશ્ચિમને, પશ્ચિમનાં ઉત્તરને, ઉત્તરનાં પૂર્વને અને પૂર્વનાં ચાર પાનાં દક્ષિણને મળશે. આમ પાછાં બધાંની પાસે તેર પાનાં થઇ ગયાં. મુખ્ય બાબત એ છે કે પહેલાં વહેંચાએલાં ૧૩ પત્તાંમાંથી મનગમતાં ચાર પાનાં અલગ કરી પોતાના ડાબા હાથના ખેલાડીને આપવાનાં છે—બીજાનાં પાનાં આવ્યાં બાદ નહિ. આમ દરેકની પાસે ૧૩ પત્તાં થઈ જતાં, રમત શરૂ થાય.

આ રમત સરખાજીના જ સિદ્ધાંત ઉપર રમાય છે. તમારામાં જ્યારે કોઇ ભાત ન હોય ત્યારે જ તમે મનફાવતું પાન તેમાં ફિશ તરીકે નાખી શકો. એક્કો સૌથી ભારે અને દુરી સૌથી હલકી. આ રમતમાં હમેશાં લાલનાં જ પાન કિંમતવાળાં સમજી લેવાં.લાલની દુરીના ૨ અંક,તીરીના ત્રણ અંક, ચોક્કાના ચાર એમ ગણતા જ જવાનું—પછી દસ્સાના દસ, ગુલામના ૧૧, રાણીના ૧૨, બાદશાહ યા રાજાના ૧૩ અને એક્કાના ૧૪. આમ લાલની જ ભાતના બધાં પત્તાંના મળીને અંક ૧૦૪ થાય. હવે એમાં કાળીની રાણીના ૨૫ અંક ઉમેરો. એટલે આ એક રમતના કુલ અંક ૧૨૯ થયા. કાળીની રાણીના વધારેમાં વધારે અંક એટલે આ રમતનું નામ પણ તેના ઉપરથી જ પડયું છે. એટલે જ એ કિંમતી રાણી થઇ પડી! આમ લાલનાં બધાં પાનાં, વત્તાં કાળીની માત્ર રાણી એમ કુલ ૧૪ પાનાંની કિંમત આ રમતમાં ગણાઇ. બાકીનાં બધાં ૩૮ પાનાં અંક યા માર્કસ વિનાનાં સમજી લેવાં.

ફરીથી સમજી લો. રમત રચાઈ છે સરખાજીના સિદ્ધાંત ઉપર. ચીપનાર રમત અહીં શરૂ કરે, અને ગમે તે ભાત ઊતરે તે ભાતનું પાનું તમારી પાસે ન હોય તો, મનફાવતું પાનું તેમાં નાખો. એ હાથમાં, પહેલી રમાએલી ભાતનું, ભારેમાં ભારે પાનું જેનું પડે, તેનો તે હાથ થયો સમજવો. તે હાથ તે પોતાના આગળ ભેગો કરે અને વ્યવસ્થિત રાખી મૂકે. જેનો હાથ આવ્યો હોય તે તે પછીની રમત શરૂ કરે. આમ ૧૩ હાથ પૂરા થઇ જતા સુધી રમત ચાલ્યા કરે. જેની પાસે ઓછામાં ઓછા અંક થાય તે રમત જીત્યો ગણાય. યાદ રાખો કે લાલનાં બધાં પાન અને કાળીની રાણીના જ અંક ગણવાના છે. એટલે અહીં રમત એવી રમવાની કે ચોકટ઼ી કે ફુલ્લીનાં પાન અને કાળીનાં રાણી સિવાયનાં પાન ભલે આપણી પાસે ગમે તેટલાં ભેગાં થાય, પરંતુ લાલનાં પાન અને કાળીની રાણીને દૂર જ રાખવી.

હવે ઉપર જણાવ્યા મુજબ જે ચાર પાનાં આપણે રમત શરૂ કર્યા પહેલાં આપણી ડાબી તરફના રમનારને આપવાનાં તેની મઝા તમે સમજી શકશો. લાલનો A, K યા કાળીનો A, K તો બનતા સુધી કાઢી જ નાખવા. આપણામાં ચોકડી યા ફુલ્લીનાં બે ત્રણ જ ભારે પાન હોય તો તેમને પણ વિદાયમાન આપવું! કારણકે આપણામાં જ્યારે રમાએલી ભાત ન હોય ત્યારે આપણે મનફાવતું પત્તું નાખી શકીએ અને તે વખતે આપણી પાસેનાં લાલનાં ભારે પાન યા કાળીની સુંદર રાણીને આપણે પધરાવી શકીએ! દસ્સાથી નીચેનું પાનું ન છૂટકે જ આપવું. બનતા સુધી ભારેમાં ભારે પાન જ એ ચાર પાનામાં, ડાબી બાજુના ખેલાડીને સરકાવવાં. કાળીની કિંમતી રાણીને પણ આપણે એ ચાર પાનમાં કાઢી શકીએ. તમે બે ચાર દિવસ આ રમત રમ્યા બાદ, તેને જુદી જુદી પદ્ધતિએ રમવાની યોજના વિચારી શકશો. હું જ્યારે આ રમત રમું છું ત્યારે મારામાં જો કાળીની રાણી હોય તો, સામાન્ય રીતે તે બીજાને નથી આપતો. જો કે એ યોજના માટે કાળીનાં ગુલામ યા તેથી નીચેનાં બીજાં ત્રણ પત્તાં મારી પાસે હોવાં જોઇએ. ઓછામાં ઓછાં બે તો ખરાં જ. પછીથી રમતમાં સાચવીને તે રાણીને બીજાને વળગાડી દેવાની! કાળીના A, K બે જ આપણામાં હોય તો ચોક્કસ બીજાને આપી જ દેવા; પરંતુ કાળીના ગુલામથી હલકાં પાનાં હોય તો તે ચોક્કસ સાચવવાં.

લાલનાં પાનાંના અંક ગણવાના છે, પણ ખાસ યાદ રાખો કે લાલ સર નથી. આ રમતમાં કોઈ પણ ભાત સર નથી. જે ભાત જ્યારે રમાય ત્યારે તે ઊતર પૂરતી તે જ ભાતને સર સમજી લેવી. એટલે કે દરેક ઊતરમાં પહેલું ઉતરાએલું પાનું, તે હાથ પૂરતું સર જ બની જાય છે. તે ઉતરાએલી ભાતનું પાનું જેનું ભારેમાં ભારે હોય તેનો તે હાથ સમજવો. દા. ત. દક્ષિણ ♣ 10, પશ્ચિમ ♣ K, ઉત્તર ♥A અને પૂર્વ ♦ A એમ રમે તો હાથ પશ્ચિમનો થયો, અને તે હાથ તેણે પોતાની આગળ રાખવાનો તેને આ હાથમાં ♥ A ના ૧૪ અંક ચઢયા. બાકીનાં પાનાંની કિંમત નથી. પહેલું પાનું દક્ષિણ ફુલ્લીનું રમેલ. એ હાથ પૂરતું જે કોઇ ફુલ્લીનું ભારેમાં ભારે પાનું નાખે તેનો તે હાથ થાય; તે હાથ પશ્ચિમનો થયો. જો બીજા કોઈનામાં ફુલ્લીનું પાનું ન હોત તો પ્રથમ રમનારનો જ તે હાથ ગણાત. એટલે અહીં પ્રથમ ઉતરાએલું 'ફુલ્લીનું પાનું' તે હાથ પૂરતા સર ફુલ્લીના જ એમ આપણને સમજાવે

છે. આ ઊતરમાં એમ પણ નક્કી થયું કે ઉત્તર અને પૂર્વ પાસે કુલ્લી નથી. દરેક હાથમાં ચારેય રમનારાઓએ પાનાં તો નાખવાનાં જ. આમ જેનો હાથ થયો હોય (ઉપરના દાખલામાં પશ્ચિમનો) તે, ત્યાર બાદ પોતાને મનગમતી ઊતર કરે.

આ રમતમાં ખૂબી એ છે કે પોતાના અંક યા માર્કસ ઓછામાં ઓછા થવા જોઇએ. એ ગણતરીથી જ એ શરૂના ચાર પાનાં બીજાને આપવાનો. એ ચાર પાનાં, ડાબા હાથના રમનાર પાસે છે એ યાદ રાખીને આપણે રમત રમવી. એ માહિતી આપણા ઉપયોગની છે. એ જ રીતે આપણી પાસે આવેલ ચાર પાનાંની દક્ષિણના ખેલાડીને ખબર છે જ. તેર પાનની વહેંચણી દરેક ભાતની સપ્રમાણ રહેતી નથી, એટલે કે સામાન્ય રીતે ૪,૩,૩,૩ એમ ચારેય ભાતનાં ૫ ત્તની વહેંચણી ફક્ત ૧૦ટકા જ હોય છે.એટલે દરેક ભાતની ત્રીજી ઊતર સામાન્ય રીતે ભયજનક રહેવાની. કોઇ પણ તેમાં ફિશ છોડશે યા કિમતી રાણી કે લાલનો A કે K પધરાવવાનો. માટે કુલ્લી યા ચોકડીનાં ભારે પાન હોય તો પહેલી જ બે ઊતરમાં તે કાઢી નાખવાની કોશિશ કરવી.

શરૂની જ ઊતર, લાલના સત્તા યા તેથી હલકા પાનની પણ ઉપયોગી થઈ પડશે. લાલનાં ભારે પાન તેમાં નીકળી જવા સંભવ છે યા તો બીજા બધા જો તેથી પણ હલકાં પાન તેમાં નાખે તો ૧૫-૨૦ આંકથી વધુ આપણને ન મળે. પણ ફરીથી કદાચ લાલનો 8 આપણી પાસે હોય તો બેધડક રમી શકીએ. પરતુ લાલનો A અને 7 જ ધારો કે તમારામાં હોય તો લાલની ઊતર તમે ન જ કરી શકો. તેવી જ રીતે કાળીનાં ચારેક પત્તા તમારી પાસે હોય તો કાળીનો J કે 10ની ઊતર કરવી સારી. સામાન્ય રીતે કાળીની Q આ બે ઊતરમાં તો નીકળી જવાની, એટલે આપણને પાછળથી ૨૫ આંક ચોટે નહિ!

રમત રમવાનો સામાન્ય વ્યૂહરો અહીં બતાવ્યો છે. દરેક શક્યતાઓ અહીં ચચવી મુશ્કેલ છે. તમે આઠ-દસ વાર આ રમત રમશો એટલે દરેકને પોતાની આવડત મુજબ, રમત રમવાની જુદી જુદી રીતો જડતી જશે ને ચોક્કસ મઝા આવશે. કંટાળીને એક દિવસમાં કોઈ એ છોડી ન દે. તેની મઝા એ ચાર છ વાર બરાબર રમાયા બાદ જ સમજાશે.

એક કાગળ પેન્સિલ લઈ આ થએલા માર્કસ દરેકના નામ આગળ લખતા જવા. બીજી બાજી વખતે તે ફરીથી પહેલાંના અંકમાં ઉમેરીને લખવા. આમ જ્યારે કોઈ એક રમનારના ૩૦૦ આંક થઈ જાય ત્યારે એક રમત પૂરી થઈ સમજવી. ત્રણસો આંક જેના થઈ ગયા તે હાર્યો અને તે વખતે જેના ઓછામાં ઓછા આંક હોય તે જીત્યો ગણાય. ત્યાર બાદ નવેસરથી આ રમત શરૂ કરવી. માર્કસ આમ લખી શકાય.

અ ૮૯ આમાં તમે જોઈ શકયા કે એક રમતનો કુલ સરવાળો
વ ૧૨ ૧૨૯ થયો. આ રમત પૂરતો અ હાર્યો અને ડ જીત્યો.
ક ૨૫ હવે ૩૦૦ આંક કોઇના પણ થતા સુધી આ રમત
ડ ૩ ચાલુ રહેશે. બીજી બાજીમાં ધારો કે અ ના ૦, વના
સરવાળો ૧૨૯ ૩૫, કના ૪ અને ડના ૯૦ થયા (ફરી પાછો એ રમતનો સરવાળો ૧૨૯ જ થયો) તો ઉલ્લો સરવાળો અ ૮૯, વ ૪૭, ક ૨૯, અને ડ ૯૩ એમ ૨૫૮નો થયો. આમ કોઈ પણ એક ખેલાડીના ૩૦૦ આંક થતા સુધી રમત ચાલ્યા જ કરે. દરેક બાજીનો સરવાળો ૧૨૯ થાય છે તે બરાબર ગણી લેવું.

આ રમતમાં બિસ્સુઓ નથી. ચીપ વારાફરતી આવ્યા કરે પાનું એક એક કરીને જ વહેંચાય તે બરાબર ધ્યાન રાખો.

આ રમત સહેલી તેમજ અઘરી નથી, પરંતુ સરબાજી અને બ્રિમની વચ્ચે નવીનતા લાવનારી ચોક્કસ છે. દરેક ભાતનાં પાનાંનો ખયાલ રાખવો જરૂરી છે. તમે જો ખાસ કરીને ગણતરી રાખશો તો કેટલીક વાર એવી પરિસ્થિતિ હોય છે કે દાખલા તરીકે કાળીનાં ૧૧ પત્તાં નીકળી ગયાં હોય અને ફક્ત કાળીની Q અને K જ બાકી હોય અને તમારામાં કાળીની Q હોય તો તમારી ઊતર વખતે તમે બેધડક કાળીની એ કિમંતી Q રમો. કોઇનો K તો પડવાનો જ છે એટલે તે K રમનારનો તે હાથ થવાનો અને કાળીની Qના ૨૫ અને લાલના બીજા ૧૫, ૨૦ આંક-એમ એક જ હાથમાં તે ભાઈ યા બહેન કદાચ ૪૦ ૪૫ આંક ભેગા કરી લે!

જ્યારે પાંચ જણ આ રમત રમે ત્યારે કુલ્લી અને ચોકડીની દૂરીને કાઢી નાખવી, એટલે દરેકને ભાગે દસદસ પાન જ આવશે. વધુમાં ચાર પાનને બદલે, ત્રણ જ પાન અલગ કરીને જોડેવાળાને આપવાનાં. આટલા ફેરફાર સિવાય, રમત ઉપર પ્રમાણે જ સમજી લેવી.

આ 'કાળીની રાણી'નો લેખ, દરેક જણ ફરી વાર ધ્યાનથી વાંચીને રમતના મુખ્ય મુદ્દા અને નિયમ બરાબર સમજી લે. આપણી બાજુ આ રમત બહુ પ્રચલિત નહિ હોવાથી, ચારે ય રમનાર, પહેલી બે પાંચ મિનિટમાં આના નિયમો એક બીજાને ધ્યાનથી સમજાવે. યા એક બીજા પાસે સમજી લે ને પહેલી બે ત્રણ બાજી, અંક નોંધ્યા સિવાય રમત પૂરી સમજવા પૂરતા રમે. બધા બરાબર સમજી જાય ત્યાર બાદ પદ્ધતિસર પૂરા ધ્યાન અને હોશિયારીથી ખરી યા પાકી રમત શરૂ કરવી અને આંક નોંધવા.

સૂચના: ૧. પત્તાંની કોઇ પણ રમત રમતાં, પાનાં હમેશાં રંગ વાર વ્યવસ્થિત કોઈ ના જોઈ શકે તે રીતે હાથમા પકડવા. તેની ચોક્કસ રીત 'કુમાર'ના ૪૦૭મા અંકમાં પાન ૫૪૮ ઉપર બતાવવામાં આવેલી છે, તે દરેક વાચકને ફરી જોઈ જવા ભલામણ છે.

૨. સરબાજી ને બ્રિમની રમતમાં, કેટલાક રમનારાઓ, પાછળના હાથ, પાનાં ઉઘાડીને જોઈ લે છે, એ મોટી ભૂલ છે. તેનો નિયમ એવો રાખવો કે કોઈ પણ નવી ઊતર શરૂ થતાં પહેલા, ફક્ત છેવટનો યા છેલ્લો જ હાથ જોઈ શકાય.

નવો કોયડો

	♠ 7 5 4 2 ♥ K ♦ — ♣ A 9	
♠ 10 ♥ J ♦ J ♣ Q 6 5 4	ઉ પ પૂ દ	♠ 9 ♥ Q ♦ Q 9 5 ♣ K 8
	♠ A J 8 ♥ — ♦ K 8 4 2 ♣ —	

સર લાલના છે. દક્ષિણના ઊતર છે અને ઉત્તર-દક્ષિણ બિસ્સુઓ રે સાત પાનાંમાંથી ૬ હાથ કરવાના છે. તે પણ નહિ થવા દેવા, પૂર્વ-પશ્ચિમ વાળા હોશિયારીથી પોતાથી બનતો બચાવ કરશે જ. તો છ હાથ શી રીતે થાય? હાથ જેનો થાય ત્યાંથી જ તે પછીની ઊતર થાય, એ તો યાદ હશે જ.

મનોરંજન માટે આ નાનો પ્રશ્ન મુકયો છે. દરેક અંકમાં આવા પ્રશ્ન મૂકવાની ઇચ્છા પણ છે. તેના જવાબ મોકલવાની અગત્ય નથી, પરંતુ આવા લેખો વિષે રચનાત્મક સૂચનને આવકારીશ. જવાબ આવતા અંકે.



પ્રાણમન

રવીન્દ્રનાથ ઠાકુરના
'લિપિકા'માંથી
અનુવાદક
વિનોદ કોઠારી

મારી બારીની સામે લાલ માટીની સડક છે. એના પર બોજો ખેંચતાં બળદનાં ગાડાં ચાલે છે, ગ્રામ સ્ત્રીઓ ઘાસની ભારીઓ માથાં પર લઈ બજારમાં જાય છે અને સાંજે વાતોના રસમાં હસતી હસતી ઘેર પાછી ફરે છે.

પણ મનુષ્યની હાલચાલ તરફ આજ મારું ધ્યાન નથી.

જીવનનો જે ભાગ અસ્થિર છે, જે અનેક ભાવનાઓથી ઉદ્વિગ્ન છે, જે અનેક ઇચ્છાઓથી ચંચલ છે, તે આજે ઢંકાઈ ગયો છે. શરીર આજ પીડિત છે, મન આજ અનાસક્ત છે.

મોજાંવાળો સમુદ્ર એ તો બહારનો સમુદ્ર છે, અંદર જ્યાં પૃથ્વીની ગંભીર ગર્ભશય્યા છે, ત્યાંની વાતોને મોજાંઓ પોતાની ગરબડમાં ભુલાવી દે છે. મોજાં જ્યારે થંભી જાય છે, ત્યારે સમુદ્ર પોતાની ગોચર વસ્તુઓથી માંડી અગોચરની સાથે, ગંભીર તળથી માંડી છેક સપાટી સુધી અખંડ એકતામાં સ્તબ્ધ થઈ વિરાજે છે.

તેવી જ રીતે મારા સચેષ્ટ પ્રાણે જ્યારે બહારની ચંચળતા છોડી ત્યારે મેં પેલા ગંભીર પ્રાણમાં સ્થાન મેળવ્યું, જે વિશ્વની આદિકાળથી લીલાભૂમિ છે.

સામાન્ય રીતે જ્યારે હું રસ્તા પરથી પસાર થતો ત્યારે પેલી સડકની ધાર પર આવેલા વડ સામે મારું ધ્યાન જતું નહિ; આજે રસ્તો છોડી જ્યારે હું બારીમાં આવી ઊભો છું ત્યારથી મારી એની સાથે મુલાકાત શરૂ થઈ ગઇ છે.

મારી સામે જોતાંજોતાં પળેપળે તે વ્યાકુળ થઈ ઊઠે છે, જાણે કહેતો હોય, 'કેમ સમજાતું નથી?'

મેં તેને શાન્ત પાડતાં કહ્યું, 'સમજ્યો, બધું સમજ્યો; પણ તું આમ વ્યાકુળ થા મા.'

થોડી વાર સુધી શાન્ત થઇ જાય છે, ફરી જોઉં છું તો ભારે ચચળ થઈ ઊઠયો છે, વળી એ જ થરથર, ઝરઝર, ઝલમલ.

ફરી તેને ઠંડો પાડતાં કહ્યું, 'હા હા, તારી વાત તો ઠીક છે. હું પણ તારી રમતનો જ સાથી, લાખો કરોડો વર્ષો સુધી મેં પણ આ માટીના ખેલ-ઘરમાં તારી માફક ખોબે ખોબે સૂર્યના તેજનું પાન કર્યું છે, અને ધરણીના સ્તન્ય રસમાં પણ હું તારો ભાગીદાર હતો.'

ત્યારે તેના અંદરથી અકસ્માત હવાનો શબ્દ સંભળાયો, કહેતો હતો, 'હા, હા, હા.'

જે ભાષા લોહીના ધબકારાથી મારા હૃદયપિંડમાં બજ્યા કરે છે, જે પ્રકાશ અંધકારનો નિઃશબ્દ આવર્તનધ્વનિ છે, એ ભાષા એના પાંદડાના મર્મરથી મારી પાસે આવી પહોંચે છે, એ જગતની સરકારી ભાષા છે.

એની મૂળ વાણી આમ છે, 'છું, છું, હું છું, અમે બધા છીએ.'

એ વાણી ભારે ખુશીની વાત છે. એ ખુશાનુમામાં વિશ્વના અણુ પરમાણુ થરથર કંપે છે.

એ વડની સાથે આજે એક ભાષામાં મારી એક આનન્દની વાત ચાલી રહી છે. તે મને કહે છે, 'તમે છો ને?'

હું જવાબ દઉં છું, 'દોસ્ત, હું છું.'

આમ 'છું' અને 'છો' મળી એકતાલ થઇ રહ્યો છે.

એ વડ સાથે મેં જ્યારે વાતો કરવા માંડી ત્યારે એનાં પાંદડાંઓ વસન્તને લીધે કાચાં અને કોમળ હતાં, એની અનેક ડાળીઓની વચમાંથી પસાર થઇને પ્રકાશ પૃથ્વી પરના ઘાસની છાયા સાથે છુપાઈ ગેલ કરતો.

એ પછી અષાઢની વર્ષા આવી; એનાં પાંદડાંઓનો રંગ વાદળાંઓ જેવો શ્યામ થવા લાગ્યો. આજે એ પાંદડાંઓનો પુંજ પીઢ માણસની પાકી બુદ્ધિની માફક ગાઢ બની ગયો છે, બહારના પ્રકાશને એમાં થઇને જવાનો રસ્તો મળતો નથી. પહેલાં વડ હતો એક ગરીબ ઘરની છોકરી જેવો; આજે એ શ્રીમન્ત ઘરની ગૃહિણી છે: જાણે પર્યાપ્ત પરિતૃપ્તિનો ચહેરો હોય!

આજ સવારે એણે પોતાનો વીસ વીસ મોતીઓવાળો મરકતમણિનો હાર હલાવતાં મને કહ્યું, 'આમ માથા પર ઈંટ પથ્થર ઓઢી શું બેઠા છો? મારી માફક એકદમ ખુલ્લામાં બહાર આવો ને.'

મેં કહ્યું, 'મનુષ્યે અંદર અને બહાર સાવધાની રાખી ચાલવું જોઇએ.'

વડે જરા હલીને કહ્યું, 'સમજી શકયો નહિ.'

મેં કહ્યું, 'અમારી બે દુનિયા છે: એક અંદરની અને બીજી બહારની.'

વડે કહ્યું, 'તમે તો ગજબ કરો છો! અંદરની ચીજ જ કયાં છે?'

'મારી પોતાની અંદર.' 'ત્યાં શું કરો છો?'

'સૃષ્ટિ કરું છું.'

'સૃષ્ટિ, અને તે પોતાની અંદર! તમારી વાતો સમજવી મુશ્કેલ છે.'

મેં કહ્યું, 'જેમ તટના બન્ધનમાં પડી નદી થાય છે એમ બન્ધનમાં ઘેરાઇ એક સૃષ્ટિ થાય છે. એક ચીજ બન્ધનમાં પડી હીરાનો ટુકડો થાય છે; જ્યારે બીજી વડનું વૃક્ષ.'

વડે પૂછયું, 'તમારી અંદર શું છે એ તો કહો?'

મેં કહ્યું, 'એ તો મારું મન છે. એમાં જે કંઈ આવીને અટકે છે તે સૃષ્ટિ બની જાય છે.'

વડે કહ્યું, 'એ તમારી સૃષ્ટિ-બન્ધનમાં ઘેરાએલી સૃષ્ટિ અમારા ચન્દ્રસૂર્ય પાસે કેવી હશે?'

મેં કહ્યું, 'ચન્દ્રસૂર્યથી તો એને માપી નથી શકાતી, ચન્દ્રસૂર્ય તો બહારની ચીજ છે.' 'તો પછી માપશો શેનાથી?'

'સુખથી અને ખાસ કરીને દુઃખથી.'

વડે કહ્યું, 'આ જુઓ, પૂર્વની હવા મારા કાનોમાં વાતો કરે છે, મારા પ્રાણમાં એની લાગણી જાગી ઊઠે છે, પણ તમે કોણ જાણે કેવી વાત કહી ગયા કે હું તો કંઇ સમજ્યો જ નહિ.'

મેં કહ્યું, 'સમજાવું કેવી રીતે? તમારી એ પૂર્વની હવાને જ્યારે અમે વીણાના તારોમાં બાંધી દીધી ત્યારથી એ એક બીજી સૃષ્ટિમાં જઈ પહોંચી છે. એ સૃષ્ટિ કયા આકાશમાં સ્થાન મેળવે છે, કયા વિરાટ ચિત્તના સ્મરણાકાશમાં, એ તો હું પણ નથી જાણતો. એમ લાગે છે કે એ કોઇ જાણે વેદનાનું આકાશ છે, એ કોઈ માપવાનું આકાશ નથી.'

'પણ એનો કાળ?'

'એનો કાળ? એનો કાળ કોઈ ચોક્કસ ઘટનાનો કાળ નથી; તેથી તો એ કાળ સંખ્યાતીત છે.'

'બે કાળ અને બે આકાશના જીવ છો તમે, તમે અદ્ભુત છો! તમારી અંદરની વાત કંઈ સમજ્યો જ નહિ.'

'ન સમજો તો કાંઈ નહિ.'

'મારી બહારની વાતો તમે શું બરાબર સમજો છો?'

'એ તમારી બહારની વાતો મારી અંદર આવીને એવી બની જાય

છે કે એને સમજવું કહો તો તે સમજવું છે, એને ગીત કહો તો એ ગીત છે, એને કલ્પના કહો તો એ કલ્પના છે.'

વડે તેની સમસ્ત ડાળીઓ હલાવતાં કહ્યું, 'એક પળ થોભો. તમે તો ખૂબ વિચારો છો અને ખૂબ બકવાટ કરો છો.'

સાંભળીને મનમાં થયું, 'એ વાત તો સાચી છે.' પછી મે કહ્યું, 'શાંત થવા માટે તો તારી પાસે આવું છું, પણ અભ્યાસના દોષથી શાન્ત રહેતાં રહેતાં પણ બોલી જવાય છે, જેમ કેટલાક ઊંઘમાં ચાલે છે તેમ.'

કાગળ પેન્સિલ ફેંકી દઈ તેની સામે અનિમેષ નેત્રે તાકી રહ્યો. તેનાં કોમળ પાંદડાંઓ ઉસ્તાદની અંગુલિની માફક તે જ વીણા પર દ્રુતતાલ બજાવવા લાગ્યાં. અકસ્માત મારું મન બોલી ઊઠયું, 'તમે જે જુઓ છો અને હું જે વિચારું છું તે બેની વચ્ચે મેળ કયા છે?'

મેં તેને ધમકી દેતાં કહ્યું, 'વળી તારો પ્રશ્ન? ચૂપ કર.'

થોડી વાર શાન્તિથી એક દૃષ્ટિએ જોઈ રહ્યો. થોડા સમય બાદ વડ બોલ્યો, 'કેમ, સમજ્યા?' મે કહ્યું, 'સમજ્યો.'

એ દિવસ તો શાન્તિમાં ચાલ્યો ગયો. બીજે દિવસે મારું મન મને પૂછવા લાગ્યું, 'કાલે તમે વૃક્ષ સામે જોતાં જોતાં અચાનક બોલી ઊઠયા હતા: 'સમજ્યો; શું સમજ્યા છો?'

મેં કહ્યુ, 'મનુષ્યનો પોતાનો પ્રાણ અનેક ભાવનાઓથી મલિન થઇ ગયો છે. પ્રાણનું જો વિશુદ્ધ રૂપ જોવું હોય તો તે ઘાસની અને વૃક્ષની અંદર છે.' 'શું જોયું?'

'મે તો એ જોયું છે. પ્રાણને તો પોતાને પોતાની અંદર કેવો આનંદ હોય છે! પોતાના પાંદડાંઓમાં, પોતાનાં ફૂલોમાં, પોતાનાં ફળોમાં કેવા કેવા રંગ, કેવી કેવી ગંધ અને કેવા કેવા રસ મૂકેલા છે.' પછી એ વડની સામે જોતાં શાંતિથી કહ્યું, 'હે વનસ્પતિ, જ્યારે પ્રથમ પ્રાણ-નો જન્મ થયો ત્યારે ધરણીમાં જે આનન્દધ્વનિ ઊઠયો હતો તે હજુ તારી શાખાઓમાં છે. તે આદિ યુગનું સરલ હાસ્ય તારાં પાંદડાંઓ-માં ઝલમલી રહ્યું છે. મારી અંદર એ પ્રથમ પ્રાણ આજે ચંચળ થયો છે. આજ સુધી એ પ્રાણ ચિંતાઓની અંદર જકડાઇ બંદી હતો, આજે તેં એને બૂમ પાડી કહ્યું, 'અરે! પ્રકાશમાં આવને, હવામાં આવને, અને મારી માફક લઈ આવને તારી રૂપની પીંછી, રંગની વાટકી અને રસનો પ્યાલો.'

એક પળ સુધી મારું મન શાંત રહ્યું, ત્યાર પછી કંઈક વિચારીને બોલ્યું, 'તમે આ પ્રાણની વાતને મોટી કરો મા. હું જે વિષય અને વસ્તુઓ ભેગી કરું છું તેને સમજાવીને કેમ બોલતા નથી?'

'તારી એ વાતને વધારે તો શું કહું? એ તો પોતાની મેળે જ ટંકાર, ઝંકાર, હુંકાર, કેકાર કરી આકાશને કંપાવી દે છે. તેના ભારથી, તેની જટિલતાથી, તેની જંજાળથી પૃથ્વીનું હૃદય વ્યથિત થઈ ઊઠયું છે. એનો અન્ત જ મને દેખાતો નથી. પડ ઉપર પડ ને ગાંસડીઓ ઉપર કેટલી ગાંસડીઓ ખડકાશે? એ પ્રશ્નનો જવાબ આ વૃક્ષનાં પાંદડાંઓમાં છે.'

'એમ! શો જવાબ છે?'

તે બોલે છે, 'જ્યારે પ્રાણ નથી ત્યારે બધું પાષાણ છે, બધું ભારરૂપ છે. પ્રાણના સ્પર્શમાત્રથી વસ્તુઓ વસ્તુઓમાં મળી જઈ એક અખંડ સૌન્દય થઈ ઊઠે છે, એ સૌન્દર્ય આ વનવિહારીઓમા છે, એની બંસી આ વડની છાયામાં વાગે છે.'

એ કોઈ રાત્રિ પછીનું પરોઢ હતું.

પ્રાણે એની સુપ્તિ શય્યા છોડી દીધી; તે પ્રથમ રસ્તા બહાર અજાણ્યા ઉદેશ તરફ જડ જગતના અનન્ત પ્રદેશ પર નીકળ્યો.

ત્યારે તેના દેહમાં થાક ન હતો, મનમાં ચિન્તા ન હતી, ત્યારે રાજપુત્રના પોશાકની માફક તે ધૂળરહિત હતો, તે છિદ્રહિન હતો.

એ અષાઢની સવારે તે વૃક્ષમાં મેં એ અકલાન્ત, નિશ્ચિત, અમ્લાન પ્રાણને જોયો. ડાળીઓ હલાવીને તે બોલ્યો, 'નમસ્કાર.'

મે કહ્યું, 'રાજપુત્ર, મરુદૈત્યની* સાથે કેવી લડાઈ ચાલે છે?'

તેણે કહ્યું, 'બરાબર ચાલે છે. એક વાર ચારે તરફ જુઓને.'

જોયું તો ઉત્તરમા ઘાસથી ઢંકાએલાં ખેતરો, પૂર્વમા ડાંગરનાં ખેતરો, નદીના બંધ તરફ દક્ષિણમાં તાડના ઝુંડ, પશ્ચિમમાં શાલ, ખજૂરી, આંબા એ બધાંએ એવી તો ભીડ લગાવી હતી કે ક્ષિતિજ અલોપ જ થઇ ગયું હતું.

મેં તે પ્રાણને કહ્યું, 'રાજપુત્ર, ધન્ય છે તને! તું કોમળ છે, તું કિશોર છે, અને પેલો દૈત્ય તો છે પ્રૌઢ તેમજ કઠોર; તું નાનો, તારું કામઠું નાનું, તારાં તીર નાનાં; અને એ છે વિશાલ, એની ચામડી કેટલી જાડી અને તેની ગદા કેવી ભારે છે? છતાં પણ ચારે તરફ જોતાં તારી જ ધ્વજા ઊડે છે. દૈત્યની પીઠ પર તેં પગ રાખ્યો છે, પથ્થર પોતાની હાર સ્વીકારે છે, માટી પણ રસ્તો કરી આપે છે.'

વડ બોલ્યો, 'તમે આવો બધો સરંજામ કયાં જોયો?'

મેં કહ્યું, 'તારી લડાઈમા શાન્તિરૂપે, તારા કર્મમાં વિશ્રામના રૂપમાં, તારા વિજયમાં નમ્રતાની મૂર્તિ રૂપે, જોયો. એટલા માટે જ સાધકો, યુદ્ધમાં સહેલાઈથી જય મેળવવાના અને સહેલાઇથી અધિકાર પ્રાપ્ત કરવાના મંત્રો શીખવા તારી છાયામાં આવે છે. પ્રાણ કેવી રીતે કામ કરે છે તે જાણવા માટે જ દરેક અરણ્યમાં તારી પાઠશાળાઓ ખૂલી છે. થાકેલા તારી છાયામા આવે છે, દુ:ખી તારી વાણી શોધે છે.'

મેં કરેલી પ્રશંસા સાભળી વડની અદર રહેલો પ્રાણપુરુષ ખુશ થયો, તે બોલી ઊઠયો, 'હું મરુદૈત્યની સાથે લડાઈ કરવા બહાર પડ્યો છું, પણ મારે એક નાનો ભાઈ છે, જે લડાઈમાંથી કયાંક ચાલ્યો ગયો છે તેને હજુ હું મેળવી શકયો નથી. થોડી વાર પહેલાં તમે એના વિષે શું કહ્યું?'

'હા, તેનું મેં નામ પાડયુ છે, મન.'

'તે મારાથી પણ ચંચલ છે, તેને શેનાયથી સંતોષ થતો નથી. અશાન્ત જીવના સમાચાર મને આપી શકો?'

મેં કહ્યું, 'હા, થોડુંઘણું કહી શકું. તું જીવવા માટે લડે છે, એ મેળવવા માટે લડે છે; અને બીજી એક લડાઈ ચાલે છે ત્યાગની. તારી લડાઈ જડતાની સાથે છે, એની લડાઈ અભાવની સાથે છે; બીજી એક લડાઈ ચાલે છે, સંઘરવાની. લડાઇ જટિલ બનતી જાય છે, જે તેનાં રણક્ષેત્રમાં પ્રવેશ કરે છે તે પાછો તેમાંથી નીકળી શકતો નથી. હાર-જીત કોની થશે એ કહી શકાય એવું નથી. આ દ્વિધામાં તારી લીલી ધ્વજાઓ યોદ્ધાઓને આશ્વાસન દે છે અને બોલે છે, 'જય, પ્રાણની જય.' તે ગાનનો તાલ મોટો થતો જાય છે, કયા સપ્તકથી કયા સપ્તક-માં ચડયો તેનું ઠેકાણું નથી. આવી સ્વરની માથાકૂટમાં, તારો તંબૂર સરળ સ્વરોમાં બોલે છે, 'કંઇ નહિ, પરવા નહિ;' અને બોલે છે, 'આ મારા તંબૂરમા મેં મૂળ સૂર બાંધી રાખ્યો છે, એ આદિ પ્રાણનો સૂર છે, બધા ઉન્મત્ત તાન આ આછા સૌન્દર્યના સૂરમાં આવી મળશે, આ આનંદગીતમાં જગતની બધી લેવડદેવડ ફૂલની માફક ફૂટશે અને ફળની માફક ફાલશે.'

* મરુભૂમિ એટલે અભાવવાળી ભૂમિ, જ્યાં કશું પણ મળે નહિ. બધું દુષ્કાળવત્. જ્યાં જુઓ ત્યાં અભાવ, અછત. હવે આપણે સમજવા માટે મરુ=અભાવ એમ અર્થ બેસાડીએ, એટલે આમ અર્થ થશે: મનુષ્ય પૂછે છે, 'રાજપુત્ર, અભાવના દૈત્ય જોડે લડાઈ કેવી ચાલે છે?' રાજપુત્ર મનુષ્યને ચારે બાજુ જોવાનું કહે છે. મનુષ્ય જુએ છે તો ચારે બાજુ બધું લીલુંલીલું છે. સઘળી જગ્યા ભરેલી છે. કશો ય અભાવ નથી. એટલે એમ સૂચન છે કે મરુદૈત્ય જોડે પ્રાણ (રાજપુત્ર) બરાબર લડે છે અને અભાવનો ચારે બાજુ વિનાશ કરે છે. —અનુવાદ

નવું રચાએલું

મુંબાઈ રાજ્ય




પહેલી નવેમ્બર ૧૯૫૬થી અસ્તિત્વમાં આવેલું નવું મુંબાઇ રાજ્ય ભારતના નવરચિત રાજ્યોમાં સૌથી મોટું—૧,૯૦,૬૯૦ ચોરસ માઈલનું છે ને તેની વસતિ ૪,૮૨,૬૫,૧૭૪ની એટલે કે ઉત્તર પ્રદેશથી બીજે નંબરે છે. મુંબાઈ રાજ્યનો નવો નકશો જેમ ભારતના નકશાની આબેહૂબ નાની આવૃત્તિ જેવો દેખાય છે તેમ વાસ્તવમાં પણ મુંબાઈ એ નાનકડું ભારત જ છે. નિર્વાહાર્થે અહીં આવી વસેલા ગુજરાતી, મરાઠી, પારસી, ઈસાઈ, બંગાળી, સિંધી, પંજાબી, તમીળ, કાનડી અને એમ સમગ્ર ભારતમાં આવેલા લોકો તેમના મિલનસારપણા, નાગરિક ભાવના અને એકબીજાના રીતરિવાજો પ્રત્યે સહિષ્ણુતા કેળવવા માટે જાણીતા છે. અને આમ, વસતિની દૃષ્ટિએ મુંબાઈ રાજ્યનો નંબર બીજો જ આવતો હોવા છતાં વિસ્તારની દૃષ્ટિએ મુંબાઈ રાજ્યમાં દર ચોરસ માઇલે ૨૬૬ માણસો વસે છે. આખા ભારતમાં ૨૮૧ અને ઉત્તર પ્રદેશમાં ૫૫૯. આમ, વિસ્તારના પ્રમાણમાં ઓછી વસતિ હોવાને લીધે અન્ય કેટલાક પ્રાંતોની સરખામણીએ નવેસરથી રચાએલા આ મુંબાઈ રાજ્યની વધતી જતી વસતિનો પ્રશ્ન હળવો રહે છે.

આમ, ભારતની કુલ વસતિના ૧૩ા ટકા જેટલી વસતિ હોવા છતાં રાષ્ટ્રીય આવકમાં મુંબાઇ રાજ્યનો હિસ્સો ૨૦ ટકા થાય છે. આનું કારણ એ છે કે મુંબાઇ રાજ્યમાં શહેરીઓની સંખ્યા મોટી છે અને વળી આ શહેરીઓની આવક પણ અન્ય રાજ્યોના હિસાબે વધુ છે. વળી, ઉત્તર પ્રદેશ કરતાં ૧૫૦ લાખ જેટલી ઓછી વસતિ હોવા છતાં મુંબાઇનો વાવેતર-વિસ્તાર ૨૪૪ લાખ એકર જેટલો વધુ છે. આમ ઉત્પાદન-વિસ્તાર વધુ હોવાથી ઉત્પાદન વધુ છે એટલું જ નહિ, પણ ખરી વિશિષ્ટતા તો ઉત્પાદનની જાતોની છે. રૂ અને તેલીબિયાં જેવા ભારતના મુખ્ય રોકડિયા પાકમાં પણ મુંબાઈ રાજ્ય મોખરે છે. ભારતના ૪૦ લાખ ગાંસડી(સરકારી અંદાજ)ના રૂના પાકમાંથી અડધા ઉપરાંત, એટલે કે લગભગ ૨૧ લાખ ગાંસડી નવા મુંબાઈ રાજ્યમાં જ પેદા થાય છે. એ જ રીતે મગફળીના પાકમાં પણ તેનો ૩૩ ટકા જેટલો એટલે કે, ૧૩ લાખ ટન જેટલો હિસ્સો છે. આ જ રીતે ખેતીની અન્ય ઉત્પન્નમાં પણ.

ઔદ્યોગિક ક્ષેત્રે પણ જૂનું મુંબાઈ રાજ્ય મોખરે જ હતું; તેમાં નવા વિસ્તારો ઉમેરાતાં હવે કાપડની મિલો, ખાંડનાં કારખાનાં, દવાનાં કારખાનાં, મીઠાના અગરો, દીવાસળી, તેલ, સાબુ, પોટરીઝ, સિમેન્ટ, બીડી-તમાકુ અને ઇલેક્ટ્રિક સાધનો તથા લોખંડના ઉદ્યોગો મુખ્ય છે. વળી, આ ઉદ્યોગોને માટેની કાચી ચીજોમાં પણ રાજ્ય લગભગ સ્વાશ્રયી જ છે.

ખનિજ બાબતમાં સૌરાષ્ટ્રનું ચિરોડીનું ઉત્પાદન અને વિદર્ભના



કોલસાનું તથા પાંચ લાખ ટન મેંગેનિઝ ઓર (ભારતના કુલ ઉત્પાદનના ૪૦ ટકા)નું ઉત્પાદન ઉમેરાતાં રાજ્યની ખનિજ-સમૃદ્ધિ પણ ઘણી વધી છે. ઉપરાંત, કચ્છ-સૌરાષ્ટ્રમાં રખાતી ખનિજ તેલની આશા જો ફળે તો રાજ્યની સમૃદ્ધિમાં ઓર વધારો થશે.

આ સિવાય, સમસ્ત ભારતના ઉત્પાદનમાં ૫૫ ટકા જેટલું મીઠું ને ૨૫ ટકા સિમેન્ટ પણ મુંબાઈ રાજ્ય જ પૂરા પાડે છે. વળી, દેશના ૫૫૦ કરોડ વારના કાપડના ઉત્પાદનમા આ રાજ્યનો હિસ્સો ૩૩૦ કરોડ વારનો છે. ઉપરાંત, ૪૫ ટકા સાબુ, ૧૦ ટકા ગોળ અને ૧૦ ટકા ખાંડ પણ આ રાજ્ય તરફથી જ મળે છે. 'વનસ્પતિ'નું ઉત્પાદન પહેલાં ૧૧૫ હજાર ટન હતું તે સૌરાષ્ટ્ર અને વિદર્ભનાં કારખાનાંઓ ભળતાં ૧૭૦ હજાર ટન જેટલું થયું છે.

આમ, મુંબાઈ રાજ્યની ઔદ્યોગિક તાકાત ઘણી જ વધી છે અને હજી વધતી રહેવાનો પણ ઘણો અવકાશ છે. કોલસો અને ખનિજ તેલ જેવાં બળતણો; રૂ અને મગફળી જેવી ઔદ્યોગિક કાચી વસ્તુઓ; મેંગેનિઝ ને ચિરોડી જેવાં ખનિજો અને આ ઉદ્યોગોને ચલાવવાનું બળ વીજળી પણ આ રાજ્યમાં પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થઇ શકે તેમ છે.

અને આમ, રાષ્ટ્રીય આવકના પાંચમા ભાગ જેટલી તેની આવક હોઇ કેન્દ્ર સરકાર પર પણ તેનો સારો પ્રભાવ રહે તેમ છે.

પણ આ તો થઈ આંકડાઓની વાત. તેની અન્ય બાજુઓ પર પણ દૃષ્ટિપાત કરીએ. મુંબઈ રાજ્યને કેન્દ્રસ્થાને રાખી નવા રાજ્યની શરૂઆત કરીએ તો તેમાં સૌરાષ્ટ્રના નાળિયેરીથી આચ્છાદિત સુંદર દરિયાકિનારા ઉપરાંત પશ્ચિમ ઘાટની ભવ્ય કાંતિ અને દખ્ખણના સપાટ પ્રદેશનો તેમાં સમાવેશ થાય છે.

સૌરાષ્ટ્રનો પટવિસ્તાર ગિરનારથી માંડીને જંગલો ને રણ સુધી વિસ્તર્યો છે. ઈ.સ. પૂર્વે ૩૮૬થી ઈ.સ. ૩૮૦ સુધી સૌરાષ્ટ્ર મૌર્યો અને ક્ષત્રિયોના હાથ નીચે હતું. ૮મી સદીમા રજપૂતોના હુમલા થયા ને ત્યારે કેટલાંય સ્વતંત્ર રાજ્યોના પાયા નંખાયા, જે ૧૯૪૮માં એક સળંગ રાજ્ય થયું ત્યા સુધી અસ્તિત્વમાં રહ્યા. વિધવિધ ધાન્ય, કપાસ, મગફળી વગેરે ખેતીની ઊપજો સાથે મીઠું અને સિમેન્ટ તથા 'વનસ્પતિ' જેવા મોટા ઉદ્યોગો ઉપરાંત અનેક નાનામોટા ઉદ્યોગો તથા તેની મીટરગેજ રેલવે-માર્ગવાળો વિસ્તાર રાજ્યમાં ભળતાં રાજ્યની આવકમાં ઘણો સારો હિસ્સો પુરાયો છે.

રાજ્યમાં ઉમેરાએલો બીજો વિસ્તાર તે કચ્છ. અરબી સમુદ્રમાં આવેલા આ દ્વીપકલ્પની દક્ષિણે ને પશ્ચિમે કચ્છનો અખાત અને અરબી



નટરાજ: ચૌદમી કે પંદરમી સદીની દક્ષિણભારતની એક કલામય તામ્રમૂર્તિ

કલાવાર્તા

ભારતીય કલાના અત્યંત મૂલ્યવાન
નમૂનાઓ ધરાવતું

બોસ્ટનનું કલાસંગ્રહાલય

અમેરિકાના મૅસેચુસેટ્સ રાજ્યમાં બોસ્ટનનું કલાસંગ્રહાલય ભારતીય કલાકૃતિઓના સંગ્રહ માટે જાણીતું છે. અમેરિકાના કોઈ મ્યૂઝિયમમાં ભારતીય કલાનું આટલું વૈવિધ્ય નથી.

ઈ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ પહેલાંના 'પ્રાગૈતિહાસિક કાળ'થી માંડીને ૧૮મી અને ૧૯મી સદી સુધીની કલાકૃતિઓ એના સમયાનુક્રમે આ સંગ્રહાલયમાં ગોઠવવામાં આવી છે. આમ, ભારતીય કલાના પાંચ હજાર વર્ષની તવારીખ અહીં સજીવ થતી લાગે છે. આરંભથી જ એના સંચાલકોએ દુનિયાભરમાંથી પ્રાચીન કલાના અવશેષો એકઠા કરવા માંડેલા. ઈ. ૧૯૩૫માં આ મ્યૂઝિયમ ને 'અમેરિકન સ્કૂલ ઑવ ઇન્ડિક ઍન્ડ ઈરાનિયન સ્ટડી' નામની સંસ્થાએ મળીને સિંધુની ખીણમાં સંશોધન કરેલું, એને પરિણામે એક મહાન સંસ્કૃતિના અવશેષો હાથ લાગેલા. તેમાં માટીનાં તથા કાંસાનાં વાસણો, પૂતળાં, વિવિધ પ્રાણીઓનાં સૌંદર્યમંડિત આલેખનો વગેરે હતાં, જેમાંના બળદ તો આજે વિશ્વખ્યાત છે. આ સામગ્રીઓને મેસોપોટેમિયાની સંસ્કૃતિઓ સાથે ઘણું સામ્ય છે.

સિંધુ-ખીણના આ અવશેષો ઉપરાંત આ મ્યૂઝિયમમાં રાજપૂત ને મુઘલ ચિત્રો, સિંહાલી કાંસુપ્રતિમાઓ, સચિત્ર જૈન હસ્તપ્રતો, ભારતીય શિલ્પ, કાપડ તથા ઝવેરાતના નમૂનાઓ પણ છે. મ્યૂઝિયમ ઑફ ફાઈન આર્ટ્સ નામે ઓળખાતું આ સંગ્રહાલય ૧૮૭૦માં સ્થપાએલું.



બોસ્ટન કલાસંગ્રહમાં જૈન કલ્પસૂત્રનું એક પાનું

નવો ગુરુ

ઇ. ૧૯૪૪માં બે વરસની અટકાયતી જેલમાંથી છૂટયા બાદ દક્ષિણ હિંદમાં કાલીકટમાં એક સંબંધીને ત્યાં બે'ક માસ રહેવાનું થયું, ત્યાં એક કૂતરા 'વિન્ટી' સાથે પરિચય થયો. જર્મન ભરવાડોને હાથે તાલીમ પામી બીજા વિશ્વયુદ્ધમાં ખૂબ વપરાએલી આલસેશિયન જાતિનો એ કૂતરો હતો. ચાર-પાંચ દિવસમાં જ એ મારી સાથે હળી ગયો. પછી તો એની સાથે કામ લેવાની રીત સમજાવતાં મને કહેવામાં આવ્યું કે 'ના' (નહિ) એમ કહેવામાત્રથી કૂતરાને કોઈ પણ કામ કરતાં રોકીને, પછી 'હીલ' (એડી) એટલું કહેવાથી કૂતરો મારી પાછળ ચાલવા માંડશે.

વિન્ટી ને હું લગભગ રોજ દરિયાકિનારે ફરવા જતા. એક દિવસ વિન્ટીએ થોડે જ દૂર એક મોટો કરચલો જોયો. એના સ્વભાવ પ્રમાણે, કરચલો દેખાયો કે તરત તેણે દોટ મૂકી ને પવનવેગે જઈને તેને મોંમાં પકડી મારી પાસે લાવીને મૂકયો. અને (કરચલો તો કૂતરાનો ખોરાક હતો એટલે) એને ખાઈ જવાની આજ્ઞાની જાણે રાહ જોતો હોય તેમ મારી સામે જોઇને પૂંછડી પટપટાવવા માંડયો. મેં એને 'ના' કહ્યું કે તરત તે બીજી તરફ વળ્યો ને કરચલાને ઘવાએલી હાલતમાં પણ જવા દીધો.

આખી રાત વિન્ટી અમારી ચોકી તો કરતો જ, ને જરા જેટલો પણ અવાજ થતાં સાબદો થઇ જતો. એક દિવસે અમે દરિયાકિનારે ફરતા હતા ત્યાં એક આખલો મસ્ત બનીને સામેથી આવતો હતો. આખલો મને નુકસાન ન કરે એ વિન્ટીની જવાબદારી હતી, એટલે એ ધસમસતા આખલાની સામે વિન્ટીએ દોટ મૂકી ત્યારે મારો શ્વાસ લગભગ અદ્ધર થઇ ગયો. પણ વિન્ટીએ આખલાથી ભય પામ્યા વગર એને બીજી તરફ વાળી દીધો! બીજી એકવાર દરિયે ફરવા ગયા ત્યાં એક સરસ કૂતરીની સાથે વિન્ટીએ ગેલ કરવા માંડી. કૂતરાની જાતીય ખાનદાની સાચવવા માટે તેને કૂતરી સાથે સંવનન કરવાની છૂટ નથી અપાતી, તેથી મેં વિન્ટીને ધીમેથી માત્ર 'હીલ'—એટલે કે મારી (એડી) પાછળ ચાલ—એટલું કહેતાં જ એ કૂતરીને ત્યજીને તરત મારી પાછળ આવીને ઊભો રહ્યો!

આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર માનવ-સ્વભાવ ગણાયા છે. તેના ઉપર જેટલો કાબૂ રાખતાં માણસ શીખે છે એટલો તે 'હેવાન'–સેતાન મટીને 'ઇન્સાન' બને છે એમ કહેવાય છે. જિન્દગીનો હેતુ નિરંકુશ વર્તન કે મોજશોખ નહિ, પણ મર્યાદા ને સંયમથી, ઈશ્વરને માથે રાખીને, તેની આપેલી વિવેકબુદ્ધિ પ્રમાણે જીવન જોગવવાનો છે. એક કૂતરા જેવા પ્રાણીએ આ ચારેય સ્વભાવ ઉપર જે કાબૂ પ્રાપ્ત કરેલો હતો એ જોઈને ગુરુ દત્તાત્રેયની માફક 'વિન્ટી'ને મેં ગુરુ માન્યો. એક કૂતરાની તાલીમ અને આજ્ઞાપાલનની ચુસ્તતા જોઇને મને થયું કે જો માણસ પોતાની જાતને આટલીયે કાબૂમાં રાખી શકે તો જીવન કેટલું અજવાળાઈ ઊઠે!

પુરાતન બુચ

રાજકોટ વિભાગ: સૌરાષ્ટ્રના પાંચ જિલ્લાઓ, અમરેલી અને કચ્છ.

નાગપુર વિભાગ: વિદર્ભના આઠ જિલ્લાઓ (મધ્ય પ્રદેશ).

ઔરંગાબાદ વિભાગ: મરાઠવાડાના પાંચ જિલ્લાઓ (હૈદ્રાબાદ) અને પૂર્વ ખાનદેશ જિલ્લો.

આ વિભાગો ખાસ કરીને મહેસૂલી વિભાગો જ છે. અન્ય ખાતાંઓના વહીવટી વિભાગોના વિભાગીય વડાં મથકો, મહેસૂલી વિભાગોનાં વડાં મથકોએ જ રાખ્યાં છે અને તેમની પ્રાદેશિક સરહદો બને ત્યાં સુધી મહેસૂલી વિભાગોની સરહદોને મળતી રાખવામાં આવી છે.

સંસદના બન્ને ગૃહો–રાજ્યસભા અને લોકસભામાં અનુક્રમે ૨૭ અને ૬૬ સભ્યો છે અને વિધાનસભામાં નવા જોડાએલા વિસ્તારોના પ્રતિનિધિઓ સહિત કુલ ૩૯૭ સભ્યો છે. મુંબઈ ખાતેની વડી અદાલત નવા રાજ્યની વડી અદાલત બની છે. ઉપરાંત રાજકોટ ને નાગપુર ખાતે વડી અદાલતની બેન્ચો રાખવામાં આવી છે.

આર્થિક સમૃદ્ધિ સાધતા ઉદ્યોગ, વ્યાપાર, વાહનવ્યવહાર, સંપર્કનાં સાધનો ને બીજી બાબતોમાં મુંબઇ ખૂબ આગળ વધેલાં રાજ્યોમાંનું એક રાજ્ય છે. જૂનાં રાજ્યો પોતાની ચાલુ અને સંભવિત સાધનસંપત્તિ સાથે તેમજ બીજી પંચવર્ષીય યોજના નીચે પોતાના હિસ્સાની ફાળવણી સહિત બીજા વિસ્તારો ભેગા થતા નવા મુંબાઈ રાજ્યની આર્થિક સદ્ધરતા વધુ મોટી અને વધુ તેજસ્વી બની રહે તેવી થઈ છે.

વિદર્ભના ચાંદા અને યવતમલ જિલ્લામાં કોલસો મળે છે. ચાંદા કાચા લોખંડ માટે જાણીતું છે. આમ ખનીજ-સંપત્તિમાં, આ વિસ્તારો ભળતાં, ઉમેરો થયો છે.

ગૃહઉદ્યોગોમાં મુંબઈમાં કાંસાં ને તાંબાનાં વાસણનો, નાસિકમાં પિત્તળનાં વાસણનો, વડોદરા નજીક આવેલા સંખેડામાં સંઘાડી કામનો, જામનગરની બાંધણીનો, પાટણનાં પટોળાંનો, અમદાવાદ ને સૂરતમાં લાકડા પરના કોતરણી-કામનો, સૌરાષ્ટ્રમાં કારીગરીવાળી જરઝવેરાત મૂકવાની પિત્તળની પેટીઓનો, મરાઠવાડામાં પૈઠણ ને આરંગાબાદનો કિનખાબનાં વસ્ત્રોનો તથા સોનેરી કસબના તારનો વગેરે ઉદ્યોગો નવા રાજ્યની વિશિષ્ટ આર્થિક સંપત્તિસમા છે.

અને રાજ્યમાં થએલા ઉત્પાદનની હેરફેર માટે મધ્ય અને પશ્ચિમી રેલવે-માર્ગ રાજ્ય-વિસ્તારના મોટા ભાગને આવરી લે છે. સૌરાષ્ટ્રમાંની મીટર ગેજ લાઈનને કારણે આ વિસ્તાર માલની હેરફેર માટેની દેશની સૌથી વધુ વિકસિત પદ્ધતિઓ ધરાવતો બન્યો છે. ઉપરાંત, રાજ્યના દરિયા-કિનારે વિવિધ પ્રકારનાં બંદરો છે. દેશના મુખ્ય બંદર મુંબઈ અને સૌરાષ્ટ્રની ઉત્તરે આવેલ ઓખાબંદર ઉપરાંત તાજેતરમાં જ બંધાએલ કચ્છનું કડલા બંદર પશ્ચિમ કિનારે બીજું મુખ્ય બંદર છે.

આ રાજ્યમાં કેટલાંક જોવાલાયક ઐતિહાસિક સ્થળો છે. ગાંધી-

'કુમાર'નું નવલિકા-નાટિકા પારિતોષિક

'કુમાર'માં આખા વર્ષ દરમ્યાન આવેલી મૌલિક વાર્તા-નાટિકાઓ પૈકી શ્રેષ્ઠ નીવડનારને દર વર્ષે અપાતું રૂપિયા ત્રીસનું પારિતોષિક ૧૯૫૭ના વર્ષ માટે તેમની ટૂંકી વાર્તાઓ માટે શ્રી 'મનેશચન્દ્ર'ને

આપવાનું તેના નિર્ણાયક પ્રા. અનંતરાય રાવળે ઠરાવ્યું છે. શ્રી 'મનેશચન્દ્ર'ને અમે અભિનંદન આપીએ છીએ અને પ્રા. રાવળનો આભાર માનીએ છીએ.

આ પારિતોષિક આ વર્ષે પણ ચાલુ રહે છે.



ભારત જ્યારે અંગ્રેજી હકૂમત તળે હતું ત્યારે તેમાં (તથા સીલોનમાં) બોલાતી ભાષાઓ તથા પ્રાંતિક બોલીઓનો ચોજાએલો, આ નકશો 'બાઈબલ સોસાએટી'એ તૈયાર કરેલો તે ઉપયોગી જણાવાથી તેમના સૌજન્યથી અહીં આપ્યો છે.

જીના જન્મ, જીવન ને કાર્ય સાથે સંકળાએલ ત્રણ મહત્ત્વની જગ્યાઓ પોરબંદર, સાબરમતી આશ્રમ (અમદાવાદ) અને સેવાગ્રામ (વિદર્ભ). શ્રી વિનોબા ભાવેનો પૌનારનો આશ્રમ સેવાગ્રામથી બે માઈલ દૂર છે.

પ્રાચીન સ્મારકોનો ભવ્ય વારસો પણ મુંબઈ રાજ્યને મળેલો છે. તેમાં બૌદ્ધ સ્થાપત્ય મુખ્ય છે. મરાઠવાડા વિસ્તારમાં અજંતા, ઇલોરાની ગુફાઓ વિશિષ્ટ શિલ્પ, સ્થાપત્ય અને ચિત્રકળાના નમૂના-સમી છે. બુદ્ધ શિલ્પની પ્રાચીન પદ્ધતિ કાર્લા, કન્હેરી, નાસિક, ભાજા, બેડસા અને અજંતામાં જોવા મળે છે.

મોઢેરાનું સૂર્યમંદિર, હિંદુ સ્થાપત્યકળાની ગુજરાત શૈલીના જન્મ-સ્થાન સમા ડભોઈની જુદીજુદી ભાગોળો, ગુજરાત શૈલીના બીજા યુગના સ્થાપત્યના પ્રતિનિધિરૂપ અમદાવાદની ચાર મુખ્ય મસ્જિદો, જૂનું-અતિ પ્રાચીન સોમનાથ મંદિરનું સ્થળ અને તે સ્થાને અત્યારે બંધાતું નવું મંદિર, ભગવાન કૃષ્ણને હરણ માની પારધીએ માર્યા હતા તે સ્થળ (સોમનાથ પાટણમાં) શેત્રુંજયનાં પ્રખ્યાત જૈન મંદિરો, હિંદુ-ઓનાં મુખ્ય સાત જાત્રાસ્થળમાંનું એક સ્થળ દ્વારકા, ગિરનાર પર્વત, તેનાં જંગલો અને સિંહો, પૂના નજીક સિંહગઢનો કિલ્લો, પુરંદરનો કિલ્લો, ઔરંગાબાદમાં તાજમહાલની અનુકૃતિ જેવી મોગલ રાજવી ઔરંગઝેબની એક બેગમની કબર, દૌલતાબાદનો દરિયાઇ સપાટીથી ૨,૨૫૦ ફૂટ ઊંચે ખડક પર આવેલો કિલ્લો, ૧૩ કે ૧૪મી સદીનો દૌલતાબાદમાં આવેલો વિજયસ્થંભ–ચાંદમિનાર, ગોદાવરી નદી ઉપરનું શીખ લોકોની પૂજાનું સ્થળ નાંદેડ વગેરે જોવાલાયક સ્થળો ઉપરાંત મહાબળેશ્વર, માથેરાન, પંચગની, ખંડાલા ને લોનાવલા ઇત્યાદિ જાણીતાં હવા ખાવાનાં સ્થળો પણ છે.

આમ વિવિધ સૌન્દર્યધામો, તીર્થધામો ને આરોગ્યધામો ધરાવતું, અનેક પ્રકારના નાના-મોટા અને વિશિષ્ટ ઉદ્યોગો જેમાં આવેલા છે તે, જુદીજુદી કુદરતી સાધન-સંપત્તિથી યુક્ત અને ભારતમાં જેની પ્રગતિશીલતા ઘણી આગળ પડતી અંકાઈ છે તેવું આ મુંબઈ રાજ્ય નવા ભારતની એક વિશિષ્ટતા બની રહ્યું છે.

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

સ્વિટ્ઝરર્લૅંડની એક આંતરરાષ્ટ્રીય સંસ્થા

દેશવિદેશમાં પત્રવ્યવહાર કરવા માગતા પત્રમિત્રોને મદદરૂપ થઈ શકે તેવી સ્વિટ્ઝરર્લૅંડની એક આંતરરાષ્ટ્રીય સંસ્થા International Youth Correspondence (Pro Juventute, Seefeld, str. 3, Zurich, Switzerland)ની માહિતી અમોને ઇન્ટરનૅશનલ પેન-ફ્રેન્ડ્ઝ ઇન્ટિમસી ગ્રુપ (૭-૩૨ કલ્યાણ બિલ્ડિંગ, ખાડિલકર-રોડ, મુંબાઈ-૪) તરફથી મળી છે.

ઇંડોનેશિયન પત્રમિત્ર

એક ઇંડોનેશિયન પત્રમિત્ર Jjiang Pat Jjiang [Karang Lor 6, Megalang (Djawa), Indonesia]ને ટિકિટના શૉખીન અને ભારતનાં જોવા લાયક સ્થળોનું સારું જ્ઞાન ધરાવનાર ભારતીય પત્રમિત્ર જોઈએ છે. રસ ધરાવનારે ઉપરને સરનામે લખવું.

જર્મન પત્રમિત્રો

(દરેક સરનામાને છેડે Germany ઉમેરવું)

(1) Ursula Fleischer, Female–17, Geldern/Ndrh., Bahnhofstr. 3, General; (2) Ingrid Fleischer, Female–22, Geldern/Ndrh., Bahnhofstr. 3, General; (3) Annemarie Rührmeyer, Female–14, Regensburg, Helenenstr. 2, Engl. Institut, Stamps, Cinema, Reading, Sports; (4) Sigrid Kehrt, Female–16, München 5, Rumfordstr. 4, General; (5) Ursula Böttler, Female–15, Telgte/W., Vechtrup 71, Reading, Stamps, Nature, Photography; (6) Ursula Cramer, Female–14, Bensheim/Bergstr., Obergasse 38, Stamps, Music, Photograpny; (7) Ursula Stengling, Female–16, Nürnberg, Rabensteinweg 76, General; (8) Rosemarie Camm, Female–17, Stuttgart Untertürkheim, Margaretenstr. 53, Radio, Music, Sports; (9) Waltraud Wieserner, Female–17, Schwabach/Nbg., Aussere Rittersbacherstr. 19, General; (10) Waltrand Hohmann, Female–16, Würzburg, Bahnhofstr. 20, General. [ઉલ્લેખ: Virendra Modi, 1171 Dhana Suthar's Pole, Ahmedabad-1]

પૉલિશ પત્રમિત્રો

(સરનામાંને છેડે Poland ઉમેરવું)

(1) W. Malczewski, Boy–17, Czestochowa-1, Skr. Poczt, 171, Stamps, Views, Music; (2) Wiktor Wodzinski, Boy–22, Puck. Al. Kosciuszki 1, Woj-Gdansk, Stamps, Views; (3) Franz Banach Krajenka, Boy–21, Winiary 16, Pow. Ziotow, Stamps, View-cards; (4) Malissewski Anowzej, Boy, Krakow, ul Dietla 15, View-cards; (5) Karasinski Wojeiech, Boy, Wiociawek, ul. Kaszubska Nr, 6 m 12, Views, Stamps; (6) Jozef Cupryn, Boy, Lodz, Ul Czererona 3 a m 20, Stamps; (7) Zaborski Andrzej, Boy–23, Krakow ul Worcella 9/5, Stamps, Cinema, Views, Sports; (8) Botur Irena, Girl–16, Ckorzow I, ul Poniatowskieqo 15, General; (9) Halina Szatkowska, Girl–16, Wloclawek, Suszycka 2. Woj, Bydgoszcz, General; (10) Aldona Baginska, Girl, Warsaw 25, Naruszewioza 7 m 1, Poland 13, Stamps; (11) Leszek Dulemba, Boy–23, Anielewicza Rd. 10 a, Warsaw-31, Stamps, Art, Viewcards. [ઉલ્લેખ: Manukumar J. Chandan, 208, Hira Mahal, 1st Floor, Wadala, Bombay-31]

પરદેશી પત્રમિત્રો

(1) Mr. Hiromichi, Age 17, Malsudo, 1571 Yotsukaido, Inba-gun, Chibe-ken (Japan), Sports, Sketching, Correspondence; (2) Miss Ikuko Kaneyama, Age 16, 1-451 Torimati Tamasina, Okayamaken (Japan), Songs, Swimming; (3) Miss Yoko Sida, Age 16, 160 Rokkakubashi, Kanayawa-Ku, YokoHama (Japan), Music, Painting, Pictures & Cooking; (4) Miss Yoshina Fujii, Age 16, Aza Hama 722, Maizuru City, Koyoto (Japan), General; (5) Miss Eiko Oguni, Age 16, 23 Saien, Morioka Swate (Japan), Stamps, Drawing, Pictures; (6) Miss Keiko Knashima, Age 14, 20 Naga Suka, Kisargu shi(Japan), Gen.; (7) Mr. Aei Cjwat Bing, Age 18, Djl. Raja 136A Purworedjo (Kedu), Java (Indonesia), Stamps, View Cards; (8) Mr. Yo Biauw Kwan, Age 19, 14 A Djl. Tera, Bandung, Java (Indonesia), Stamps Only; (9) Mr. Soedjanto Rontjohadidjono, Age 19, Djl. Monginsidi 34, Solo, Java (Indonesia), Sports, Stamps; (10) Mr. Huang Sung Tang, Age 21, Gang Dlasdjid Bidara, Tjina, No. 8, Djatinegara (Djakarta), General Interest; (11) Mr. Z. Banaroon, Age 23, Department of Electricity, P.O. Box 12, Kuwait (Arabia), Music, Travelling; (12) Miss Lehmann Ruth, Age 20, Zurichbergstrasse 145, Zurich (Switzerland), Sports, Theatre, Lectures; (13) Miss Morand Trudi, Age 20, Wilerstrasse, Gerlafingen, Kt. Solouthurn (Switzerland), General (Wants to Contact Only 'She' Friends); (14) Mr. Josef Rejsek, Age 20, Havlickova 97, Kralupy nad Vltavou (Czechoslovakia), Politics, Geography, Stamps; (15) Mr. Jindra Kozel, Age 20, Petrvald 663, Karvina I (Czechoslovakia), Reading, Shooting, Correspondence, (Correspondence Language: German); [ઉલ્લેખ: "International Pen-Friends Intimacy Group, 7/32 Kalyan Bldg., Khadilkar Road, Bombay-4] (16) Dhirajlal D. Shah, Age 16, P. O. No. 1805, Mombassa (Kenya Colony, B. E. A.), Stamps, General Knowledge, Story Reading; (17) Colin Nicholas, Boy–11, 3 Ellerton Road, Mt. Eden, Auckland (New Zealand), General, Personal Snaps; (18) Gloria Nicholas, Girl–15, Add. & Hobbies as above [બંનેનો ઉલ્લેખ: R. V. Barot, Govt. Housing Colony, Bldg. No. 24/1709, Ground Floor, Kalachowki, Parel, Bombay-12].



નટરાજ : ચૌદમી કે પંદરમી સદીની દક્ષિણભારતની એક કલામય તામ્રમૂર્તિ

કલાવાર્તા

ભારતીય કલાના અત્યંત મૂલ્યવાન
નમૂનાઓ ધરાવતું

બોસ્ટનનું કલાસંગ્રહાલય


અમેરિકાના મૅસેચ્યુસેટ્સ રાજ્યમાં બોસ્ટન-કલાસંગ્રહાલય ભારતીય કલાકૃતિઓના સંગ્રહ માટે જાણીતું છે. અમેરિકાના કોઈ મ્યૂઝિયમમાં ભારતીય કલાનું આટલું વૈવિધ્ય નથી.

ઈ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ પહેલાંના 'પ્રાગૈતિહાસિક કાળ'થી માંડીને ૧૮મી અને ૧૯મી સદી સુધીની કલાકૃતિઓ એના સમયાનુક્રમે આ સંગ્રહાલયમાં ગોઠવવામાં આવી છે. આમ ભારતીય કલાના પાંચ હજાર વર્ષની તવારીખ અહીં સજીવ થતી લાગે છે. આરંભથી જ એના સંચાલકોએ દુનિયાભરમાંથી પ્રાચીન કલાના અવશેષો એકઠા કરવા માંડેલા. ઈ. ૧૯૩૫માં આ મ્યૂઝિયમ ને 'અમેરિકન સ્કૂલ ઑવ ઇન્ડિક ઍન્ડ ઈરાનિયન સ્ટડી' નામની સંસ્થાએ મળીને સિંધુની ખીણમાં સંશોધન કરેલું, એને પરિણામે એક મહાન સંસ્કૃતિના અવશેષો હાથ લાગેલા. તેમાં માટીનાં તથા કાંસાનાં વાસણો, પૂતળાં, વિવિધ પ્રાણીઓનાં સૌંદર્યમંડિત આલેખનો વગેરે હતાં, જેમાંના બળદ તો આજે વિશ્વખ્યાત છે. આ સામગ્રીઓને મેસોપોટેમિયાની સંસ્કૃતિઓ સાથે ઘણું સામ્ય છે.

સિંધુ-ખીણના આ અવશેષો ઉપરાંત આ મ્યૂઝિયમમાં રાજપૂત ને મુઘલ ચિત્રો, સિંહાલી કાંસુપ્રતિમાઓ, સચિત્ર જૈન હસ્તપ્રતો, ભારતીય શિલ્પ, કાપડ તથા ઝવેરાતના નમૂનાઓ પણ છે. મ્યૂઝિયમ ઑફ ફાઈન આર્ટ્સ નામે ઓળખાતું આ સંગ્રહાલય ૧૮૭૦માં સ્થપાએલું



બોસ્ટન કલાસંગ્રહમાં જૈન કલ્પસૂત્રનું એક પાનું



બૉસ્ટનના કલાસંગ્રહાલયમાં ભારતીય કલાકૃતિઓનો જે અમૂલ્ય સંગ્રહ છે તેમાંની ત્રણ શિલ્પકૃતિઓ : (૧) ગાંધારમાંથી મળી આવેલી બીજી સદીની પાષાણની બોધિસત્વની મૂર્તિ; (૨) કમલાસન આરૂઢ બ્રહ્માની પાષાણમૂર્તિ. મનાય છે કે વિજયનગરના સમૃદ્ધિકાળમાં—ઈ. સ. ૧૩૫૦ થી ૧૬૦૦ દરમિયાનના ગાળાની આ કૃતિ હશે અને (૩) બંગાળમાં દિનાજપુર જિલ્લામાંથી મળી આવેલ ૧૦ થી ૧૨મી સદીની વિષ્ણુની પાષાણમૂર્તિ.

કોપ્લે સ્કવેર પરની એની પ્રથમ ઈમારત ૧૮૭૬માં ખુલ્લી મૂકવામાં આવેલી, પણ થોડા સમયમાં જ એમાં સંકડાશ લાગવા માંડી તેથી હાલની ઇમારત યોજવી પડી. તેમાં અલગ-અલગ સાત બાંધકામો છે, જેમાં મિસરી કલાવિભાગ, સુશોભન-કલાવિભાગ, પૌર્વાત્ય વિભાગ, ચિત્રવિભાગ ને ગ્રંથાગાર છે.

ખાનગી સખાવતો અને મદદ ઉપર જ આ મ્યૂઝિયમ નભે છે. એના વહીવટ માટે એક ટ્રસ્ટીમંડળ અને કાબેલ કર્મચારીઓ કામ કરે છે.

મ્યુઝિયમ સર્વ લોકો માટે અને બધા જ સમય માટે ખુલ્લું છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે અહીં પ્રવચનો, નિષ્ણાત ભોમિયાઓ, પત્રિકાઓ વગેરેની ગોઠવણ હોય છે. મહત્ત્વના સંગ્રહો વિષે પુસ્તકો સુલભ હોય છે. બાળકો માટે વાર્તાકથનના કાર્યક્રમો યોજાય છે.

બૉસ્ટનના આ સમૃદ્ધ સંગ્રહાલયની મુલાકાતે દુનિયાભરમાંથી યાત્રીઓ આવે છે.





બોસ્ટન સંગ્રહાલયમાં રખાએલા ભારતીય શિલ્પકળાના નમૂનાઓ. અમરાવતીનું ઈ. સ. ૨૦૦ના કાળનું પાષાણ પર કરેલું બૌદ્ધ સ્તૂપનું ભાસ્કર્ય. (જમણી બાજુ) બારહુતની ઈ. સ. પૂર્વે ૧૫૦ વર્ષ પહેલાંની પથ્થરમાં કોતરેલી યક્ષી.

ભાવનગરમાં વ્યાલી

ભાવનગરમાં દીવાનપરારોડ, વોરાબઝાર, વડવા વગેરે સ્થળોએ જૂનાં ઘરોમાં થાંભલાની બાજુમાં ટેકા તરીકે 'વ્યાલી' લગભગ બધે જ ઠેકાણે જોવા મળે છે: લાકડામાં કોતરેલ અને ઘણી જગ્યાએ રંગેલ: કાન ટૂંકા (મોટે ભાગે સિંહના કાન જેવા; કોઈ વાર હાથીના કાન જેવો આકાર ખરો, પણ નાના તો ખરા જ); શરીર ઉપર જુદીજુદી ભાત; બન્ને બાજુ 'વ્યાલી' અને સામેથી (પેટ તરફનો ભાગ) ફૂલ, પાંદડાં વગેરેની કોતરણીવાળો.

એ જ રીતે વોરાબઝારમાં આવેલા જૈન મંદિરમાં બેઠેલ વ્યાલી ખૂબ જ છે. અહીંના 'રૂવાપરીમાતા'ના હિંદુ મંદિરમાં ભીંત પર પણ રંગેલા વ્યાલીનું ભાસ્કર્ય (Bas Relief) છે.

આમ જૈન-હિંદુ મંદિરોમાં તેમજ ઘર-આંગણે સુશોભન તરીકે 'વ્યાલી' ભાવનગરમાં તો ઘણો સામાન્ય છે. —જ્યોતિ ભટ્ટ







ભૂપત લાડવા

આધુનિક ગુજરાતી કલાકારોમાં સૌરાષ્ટ્રની ધરતીએ કલાગુરુ શ્રી રવિશંકર રાવળ અને શ્રી રવિશંકર પંડિત જેવા પ્રૌઢ-પીઢ કલાકારોથી માંડીને નવોદિત સુધીના જે કલાકારો આપ્યા છે તેમાં રાજકોટના એક નવોદિત ભાઈ ભૂપત લાડવાનો સમાવેશ કરી શકાય. સામાન્યવર્ગના શ્રમજીવી ને ઉદ્યમી હિંદુકુટુમ્બના ચાર ભાઈઓમાં સૌથી નાના ભાઈ ભૂપતનો જન્મ ઈ. ૧૯૩૯માં થયો. એમનામાં કલાસંસ્કારનો કૌટુમ્બિક વારસો ખરો; પિતાજી આરસ પથ્થર પર કોતરવાનું અને મોટા ભાઈ વ્યાવહારિક ચિત્રકલાનું કામ કરતા.

કૌટુમ્બિક સંજોગોને લીધે તેઓ કોઈ સારી સંસ્થામાં દાખલ થઇ શિસ્તબદ્ધ કેળવણી પામે તેવી હૈસિયત નહતી; છતાં આત્મશ્રદ્ધા રાખી પ્રયત્નો ચાલુ રાખ્યા અને શાળાના નિયમિત અભ્યાસ સાથે એલિમેન્ટરી ડ્રૉઇંગથી શરૂ કરી મુંબાઇની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટસની ઉચ્ચ કક્ષાએ પહોંચ્યા. અને આખરે અંગ્રેજી છઠ્ઠા ધોરણના અભ્યાસ કરતા ડ્રૉઇંગ અને પેઇન્ટિંગના ડિપ્લોમાની ડિગ્રી તૈલરંગના માધ્યમ સાથે ૧૭ વર્ષની વયે દ્વિતીય શ્રેણીમાં પ્રાપ્ત કરી. એમાં એમને શ્રી બાબુભાઇ વૈદ્ય, શ્રી સોમાલાલ શાહ ને શ્રી મગનલાલ ત્રિવેદી મારફત પ્રેરણા અને ઉત્સાહ મળ્યાં હતાં. શ્રી યજ્ઞેશ્વર શુક્લ, શ્રી સુશીલ સરકાર અને શ્રી જગન્નાથ અહિવાસી જેવા કલાકારો તરફથી પણ સૂચન અને માર્ગદર્શન મળેલા. સૌરાષ્ટ્ર-કલા-અકાદમીનાં પ્રદર્શનોમાં ને ચિત્રકલાની હરીફાઇઓમાં એમને ઇનામો મળ્યાં છે. ભારતીય પરંપરાના તાર પર એમણે કરેલા એક રંગચિત્ર 'શરણાઈના સૂર'ની એક નાની પ્રતિકૃતિ આ સાથે આપી છે.



શરણાઈના સૂર — ભૂપત લાડવા



ભારતમાં આવેલા બ્રિટનની રંગભૂમિ તથા ચલચિત્રોના કલાકારો. ઉપરથી અનુક્રમે: મારિયસ ગોરિંગ (આ કલાકાર-જૂથના નેતા); ડૅરોલ ગર્ની; યેવોન ફ્રૉંક્સ; જેનિફર વિલ્સન; જ્હૉન લોરી અને રોજર ગેજ.

બ્રિટનની રંગભૂમિ અને ચિત્રપટના કલાકારો

બ્રિટનની રંગભૂમિ અને ફિલ્મી જગતના વિખ્યાત અદાકાર મારિયસ ગોરિંગના નેતૃત્વ નીચે આંગ્લ કલાકારોનું એક જૂથ ભારતમાં શેકસપીઅરની કૃતિઓ રજૂ કરવા માટે ૨૫મી જાન્યુઆરીએ બે માસ માટે મુંબાઈ ઊતર્યું છે.

બે પ્રકારના કાર્યક્રમો તેઓ આપવાના છે. પ્રથમ તેઓ શેકસપીઅરની ઐતિહાસિક અને કરુણાંત કૃતિઓ ('હેન્રી ધ ફિફ્થ', 'રિચાર્ડ થર્ડ', 'જુલીઅસ સીઝર' અને 'મૅકબેથ') તથા સુખાંતિકાઓ ('ઍઝ યુ લાઈક ઈટ', 'ધ ટેમિંગ ઑાવ ધ શ્રુ' અને 'ટ્વેલ્ફ્થ નાઈટ' વગેરે)માંથી કેટલાંક દશ્યો ભજવશે.

બીજો કાર્યક્રમ 'ધ મીરર ઑાવ ટાઈમ' (સમયની આરસી) નામે છે. તેમાં ઇંગ્લિશ તખતાની પ્રારંભિક દશાથી તે આજ સુધીની નાટ્યકૃતિઓનો પરિચય આપશે. આમાં 'ધ થ્રી મેરીઝ' (જૂનો ધાર્મિક નાટક); 'સર ટૉમસ મૂર' (શેકસપીઅર); 'જ્હોન જ્હોન' (હેવૂડ); 'ઑાથેલો' (શેકસપીઅર); 'ધ બેગર્સ ઑાપેરા' (ગે); 'લવ ફૉર લવ' (કૉંગ્રેવ); 'મૅરેજ અ લા મોદ' (ડ્રાઈડન); 'કૅન્ડીડા' (શૉ) અને 'મર્ડર ઈન ધ કૅથેડ્રલ' (એલિયટ) વગેરેની કૃતિઓમાંનાં કેટલાંક દશ્યો રજૂ કરશે.

મુંબાઈથી શરૂ કરી અમદાવાદ, વડોદરા અને બંગલોરથઇ ૧૪મી ફેબ્રુઆરીએ આ જૂથ મદ્રાસ જઇ, એક અઠવાડિયા પછી (૨૧ થી ૨૭મી ફેબ્રુઆરી સુધી) દિલ્હીમાં કાર્યક્રમો આપશે. ત્યાર બાદ લખનૌ, અલ્લાહબાદ ને પટણા થઈ પોતાની સફરનું અંતિમ અઠવાડિયું —૧૪ થી ૨૧મી માર્ચ કલકત્તામાં ગાળશે.

આ જૂથમાં મારિયસ ગોરિંગ, ડૅરોલ ગર્ની, યેવોન ફ્રૉંક્સ, જેનીફર વિલ્સન, જ્હૉન લોરી, રોજર ગેજ અને બેટ્રી ક્રૉવ (જે સ્ટેજ મૅનેજર પણ છે) વગેરે છે. તેમનાં ચિત્રો તથા તેમની કારકિર્દીની આછી રૂપરેખા આ સાથે આપી છે:

ડૅરોલ ગર્નીએ રંગભૂમિની પોતાની કારકિર્દી શરૂ કરીને 'ઑાક ગાર્ડન'માં 'ડેમ એડિથ ઈવાન'નું પાત્ર સતત ૨૦ માસ સુધી ભજવેલું. તેણે સૌ પ્રથમ મુખ્ય ભૂમિકા ૧૯૪૭માં વેસ્ટ એન્ડમાં 'ધ ગિની પિગ'માં બે વર્ષ સુધી ભજવી. પછી 'બ્લૅક શિફૉન'માં 'ફ્લોરા રોબ્સન'ની પુત્રી તરીકે ભાગ લીધો. રૉબર્ટ ડોનાંટ સાથે તેણે 'ધ સ્વીમિંગ કલર્ગમૅન' તથા હર્બર્ટ લૉમ સાથે 'ધ ટ્રેપ'માં પાઠ ભજવેલો. 'કૅરિંગ્ટન વી.સી.' નામની ફિલ્મમાં પણ તેણે મુખ્ય ભૂમિકા ભજવી છે. આ ઉપરાંત 'ફ્રસ્ટ








ડૉ. હરિપ્રસાદ(૧૯૪૪) પુષ્કર ચંદરવાકર('૪૫) યશોધર મહેતા('૪૬) રાજેન્દ્ર શાહ(૧૯૪૭) બાલમુકુન્દ દવે(૧૯૪૮) નિરંજન ભગત('૪૯)



અમને જણાવતાં આનંદ થાય છે કે

ઈ. ૧૯૫૭નો કુમાર ચન્દ્રક શ્રી જયન્ત પાઠકને

એમનાં કાવ્યો માટે અર્પવાનું નિર્ણાયક સમિતિએ ઠરાવ્યું છે. અમે શ્રી પાઠકને અભિનંદન આપીએ છીએ અને નિર્ણાયક સમિતિ(પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, પ્રા. અનંતરાય રાવળ અને પ્રા. યશવંત શુક્લ)નો આભાર માનીએ છીએ.



શ્રી 'સુકાની' (૧૯૫૬)

શ્રી જયન્ત પાઠક

વાસુદેવ ભટ્ટ(૧૯૫૦) બકુલ ત્રિપાઠી('૫૧) શિવકુમાર જોષી('૫૨) અશોક હર્ષ(૧૯૫૩) ડૉ. શિવપ્રસાદ(૧૯૫૪) ડૉ. ઉમાકાન્ત(૧૯૫૫)








પર્સન સિંગ્યુલર' અને 'ધ વૉયસે ઇનહેરિટન્સ'માં તેણે નોંધપાત્ર અદાકારી દાખવી છે. રેડિયો ને ટેલીવિઝન પર પણ ભાગ લે છે.

ચેત્રોન ફર્નોએ હૉર્નચર્ચ, બ્રિસ્ટલના 'ઑલ્ડ વિક', ડન્ડી અને વેસ્ટ એન્ડ (જ્યાં તેણે 'આઈ કૅપ્ચર ધ કેસલ'માં 'રોઝ મોર્ટમેઈન' તરીકે પાઠ ભજવેલો) થીએટરો પર તેની રંગભૂમિની કારકિર્દી ચણાએલી છે. ૧૯૫૭ની પાનખરમાં લંડનમાં પ્રિન્સિઝ થીએટરમાં તેણે 'રૉયલ સ્ટ'માં મુખ્ય કામ કર્યું. 'ટ્વેન્ટીફોર અવર્સ ઇન એ વૂમન્સ લાઇફ'માં તેણે પહેલી વાર ફિલ્મમાં પાઠ લીધો, જેમાં તેણે રિચાર્ડ ટોડ અને મર્લ ઑબેરોન સાથે કામ કર્યું. 'ધ બિગર્સ ઑપેરા'માં ઓલીવીએર સાથે, 'લિસ્બન'માં રે મિલાન્ડ તથા ક્લૉડ રેઇન્સ સાથે અને 'લા'મીશ' તથા 'ઈલ પ્રિન્સિપે' નામની ઈટાલિયન ફિલ્મમાં પણ તેણે ભૂમિકા ભજવેલી.

જેનિફર વિલ્સન: ૧૯૫૩માં 'રૉયલ ઍકેડમી ઑવ ડ્રામેટિક આર્ટ્સ'માં જોડાઈ. એ જ વર્ષે તેણે 'ગિલ્બર્ટ ઍન્ડ સુલિવાન' નામે ફિલ્મમાં કામ કર્યું. બીજા જ વર્ષથી તે ડેવોન, બૅંગનોર, હન્સ્ટન્ટન, હડર્સફિલ્ડ, ઈપ્સવિચ ને લેચવર્થડમાં રેપર્ટરી કંપનીઓમાં અગત્યની ભૂમિકાઓ ભજવતી થઈ ગઈ. ૧૯૫૫માં રીજન્ટ્સ પાર્કના ઑપન ઍર થીએટરમાં 'ટ્વેલ્ફ્થ નાઈટ'માં 'વાયોલા' તરીકે રજૂ થઈ અને 'લવ્ઝ લેબર્સ લૉસ્ટ'માં ફ્રાંસની રાજકુંવરી તરીકે. લંડન ને ન્યૂ યૉર્કમાં ઓલ્ડ વિકમાં તેણે 'મૅકબેથ'માં 'લેડી મૅકડફ' તરીકે, 'રોમીઓ અને જુલીએટ'માં 'લેડી મોન્ટેગ્યુ' તરીકે ને 'ટ્રોઇલસ ઍન્ડ ક્રેસિડા'માં ઍન્ડ્રોમૅશ તરીકે પાઠ લીધેલો. ટેલીવિઝન પર પણ તે આવે છે.

જ્હૉન લોરી: ૧૯૨૧માં ડગ્લીઝમાં લાઈસીઅમ થીએટરમાં જ્યારે પ્રથમ વાર રંગભૂમિ પર આવ્યો ત્યારે તેણે 'વૉટ એવરી વૂમન નોઝ'માં જ્હૉન શૅન્ડ તરીકે પાઠ ભજવેલો. ૧૯૨૨માં ઓલ્ડ વિકમાં તે 'ધ મેરી વાઇવ્ઝ ઑવ વિંડસર'માં પિસ્ટલ તરીકે પહેલી વાર લંડનમાં રજૂ થયો. આ પછી સ્ટ્રેટફર્ડ ઑન ઍવન ફેસ્ટિવલના ગ્રીષ્મ કાર્યક્રમોમાં તથા લંડનમાં અન્ય સ્થળે પણ રજૂ થયો. ૧૯૨૮માં ફરી ઓલ્ડ વિકમાં જોડાયો ને લંડનમાં કેટલાક પાઠ ભજવ્યા, જેમાંના મોટે ભાગે શેકસપીઅરનાં જ પાત્રો હતાં. '૨૮થી તે લંડનમાં અને સ્ટ્રેટફર્ડમાં જ રહ્યો છે. ૧૯૫૫માં તે પહેલી વાર ન્યૂ યૉર્કની રંગભૂમિ પર 'ટાઈગર ઍન્ડ ધ ગેટ'માં 'મેકોઝ' તરીકે આવ્યો. આ સિવાય તેણે ઘણી ફિલ્મોમાં પણ કામ કર્યું છે.

રોજર ગેજ: બ્રિસ્ટલ ઓલ્ડ વિક થીએટરમાં શીખીને તૈયાર થઈ તેણે ૧૯૫૦માં લંડનમાં ઓલ્ડ વિક કંપનીમાં જ બે સીઝન કામ કર્યું. દરમિયાન તે બ્રિટિશ સંસ્થાનોમાં અને હેલસિંકીમાં 'કિંગ લીઅર' (બર્ગન્ડી)માં ચમક્યો. દ. આફ્રિકામાં ઓલ્ડ વિકમાં રહી તેણે 'મૅકબેથ', 'ઓથેલો' અને 'એ મિડસમર નાઇટ્સ ડ્રીમ'માં કામ કર્યું. '૫૩માં 'સિક્સ કૅરૅક્ટર્સ ઈન સર્ચ ઑવ ઍન ઑથર'માં પુત્રની ભૂમિકા ભજવી. આ પછી રેપર્ટરીમાં બે સીઝન ગાળી. '૫૪માં તેણે ફિલ્મ તથા ટેલીવિઝન પર પણ દેખા દીધી. ૧૯૫૬માં મારીઅસ ગૉરિંગને ટેલીવિઝનના 'ક્લાઇવ ઑવ ઇંડિયા'માં મળ્યો ને છેલ્લે છેલ્લે તે શાર્લોટ બ્રૉન્ટેના 'વિલેટ'માં સુસાન લાયલ ગ્રાન્ટને મળ્યો

પચ્ચીસ વર્ષ પહેલાં



માહ ૧૯૮૯
અંક ૧૧૦

પુરુષાર્થને હિમાલયના હમેશના પડકાર છે. સાહસને એ અનંતકાળથી નોતરી રહ્યાં છે. ફક્ત હિંદુસ્તાનમાં જ તે નથી સંભળાતો ! દેશાવરના તો અનેક સાહસિક શિખરારોહીઓએ એ સાંભળી હિમાલય સાથે હોડ માંડી છે. કદાચ રડીખડી શોધખોળ, કે સાહસકર્તવ્યો હિંદીઓને હાથે થાય છે તો તેમનાં નામો અવગણાઈ પરદેશીઓને નામે એ કીર્તિ ચડે છે. આવી સ્થિતિમાં ભૂલેચૂકે કોઈ કીર્તિકળશ હિંદીને માથે મૂકવામાં આવ્યા છે તેની વાતો જાણીને જ સંતોષ લેવો રહ્યો. એમાં પહેલો આવે છે એક બંગાળી.

ઈ.સ. ૧૮૫૨નું વર્ષ છે. કંપની સરકારનાં દફતરોમાં અનેક હિંદીઓ જુદાજુદા વિભાગોમાં કામગીરી ઉપર લાગવા શરૂ થઈ ગયા છે. હિંદી સરકારના આંકણી ખાતાના વડા સર ઍન્ડ્રયુ વૉઘ પોતાની ઑફિસમાં બેઠા છે. એના બંગાળી ચીફ્ કલાર્ક અચાનક દોડતો એની ઑફિસમાં ધસી આવે છે અને એ બોલે છે: 'દુનિયાનું ઊંચામાં ઊંચુ શિખર, સાહેબ, મેં શોધી કાઢ્યુ છે.'

ગણતરી કરતાં તેની ઊંચાઈ ૨૯,૧૪૫ફૂટની ગણાઈ. એ બંગાળી યુવાનને શી ખબર કે જે શિખરની એણે ગણતરી કરી,એને સર કરવાને હજારો રૂપિયાનો ખર્ચ થવાનો છે; અનેક સાહસિકો એને ખોળે પોતાની શક્તિઓ અજમાવવાના છે; એ હજારો ફૂટ ઊંચે મનુષ્ય પ્રકૃતિ સાથે જીવસટોસટના જંગ ખેડવાનો છે! ઍન્ડ્ર્યુ વૉઘે એ શિખરનું નામ, આંકણીખાતાના એ વેળાના વડા સર જ્યૉર્જ એવરેસ્ટની યાદમાં માઉન્ટ એવરેસ્ટ આપ્યું. મનુષ્યજીવન અને કુદરતનો કેવો સંબંધ ? ક્યાંનો સંબંધ ?

વર્ષો પછી એ શિખર ચડવાને પહેલો કાફલો નેપાળ ગયો ત્યારે જ ખબર પડી કે એ શિખરનું એ પ્રજાએ આપેલું પ્રાચીન નામ તો બીજું જ છે, અને તે ચોમો લુંગ્મા. નેપાળી ભાષામાં પૃથ્વીની માતા. પ્રાચીન જમાનામાં કયાં સાધનો વડે એ શિખરની ઊંચાઈ નેપાળી લોકોએ માપીને એને સૌથી ઊંચી પૃથ્વીની માતા બનાવી હશે?

૧૮૬૦માં કૅપ્ટન મૉન્ટગૉમરીએ કેટલાક હિંદીઓને આંકણી કરવાનાં યંત્રો કેમ વાપરવાં એ શીખવ્યું. એ જાણનારાઓને એણે 'શોધક પંડિતો' એવું નામ આપ્યું. પંડિતો એટલે બધા હિંદુ જ હતા એમ નહિ; કેટલાક મુસલમાન પણ હતા. તેમાં ખાસ જાણીતો થએલો મુલ્લાં અત્તામહમ્મદ. એક ઈરાની હતો–મીરઝાં શુજા. એણે ઉત્તર અફઘાનિસ્તાન ને પામીરમાં જવાનો માર્ગ શોધી કાઢ્યો.

કલ્યાણસિંગ અને હરિરામ એ બે જણે એવરેસ્ટ તરફના ડુંગરા ખૂંદ્યા હતા. તેઓ બંને છૂપે વેશે નેપાળમાં ભટકેલા. બંનેને અક્ષાંક્ષ રેખાંશનો સારો અભ્યાસ હતો. મોટે ભાગે તો તેઓ નેપાળી સાધુ બનીને ભટકતા. નેપાળી સાધુઓ હાથમાં માળાને બદલે એક ચક્ર ફેરવ્યા કરે છે. તેઓ એ ચક્રની અંદર દાબડામાં કાગળ પેન્સિલ રાખતા, તેમાં વખત મળ્યે છૂપી-રીતે નોંધો કરતા જાય. ગળે મણકાની માળામાં નાનાનાના ડોકાયંત્રો માદળીઆં તરીકે પહેરી રાખે. પાસે જે લાકડી રાખે તે અંદરથી પોલી. તેમાં જુઓ તો થર્મૉમીટર અને બીજાં માપવાનાં યંત્રો હોય! વળી થોડીથોડી દવા વગેરે પણ સાથે રાખે ને આમ શોધ ચલાવે. ધર્મના ઓઠા તળે આમ સાહસો કરનારાઓની હિંમત અને બુદ્ધિને ધન્ય નહિ? કેમકે એમાં જો પકડાયા તો ધર્મઝનૂનીઓ એમના બાર જ વગાડી મૂકે.

દરેક પંડિત આવી એક કે બહુબહુ તો બે રખડપટ્ટી કરી શકતો. પાછા વળતાં એની તબિયત મોટે ભાગે લથડેલી જ હોય. એ વેળા કંઈ મુસાફરીમાં આજના જેટલાં સાધન કે સગવડ ઓછાં જ હતાં? ચોર, લૂંટારા, માંસાહારીઓ, જંગલીઓ, જનાવરો તો ખરા જ. વગર રસ્તે, વગર ભોમીએ, ટાઢ, તડકો, વરસાદ, તોફાન, વીજળી વગેરે સાથે બાથ ભીડતાં મુસાફરી કર્યા જ કરવાની. ગણતરી કરવાની, નિરીક્ષણ કરવાનું, નકશા દોરવાના, ખરેખર એ પંડિતોને ધન્ય છે. એમની એ સાહસકથા કોણે લખી છે? એમણે સંઘરેલું જ્ઞાન આજે આપણી પાસે છે, કે જેને પરિણામે જ ૧૯૨૪-માં અને તે પછી એવરેસ્ટ પર ચડવાના પ્રયાસ શક્ય થયા. એ પ્રવાસીઓમાં એક પંડિત કિન્તુપનાં સાહસો રોમાંચક છે. તિબેટમાં સાંગ્પો નદી છે તે જ હિંદની બ્રહ્મપુત્રા છે એ નક્કી કરવાનું કામ એને સોંપવામાં આવેલું. કૅપ્ટન હરમને એને મોકલેલો. સંતલસ એવી કે હિમાલયની પૂર્વનાં વિકટ જંગલો પસાર કરતો એ નદીમૂળ તરફ ચાલ્યો જાય તેમતેમ એ અમુક જાતના લાકડાના ટુકડા નોંધ કરીને નદીમાં નાખતો જાય. હવે તમે બ્રહ્મપુત્રાનો પંથ જુઓ. બંગાળમાં ઉત્તરે ખૂણામાં કોઈ આગળ એ ટુકડા પર નજર રાખવાનું નક્કી કરવામાં આવેલું. બે વર્ષ સુધી એ તપાસ રાખવામાં આવી. પણ એકે ટુકડો હાથ ન લાગ્યો. પછી કૅપ્ટન હરમન માંદો પડ્યો અને ઈંગ્લંડ ગયો એટલે તપાસ રાખવાનું બંધ થયું. સાથેસાથે કિન્તુપના પાછા આવવાની આશા પણ મૂકી દેવામાં આવી.

પણ પેલી બાજુ કિન્તુપને તો તિબેટની સરકારે કેદ પકડેલો. એમાંથી એનો ચારે વર્ષે છુટકારો થયો. અને પછી? એણે શું કર્યું ધારો છો? હિંદુસ્તાનમાં રાહ જોતા એના કુટુંબને મળવા એ પાછો દોડી આવ્યો? અરે, એ તો ચાલ્યો નદીમૂળ તરફ, સીધો ને આગળ. જંગલો આવ્યાં ને સંતલસ પ્રમાણે એ લાકડાના ટુકડા કાપીકાપીને નદીમાં ફેંકતો ગયો. પણ અહીં કોણ હવે એની તપાસ રાખવા નવરું હતું જે! બીજાં બે વર્ષ શોધખોળ કરી બહાદુર કિન્તુપ પાછો આવ્યો,–અનેક કિંમતી, ઉપયોગી માહિતી સાથે. એણે વેઠેલી મુસીબતો ને કરેલાં સાહસોથી તો આખુ આંકણીખાતું દંગ થઈ ગયું. બ્રિટિશ સરકારે એને સી.આઇ.ઇ.નો ખિતાબ ને એક મોટા ગામડાની નવાજેશ કરીને ઘડપણમાં સુખે રોટલો ખાવાની સગવડ કરી આપી. ભૌગોલિક સભાએ એને માન આપ્યું. હજી આજે પણ એનાં સાહસો કલકત્તા ઑફિસના દફતરે નોંધાએલાં પડ્યાં છે.

એવરેસ્ટનું સંશોધન કરવા પંડિત હરિરામને મોકલવામાં આવ્યો હતો. છાનોછપનો એ નેપાળમાં ધૂસી ગયો, અને એવરેસ્ટની પશ્ચિમે થઈ તિબેટ પણ પહોંચ્યો. પણ એવરેસ્ટની તળેટી સુધી એ પહોંચી ન શક્યો. તે પછી તરત જ ઈ. ૧૮૭૯માં એવરેસ્ટના સાન્નિધ્યના પ્રદેશમાં શ્રીયુત શરત્ચન્દ્ર દાસે પ્રવાસો કર્યા. એના પછી ખટમંડુ થઇને કેટલાક રોમન કૅથોલિક ધર્મગુરુઓ ગયા હતા અને ૧૯૦૪માં સર ફ્રાન્સિસ યંગહસબંડે એક લશ્કરી રસાલો મોકલ્યો, પણ કંઈ જ માહિતી મેળવેલી નહિ.

એવરેસ્ટની પૂર્વમાં થઇને શરત્ચન્દ્ર દાસે ને એની પશ્ચિમે થઇને હરિરામે–એ બે શિખરિણીઓએ જે કંઈ માહિતી મેળવેલી તે ઉપર જ એ શિખર સમીપ જવા માટે ગણતરી કરવામાં આવી.

માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ ૨૯,૧૪૫. કર્નલ બુરાર્ડની છેલ્લી ગણતરી પ્રમાણે ૨૯,૧૪૧. કાંચનજંઘાને ૨૮,૨૨૫. યંત્રોમાં અવલોકનની ભૂલભાલ, વાદળ-ધુમ્મસોના આંતરા, સૂર્ય-

કિરણોના પડવામાં ફેરફાર, થીજ્યા બરફમાં વધઘટ, એ બધાં અનેક કારણે સહેજસાજ ભૂલો તો ગણતરીમાં આવ્યા જ કરવાની.

કાંચનજંઘા અને એવરેસ્ટ એ બેમાં ઊંચાઈમાં અલબત્ત એવરેસ્ટ વધે, પણ સૌંદર્યમાં-ભવ્યતામાં કાંચનજંઘા ચડિયાતું. પૃથ્વીના પટ પર પોતાનું સૌંદર્ય છટાથી દાખવનાર જો કોઈ પણ હિમગિરિ હોય તો તે કાંચનજંઘા. એ વીર ગિરિ છે. આપણે એવરેસ્ટને ઉમાશિખર કહી શકીએ. એ શરમાળ છે, અનેક બુરખા રાખે છે. પણ કાંચનજંઘા ગૌરી નથી, ગૌરીનાથ છે; ગૌરીશંકર છે. એ દેવી નથી, દેવ છે–મહાદેવ છે. હજી આજે પણ કાંચનજંઘાને ગિરિપ્રદેશના મહાદેવ તરીકે પૂજવામાં આવે છે. કોઈ પણ લામાને, કોઈ પણ ભૂતીઆને પૂછો,–કવિતામાં રૌદ્રરસ ને વીરરસ આલેખનારી ભલભલી જબાનને ભોંઠી પાડે એવી વાણીમાં એ લોકો કાંચનજંઘા ભગવાનની અનેક પ્રચંડ શક્તિઓનું વર્ણન કરવા મંડી પડશે. હજી આજે પણ સિક્કિમનો રાજા એ દેવને અર્ઘ્ય અપવા દર સાલ પૂજામહોત્સવ–કર્મકાંડ કરે છે. એ પૂજા ન થાય તો એ ગિરિપ્રદેશનો મહાદેવ મહા વિકરાળ ભયાનક સ્વરૂપધારી અનેક હિમશિલાઓ ઉછાળી ઉછાળી, હિમત હારી નાખે એવા મેઘનાદો વડે, તથા ઝંઝાવાતો, હિમપ્રપાતો, ધુમ્મસવંટોળો વડે મનુષ્યને હેરાન કરી નાખે એવી માન્યતા છે.

હિમાલય આખામાં કાંચનજંઘા જેટલો ક્રોધાગ્નિ બીજા કોઈ પણ શિખર પર નથી પ્રજ્વલતો. એણે આજ સુધીમાં ભોગ પણ કાંઈ ઓછા નથી લીધા; પણ ક્રોધાગ્નિ શમતાં એનું શાંત દર્શન પણ તેટલા જ પ્રમાણમાં મનોરમ છે. નેપાળ, ભૂતાન અને સિક્કિમમાં મનાતી માન્યતા પ્રમાણે કાંચનજંઘા તોફાનોનો મહાક્રોધી મહાદેવ ગણાય છે. એનો ક્રોધાગ્નિ, એની ભવ્યતા, એનું કલ્યાણદર્શન અનેરાં જ છે; હિમાલયમાં એ અનન્ય છે.

માઉન્ટ એવરેસ્ટ, કાંચનજંઘા જેમ નેપાળ અને સિક્કિમની હદ પર છે, તેમ તેની પશ્ચિમે ને સહેજ ઉત્તરે, આશરે સવાસો માઈલ છેટે, નેપાળ અને તિબેટની સરહદ પર શિખરમણિ એવરેસ્ટ અનેક ગિરિમાળોથી, અનેક હિમહારોથી આચ્છાદિત શોભે છે. નેપાળની સરકાર ત્યાં જવાને પરવાનગી આપતી ન હતી એટલે દાર્જીલિંગથી ખીણો ઓળંગી ઓળંગી છેક તિબેટ જઈ, પછી ત્યાંથી પાછા દક્ષિણે આવીને શિખર સર કરવું રહ્યું.

તિબેટ આખો એક ઉચ્ચપ્રદેશ છે: ૧૦થી ૧૨ હજાર ફૂટ ઊંચો. ત્યાં કાઠગોદામ અને અલમોડા થઈ માનસરોવરને રસ્તેરસ્તે પણ જઈ શકાય ને દાર્જીલિંગથી પણ જઈ શકાય. તિબેટ એમ પણ સુગમ છે કે હિમાલયની મોટા ભાગની નદીઓ હિંદુસ્તાન તરફ વહે છે. હિંદુસ્તાનમાંથી સીધા જતા એ બધી રસ્તામાં નડે છે. તિબેટ પહોંચ્યા પછી એ નદી ધોધો ઓળંગવાની અડચણ નડતી નથી. ત્રીજો લાભ એ છે કે એ તરફનો ઢોળાવ ચડી શકાય એવો છે. નેપાળ બાજુથી એક તો એવો મોટો ચડાવ આવે છે, કે જે ચડવો લગભગ અશક્ય છે.

એવરેસ્ટની ચોપાસના ગિરિપ્રદેશનું ભૌગોલિક જ્ઞાન સંપાદન કરનારા બે વીરલાઓનાં નામ કદી ભુલાવાનાં નથી. એક ડૉક્ટર કેલ્લાસ. કૅલાસ નહિ, પણ Kellas અને બીજો મૅલરી (Mallory). એ ઉપરાંત સર ફ્રાન્સિસ યંગહસબન્ડ, જનરલ બ્રુસ, હાવર્ડબરી, કૅપ્ટન નોએલ વગેરે અનેક શિખરિણીઓની બુદ્ધિમત્તા, સાહસપ્રવાસો ને અવલોકન પ્રમાણોની પણ મદદ છે. પરંતુ પહેલા બંનેની વધારે. અને તેમાં યે જો જગતના શિખરિણીઓ કોઇને પણ માથું નમાવતા હોય, અર્ઘ્ય આપતા હોય, તો તે મૅલરીને. એનાથી ઊંચી મૃત્યુશય્યા હજી કોઈ મનુષ્યે કે જીવજંતુએ સ્વીકારી નથી. ૨૮,૦૦૦ ફૂટ ઊંચે એ ગગનગૌરીને ખોળે એનો દેહ હજી યે હિમાચ્છાદિત એમનો એમ કદાચ પડ્યો હશે!

ડૉ. એ. એમ. કેલ્લાસને હિમાલય ઉપર કોઈ અજબ ભક્તિ અને આકર્ષણ હતાં. ગંગાનાં દર્શન કરવાનું, ગંગાકિનારે લીલા વિસ્તારવાનું જેમ ભટ્ટ મૅક્સમુલરને મન, તેમ ડૉ. કેલ્લાસને હિમાલય સાથે તાદાત્મ્ય સાધવાનું મન. અસલ એ સ્કૉટલૅંડનો વતની. લંડનમાં મિડલસેક્સ ઑસ્પિટલમાં ધંધો કરે. દર રજામાં સ્ટીમરમાં બેસી મુંબાઈ ઊતરી સીધો દાર્જીલિંગ દોડે, અને મળે એટલો વખત હિમાલયમાં ગાળે.

જગતની સારામાં સારી, બહાદુરમાં બહાદુર, કસાએલી ટેવાએલી, ખડતલ, પ્રામાણિક, વફાદાર પહાડી જાત તે શેરપા;–જેમની મદદ વગર કોઈ યુરોપીઅન હિમાલય નહિ ખૂંદી શકે, વજ્ર જેટલા સખત ને કુસુમ જેવા સરળ દિલના એ ભરવાડો સાથે ડૉક્ટર કેલ્લાસે દોસ્તી બાંધી. એમની મદદ વડે, પોતાનાં અટકળ, અવલોકન, બુદ્ધિ અને સાહસબળે એણે કૈં કેટલાં યે શિખરો સર કર્યાં. કાંચનજંઘાની આસપાસનો પ્રદેશ પણ એણે જ નોંધ્યો. ૨૨,૩૬૦નું સીમ્વુ, ૨૨,૮૦૦નું લૅંગ્પો, ૨૧,૧૪૦નું સેન્ટીનલ (સંત્રી) એટલાં શિખર તો ૧૯૧૦ પહેલાં એણે સર કર્યાં. એણે કરેલી અનેક વૈજ્ઞાનિક, ભૌગોલિક શોધો અમૂલ્ય છે. એવરેસ્ટ પહોંચવાના માર્ગનું એનું જ્ઞાન અગાધ હતું. એવરેસ્ટના સંદરમાં સુંદર ફોટોગ્રાફોનો એની પાસે થોક હતો. હિમાલયના વાતાવરણ વિષે, ત્યાંના હિમપ્રપાતો, બરફની નદીઓ, ધોધ, ધુમ્મસ, વરસાદ વગેરે વિશે એની માહિતી ઘણી કિમતી હતી. એવરેસ્ટ સહેલાઈથી પહોંચવાનો ટૂંકો ટાંકો લા, અને લાંગ્મા લાનો ખીણરસ્તો પણ એ જ જાણતો.

એવરેસ્ટ સર કરવાના ૧૯૨૧ના પહેલા પ્રયાસમાં એને સરદારી આપવામાં આવી.

૧૯૨૧ની ચોથી જૂને ૭ વાગ્યે ડોળીમાં ઊંચકાઇને એ આગળ વધ્યો. મરડો એકાએક વધ્યો. જોડીદારો જરા આગળ ગયા હતા. અને કંપાજંગ તરફ ચાલ્યા જતા હતા. એટલામાં તેમને એક નોકરે રડતાંરડતાં આવીને ડૉ. કેલ્લાસના હૃદય બંધ પડવાથી ગુજરી જવાના સમાચાર કહ્યા. આસપાસનાં પાહુનરી, કાંચરીઓ અને ચોમીઓમો, ત્રણે શિખરોને સર કરનાર ડૉક્ટર કેલ્લાસે ત્યાં બરફમાં જ પોતાની કબર કરી લીધી. એ કબર આગળથી ૧૧૨ માઈલ દૂર માઉન્ટ એવરેસ્ટની સહેજ ટોચ અલપઝલપ દેખાયા કરે છે.

પછી તો કર્નલ હાવર્ડબરીની સરદારી હેઠળ મૅલરી, બુલૉક, મૉરશેડ વગેરેએ ઝંપલાવ્યે રાખ્યું. તડકાતાપમાં નીરસ મુસાફરી કરતાં કરતાં મૉરશેડે ૫૦ માઈલના નવા નકશા દોર્યા; લામાઓની દોસ્તી કરી; દલાઈ લામાના આશીર્વાદ મેળવ્યા. એની મદદથી પહેલી વાર મૅલરીએ રૉંગબક ખીણથી એક હજાર ફૂટ ઊંચે જઇને એવરેસ્ટનાં દર્શન કર્યાં. એ વેળા એના હૃદયમાં થએલા આનંદમંથનનું વર્ણન હું શું કરી શકું?

ડૉ. કેલ્લાસ રજાઓમાં હિમાલય ખૂંદવા છેક ઇંગ્લંડથી અહીં આવે. જ્યારે આપણે ત્યાં? આપણો મહાન અને વિદ્વાન કૉલેજીઅન ૨૦-૨૫ ફિલ્મો વધારે જુએ કે પોતાના ગામમાં જઇને શહેરી જીવનની બડાઇઓ હાંકે! બહુબહુ તો માથેરાન–મહાબલેશ્વરની સ્પૉર્ટ જોવામાં કે કદીક અર્ધા ફર્લાંગની રેસ દોડવામાં ભાગ લેવામાં તો હદ થઈ ગઈ! સાતપૂડાનું સૌંદર્ય, ગિરનારની ભવ્યતા, આબુનું ગૌરવ, મહી, તાપી ને નર્મદા કાંઠાની મોહિની, કેખંભાત કિનારાનો સમુદ્રઉછાળ, ચાંદોદકરનાળીનો અનુપમ ત્રિવેણી-સંગમ, ગુજરાતનાં હરણ, મોર ને સારસ; જામનગરનો રંગાટ, મહુવાનાં રમકડાં, ખંભાતના અકીકનો હુન્નર, ડાંગના જંગલો ને એ વગડા કિનારની ગિરિમાળ, સંજાણના ડુંગરાઓ, દાહોદની બાજુનો ભીલ મુલક ... કેટલું ગણાવીએ? પાર નહિ એટલું, એ બધું આપણા ભણેલા, વિદ્વાન, ગુજરાતી યુવાનોએ ક્યારે, કોણે, કેટલાએ જોયું તપાસ્યું છે?

'કુમાર'માં અવારનવાર જાદુઈ ચોરસો આપ્યા કર્યા છે. પરંતુ એવા ચોરસો આપવા કરતાં વાચકોને તે જાતે બનાવી લેવાની પદ્ધતિ બતાવી હોય તો જ્ઞાનાર્જનના આનંદ ઉપરાંત તેનું રહસ્ય વધુ સમજાય.આથી આફ્રિકાનિવાસી શ્રી મગનભાઈ ર. પટેલના લેખને શ્રી મોહનલાલ પંચોળીની સહાયથી સરળ તથા વિસ્તૃત રૂપે આ અંકમાં આપ્યો હતો.

આવા ચોરસો જે એકી સંખ્યાનાં ખાનાંના બનેલા હોય તેમાં ક્રમિક સંખ્યા ગોઠવવાની રીત વધારે સહેલી છે.

એક પછી એક સળંગ ચાલી આવતી સંખ્યાઓ તે ક્રમિક કહેવાય છે: જેમકે ૧, ૨, ૩, ૪, ૫, વગેરે; ૨૬, ૨૭, ૨૮ વગેરે.

હવે દાખલો લઇને તેની પદ્ધતિ સમજીએ.

૮	૧	૬
૩	૫	૭
૪	૯	૨

૧૭	૨૪	૧	૮	૧૫
૨૩	૫	૭	૧૪	૧૬
૪	૬	૧૩	૨૦	૨૨
૧૦	૧૨	૧૯	૨૧	૩
૧૧	૧૮	૨૫	૨	૯

અહીં બે ચોરસ આપેલા છે. પહેલો ત્રણ ખાનાંનો (એટલે એકંદરે નવ ખાનાંનો) ચોરસ છે. બીજો પાંચ (એટલે પચીસ)નો છે.આ એકી સંખ્યાનાં ખાનાંવાળા ચોરસમાં ક્રમિક અંકો ગોઠવી જાદુઈ ચોરસ બનાવવાની પદ્ધતિ નીચે મુજબ છે.

(૧) ક્રમિક સંખ્યાનો પહેલો અંક ચોરસની સૌથીઉપલી આડીહારનાવચલાખાનાંમાંમૂકો.

(૨) હવે એ મૂકેલા અંકવાળી મધ્ય ઊભી હારમાં છેક નીચે આવી જમણી તરફના ખાનાંમાં બીજો ક્રમિક અંક મૂકો.

(૩) એ બીજા અંકથી ત્રાંસી હારમાં ત્રીજો, ચોથો એમ અંકો, જ્યાં સુધી એ ત્રાંસી હાર પૂરી થાય ત્યાં સુધી મૂકથે જાઓ.

(૪) આ રીતે ગોઠવતાં જે અંક છેડે આવે તેની તરતની ઉપલી હારના ડાબી તરફના છેક પહેલા ખાનાંમાં હવે તે પછીનો ક્રમિક અંક મૂકી, વળી ત્રાંસી હારમાં એ જ પ્રમાણે ક્રમિક અંકો મૂકતા જાઓ.

(૫) આ પ્રમાણે ત્રાંસી હારમાં ગોઠવતા જઇ, ફરીથી જે ખાનાંથી આગળ જઇ શકાય તેમ ન હોય તે ખાનાથીતરતજ નીચેના ખાનામાં આગળનોઅંક મૂકીફરી પાછા ત્રાંસા ચાલો.

(૬) એ પ્રમાણે કરતા જઇને છેવટે જ્યારે ચોરસની છેક ઉપરની હદ પર આવેલા ખાનામાં અંક ગોઠવાઇ જાય ત્યારે પછી તે જ ખાનાની ઊભી હારમાં એકદમ નીચે જઇ જમણીબાજુના પહેલા ખાનામાં તે પછીની સંખ્યા ગોઠવો.

હવે ફરી પાછી નંબર ત્રણથી શરૂ થતી સૂચનાઓ મુજબ અંકો ગોઠવતા જાઓ. અને આ પ્રમાણે બધાં ખાનાં ભરાય ત્યાં સુધી ગોઠવો.

ઉપરની પદ્ધતિ જો બરોબર સમજાઇ ગઇ હોય તો હવે આ બે બીજા દાખલા આપમેળે પ્રયત્ન કરી જોઇ મેળવી લો:

૨૭	૨૦	૨૫
૨૨	૨૪	૨૬
૨૩	૨૮	૩૧

(૧) ૨૦ થી શરૂ કરીને તે પછીની ૯ ક્રમિક સંખ્યાઓને જાદુઈ ગોઠવણમાં મૂકો.(૨) ૧૧થી પછીની ૨૫ ક્રમિક સંખ્યાઓને જાદુઈ ગોઠવણમાં મૂકો.

૨૭	૩૪	૧૧	૧૮	૨૫
૩૩	૧૫	૧૭	૨૪	૨૬
૧૪	૧૬	૨૩	૩૦	૩૨
૨૦	૨૨	૨૯	૩૧	૧૩
૨૧	૨૮	૩૫	૧૨	૧૯

આ ગોઠવણ બરાબર છે કે નહિ તેનો તાળો મેળવવા માટે નીચેની બે બાબતો તપાસો.

(૧) ગોઠવવાની સંખ્યાનો પહેલો ને છેલ્લો અંક ઊભી વચલી હારની છેક ઉપર અને છેક નીચે આવેલો હોવો જોઇએ. (૨) ક્રમિક સંખ્યાના વચલા બધા અંકો ચોરસના ડાબી બાજુના નીચલા ખૂણાથી ઉપર જમણી તરફ જતી ત્રાંસી હારમાં ગોઠવાઈ ગએલા હોવા જોઇએ.

હવે દરેક હારમાં ગોઠવાએલા અંકોનો સરવાળો કેટલો થાય તેનો પણ તાળો મેળવવાની રીત છે.ક્રમિક સંખ્યાના પહેલા અને છેલ્લા અંકના સરવાળાને ૨ વડે ભાગવાથી જે ભાગાકાર આવે તેને, જેટલાં ખાનાંનો ચોરસ હોય તેટલા વડે ગુણવાથી જે જવાબ આવે તેટલો સરવાળો એ ચોરસની દરેક લીટીનો થવો જોઇએ. જેમકે ઉપરના નંબર(૨)ના ચોરસમાં વચલી લીટીમાં મથાળે ૧૧ અને છેડે ૩૫ છે. એટલે ૧૧+૩૫÷૨×૫=૨૩×૫=૧૧૫ થાય. આ રીતે નંબર(૧)ના ચોરસને પણ તપાસી જાઓ.

કૌશલકળાના બીજા ખેલો

જાદુના કેટલાક ખેલો આપણે ગયા અંકમાં જોઈ ગયા. અહીં હવે બીજા વધુ સરળ અને તમે પણ બહુ સહેલાઈથી અજમાવી શકો તેવા પ્રયોગો જોઇએ.

ભ્રામક બંગડી: એક બંગડી વચ્ચે ઝૂલતી મૂકીને જાદુગરના બંને હાથ દોરી વડે બાંધી દીધા છે. (જુઓ આકૃતિ) પલક બે પલક જાદુગર અભિનયો કરતો કરતો પીઠ ફેરવી જાય છે. અને જ્યારે તે પ્રેક્ષકોની સન્મુખ થાય છે ત્યારે પેલી બંગડી દોરીમાં નહિ પણ તેની હથેળીમાં હોય છે. હાથ તો હજી યે એમને એમ જ બંધાએલા છે.



દોરીમાં લટકાવેલી બંગડી જેવી જ બીજી એક વધારાની બંગડીનો જાદુગર આમાં ઉપયોગ કરે છે. પીઠ ફેરવતી વખતે જ તે પેલી ઝૂલતી બંગડીને એ હાથમાં પહેરી લઇ પોતાના પોષાકની બાંયમાં સંતાડી દે છે અને વધારાની બંગડી તે પ્રદર્શિત કરે છે. (જુઓ આકૃતિ ૨)

સ્વયં ઊંચકાતું પાનું: પાનાંના ખેલ વિનાનો જાદુનો ખેલ અધૂરો જ. અહીં જાદુગર પાનાંની એક જોડ કાઢી કહે છે કે આ તો તેની ખાસ માનીતી જોડ હોઈ તેમાંનું પ્રત્યેક પાનું તેની આજ્ઞાનુસાર જ વર્તે છે. અને પછી તુરત તે કોઈ પણ એક પાનાને બહાર આવી પ્રેક્ષકોને સલામી આપવા ફરમાવે છે. અને ખરે એ પાનું જ જોડમાંથી બહાર આવે છે. (આકૃતિ ૧)



અહીં જાદુગરે પ્રથમથી જ આકૃતિ ૩ પ્રમાણે કેટના ખોખાને કાપી નાખ્યું હોય છે.(આ.૩) હુકમ કરતી વખતે એ કાણામાંથી આંગળી વડે એ પાનાને ધીમે ધીમે ઊંચું ચડાવે છે.(આ.૨) અને કો પાનું કયું હશે એ તો એણે જાણી જ રાખેલું હોય છે. —'પુન્શુન્તાન'

અનુસંધાન] મા [પૃષ્ઠ ૪૭થી

પોલ ઉઘાડી પડી જતી. મારી જાણમાં માએ કહેલી વાતો ઘણીખરી સાચી પડી હતી. ચાળીસ વર્ષ પહેલાં જ્યારે હું કૉલેજમાં ભણતો હતો, તે વખતે તેણે મારા આખાય જીવનનો નકશો દોર્યો હતો. એ ચાળીસ વર્ષો દરમ્યાન તેણે ભાખેલી બધી વાતો સાચી પડી હતી.

ખાવાપીવામાં એ બહુ નિયમસર હતી. મારા હાથનું અડકેલું એ ખાતી નહિ, પરંતુ અસ્પૃશ્યપણામાં એ બિલકુલ માનતી નહોતી. મેં એને ચમાર અને ભંગી સ્ત્રીઓ અને તેમનાં બાળકોને પોતાની પાસે વહાલથી બેસાડતાં, તેમની દવા કરતાં અને એ બાળકોને ખોળામાં લઇ બેસારતાં ઘણી વાર જોઇ છે.

અમે પાંચ ભાઇબહેન હતાં. એ બધાંયને સરખાં જ ચાહતી; પરંતુ એ બધું હોવા છતાં મારા પ્રત્યે તેનો સ્નેહ અધિક હતો. એ કહેતી: 'મને ૨૪ વર્ષની ઉમ્મર સુધી કોઈ બાળક નહોતું થયું. મને પોતાને તો એનું કાંઈ ખાસ દુઃખ નહોતું. મને બાળકની ઝાઝી અભિલાષા પણ નહોતી, એને તો હું ઝંઝટ માનતી. એ ઉમ્મરે જ્યારે પહેલું બાળક છોકરી થઈ, ત્યારે જરૂર કામના થઈ કે ઈશ્વરે જ્યારે સંતાન આપ્યું છે, તો પુત્ર પણ આપે અને મેં મહાદેવને તેવી પ્રાર્થના પણ કરી હતી. ચાર વર્ષ બાદ તારો જન્મ થયો ત્યારે મારાં સાસુ કહેવા લાગ્યાં કે કાટજુ વંશમાં બે પેઢિયો થયાં કોઈ છોકરો જન્મ્યો નથી. ખોળે લઈલઇને આ વંશ ચાલુ રાખ્યો છે. મારાં એવાં નસીબ ક્યાં કે આ છોકરાનું સુખ હું પામું? એમનું કહેવું સાચું પડ્યું અને આઠ મહિનામાં જ એ પરલોક સિધાવી ગયાં. હું પણ બિમાર પડી ગઈ. સુવાવડ પછી તરત જ બે વર્ષ પર્યંત તાવ રહ્યો, જાણે ક્ષય જ લાગુ પડ્યો હતો. હું મરતાં મરતાં બચી હતી. રાતની રાતો ચિંતામાં જતી, આંખમાંથી આંસુ વહેતાં અને વિચારો આવ્યા કરતા કે આ બાળક કેટકેટલી કામનાઓ પછી મળ્યું છે, તે કોણ જાણે કોનાય હાથમાં જઈને પડશે. કઇ સ્ત્રી એની સાવકી મા બનશે, કોણ એને ઉછેરશે? હું મહાદેવજીને વારંવાર પ્રાર્થના કરતી કે તમે મને છોકરો આપ્યો છે, તો મને આયુષ્ય પણ આપો કે જેથી એનું હું રક્ષણ પણ કરી શકું. ભગવાને મારી વિનતિ સાંભળી અને તે ય એવી સાંભળી કે તને મોટો કર્યો એટલું જ નહિ, બલકે તારાં છોકરાં ને એમનાં ય છોકરાં જોવાનું સુખ હું પામી રહી છું. તું પણ મને વળગ્યો જ રહેતો હતો. ચાર વર્ષ પર્યંત તું મને ધાવતો હતો.' આવી માનો ઉપકાર કોણ વાળી શકે ને શી રીતે વાળી શકે?

અંતે આંખો જવાથી એનું હરવુંફરવું બંધ થઈ ગયું, તો પણ નોકરનો હાથ પકડીને રોજ સવારમાં એ બાગમાં ફરતી કે જેથી તબિયત સારી રહે. જ્યારે ૮૦ વર્ષની ઉમ્મર થઈ ત્યારે ગૌતમ બુદ્ધની જેમ કહેવા લાગી કે આ શરીર હવે કામનું નથી રહ્યું, તેનો ત્યાગ કરવો એ જ ઉચિત છે. સ્વાસ્થ્ય પણ નબળું પડી ગયું હતું. એણે બધી તૈયારી કરી લીધી. પોતાની નજર સામે જ પોતાના હાથે જે ઘરેણાં તેનાં પોતાનાં હતાં તે વહુઓ, દીકરીઓ ને તેમનાં બાળકોને વહેંચી દીધાં અને જેટલું દાન કરવા માગતી હતી તે બધું દાન કરી દીધું. એક ટ્રંકમાં પોતાને માટે એક જોડ સાડી મુકાવી રાખી કે જેથી મરણબાદ તે પહેરાવી શકાય અને આમ પોતાની અંતિમ યાત્રાની તેણે બધી જ તૈયારી કરી લીધી. ગીતાનો પાઠ નિયમિત તે પોતે કરતી અને સાંભળતી પણ હતી. આઠમા અધ્યાય પ્રત્યે તેને ખૂબ રુચિ હતી અને બન્યું પણ તેમજ. સંવત ૧૯૯૬ના શ્રાવણ માસના શુક્લ પક્ષના પ્રદોષના દિવસે બપોરના દોઢ વાગે કે જ્યારે સૂર્ય બરાબર તપતો હતો તે વખતે, માએ પ્રયાગરાજની મહાત્યાગ ભૂમિમાં, જેવી એની મનોકામના હતી તે મુજબ, દેહત્યાગ કર્યો. કોઈ પણ પ્રકારની કશી તકલીફ નહોતી થઈ. વાતો કરતાંકરતાં પટખુ ફેરવીને પરલોક ચાલી ગઈ. અમે બધા તેની સમક્ષ હાજર હતા, પરંતુ મારી પત્ની માંદગીના કારણે નૈનિતાલ હતી. તેને બોલાવી પણ હતી, પણ તેને આવતાં જરા વિલંબ થયો. બસ એને જ વારંવાર એ યાદ કરતી હતી. કેટલીય વાર પૂછ્યું. 'લક્ષ્મીરાણી ન આવી? ક્યારે આવશે?' પછી તો જેમ ભગવાને કહ્યું છે:

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही॥ २/२२

મનુષ્યો પોતાનાં જૂનાં વસ્ત્રો કાઢીને નવાં બદલે છે, તે જ મુજબ માએ પણ પોતાના શરીરનો ત્યાગ કર્યો.

લક્ષ્મીરાણી થોડાક કલાકો બાદ જ ઘેર આવી પહોંચી ને માનાં અંતિમ દર્શન કરવા ભાગ્યશાળી થઈ. એ દિવસે મને એ પણ જાણવા મળ્યું કે શાથી હિંદુ સ્ત્રીઓની અભિલાષા એવી હોય છે કે તે પોતાનું સોહાગ સાથે લઇને જાય. મા ઘણા દિવસોથી રંગીન કિનારીનો સફેદ સાડલો પહેરતી હતી. જો કોઈ તેને રંગીન રેશમી વસ્ત્ર લાવીને પહેરવાનું કહેતું તો જવાબ મળતો કે ઘડપણમાં મને તે એ શોભત હશે! પરંતુ જે સાડલો તેણે અંતિમ યાત્રા માટે ટ્રંકમાં રાખી મૂક્યો હતો એ લાલ રંગનો સુંદર સાડલો હતો અને નવડાવી-ધોવડાવીને જ્યારે તેને એ પહેરાવવામાં આવ્યો અને માથે સિંદૂરનો ચાંલ્લો કરવામાં આવ્યો ત્યારે તો તે જાણે કોઇ નવવધૂ હોય એવી સુંદર ભાસતી હતી. અને ઈશ્વરે પણ કોઇ એવી કરામત કરી હતી કે એના ચહેરા પરથી વૃદ્ધાવસ્થાનાં બધાં ચિહ્નો મટી ગયાં હતાં અને સોહાગરાણી પોતાનું સોહાગ સાથે લઈને હસતી રમતી ચાલી ગઇ!

સાહિત્યસંપર્ક

બાલ-પ્રકાશનો

એ તો જાણીતી વાત છે કે યુરોપ-અમેરિકામાં બાળકો માટેનાં પ્રકાશનો અત્યંત ઉત્કૃષ્ટ કોટિનાં હોય છે. ઊજળા દૂધ જેવા જાડા કાગળ ઉપર, બહુરંગી રોચક ચિત્રો સાથે જ્ઞાન અને ગમ્મત આપે તેવી વાર્તાઓ આદિનાં મોહક પુસ્તકો ત્યાંનાં બાળકોના બુદ્ધિવિકાસમાં મોટો ફાળો આપે છે. નેધરલૅન્ડઝમાં છપાએલાં એવાં અંગ્રેજી પુસ્તકોમાંનો અંગ્રેજી મજકુર કઢાવી નાખીને, તેને સ્થાને ગુજરાતી વગેરે દેશ્ય ભાષાઓનો મજકુર છપાવી મંગાવી, મૂળ પુસ્તકના સુંદર ચિત્રો અને ઉમદા મુદ્રણનો લાભ આપણા વાચકોને આપવાની યોજના આપણા સાહસિક પ્રકાશક મેસર્સ વોરા ઍન્ડ કંપનીએ કરી છે. તેનાં બે પુસ્તકો **બિબી** અને **પિપી** બહાર પડયાં છે. આ પુસ્તિકાઓમાં અનુક્રમે બિલાડી અને દીપડીની જ્ઞાનદાયક ગમ્મતકથાઓ છે. આપણા થોકબંધ બાલ-સાહિત્યનાં પુસ્તકોમાં પોતાનાં રૂપગુણથી તરી આવતાં આ પ્રકાશનોમાં નામો તથા વાર્તાવસ્તુ પણ મૂળ અંગ્રેજીનાં જ રાખ્યાં હોત તો વધુ ઉચિત લાગત એમ એક દૃષ્ટિએ જોતાં લાગે છે. એક એક રૂપિયાની કિંમતનાં આ પુસ્તકો બહુ મનમોહક બાળભેટ બને તેવાં છે.

એ જ પ્રકાશકે આપણી, પરદુ:ખભંજન રાજાવીર વિક્રમની, લોકભોગ્ય તેટલી જ કુમારભોગ્ય, સાહસ અને વ્યવહારના જ્ઞાન સાથે રસબોધ આપતી **સિંહાસન બત્રીસી**ની વાર્તાઓ પૈકી પહેલી વાર્તા ચિત્રવાર્તા તરીકે (૦-૭૫ની કિંમતે) બહાર પાડી છે. (વોરા ઍન્ડ કં. પ્રા. લિ., કાલબાદેવી, મુંબાઈ-૨)

ઉપર્યુક્ત **બિબી** અને **પિપી**ની ઢબે રશિયન તથા ચીની બાળ-સાહિત્યનાં તેમજ પ્રૌઢ વાચનનાં અંગ્રેજી પુસ્તકોનો મજકુર હિંદી, મરાઠી, ગુજરાતીમાં ફેરવીને પ્રકટ કરેલાં પુસ્તકો મુંબાઇ અમદાવાદ જેવાં મોટાં શહેરોમાં પાણીને મૂલે ને ઢગલાબંધ વેચાય છે. તે પણ ઊંચા કાગળ ઉપર આકર્ષક બહોળાં ને સુંદર ચિત્રો સાથે મૉસ્કો-ચીનની સફાઈદાર ને ઉઠાવદાર છપાઈમાં હોય છે. એવાં નીચેનાં હિંદી પુસ્તકો લોકમિલાપ કાર્યાલય (પો.ઑ. ૨૩, ભાવનગર) તરફથી મળ્યાં છે. તે સુડોળ અને રંગરોચક હોવા છતાં પ્રચારલક્ષી હોઈ તેનું સઘળું જ વાર્તાવસ્તુ રોચક બનતું નથી. **उपहार**: મનરંજક નુસખાઓ, ટુચકાઓ, ચિત્ર-કરિગો, ૦-૪૦; **गेहूँ की बाली**: રશિયાની એક લોકવાર્તા, ૦-૩૦; **दो कहानियाँ**: બે રોચક વાતો, ૦-૩૦; **तीन भालू**: ત્રણ રીંછની વાર્તા, ૦-૪૦; **बूढ़े आदमी का दस्ताना**: રસિક વાર્તા, ૦-૨૫; **लोमड़ी की कहानियाँ**: લોંકડીની વાર્તાઓ, ૦-૩૦; **ब्लाक के ऊपर ब्लाक**: રસમય બાળ ટુચકાઓ, ૦-૨૫; આંગણાનાં પશુપંખીનાં ચિત્રો, ૦-૭૫.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય (ભદ્ર પાસે, અમદાવાદ-૧)નાં પ્રકાશનો વસ્તુ-વિશુદ્ધિ માટે ખ્યાત છે. બાળકોમાં આચારવિચારની શુદ્ધિ, વિવેક અને આગ્રહ કેળવતાં તથા સરળ ને સંક્ષિપ્ત ભાષામાં લખાએલાં ને મોટાં અક્ષરોમાં છાપેલાં એમનાં નીચેનાં સચિત્ર પ્રકાશનો પણ ભેટ આપવા યોગ્ય છે. **'બાળકોનું આચરણ', 'બાળકોના ગુણ', 'બાળકોની દિનચર્યા', 'બાળકોને બોધ'** અને **બાળકોની બોલચાલ'**: દરેકના ૦-૨૫; **'બાળકોની નીતિશિક્ષા**ને અનુરૂપ આપણી સંસ્કૃતિનો તત્ત્વબોધ, સ્ફોટક શ્લોકો સાથે, લેખક: જયદલાલ ગોયન્કા, ૦-૫૦.

બાલજીવન કાર્યાલય(બાજવાડો, વડોદરા) તરફનાં નીચેનાં પુસ્તકો પણ એ સંસ્થાની પરંપરાને જાળવી રાખે એવાં બહાર પડ્યાં છે: **ચોર બ્રાહ્મણ**: જાણીતા ને લોકપ્રિય બાળ સાહિત્યકાર શ્રી રમણલાલ નાનાલાલ શાહે બૌદ્ધ જાતકકથાઓ પરથી બાળકો માટે રુચિકર શૈલીમાં લખેલી આઠ વાર્તાઓ; **હૃદય-પલટો**: એ જ લેખકની બીજી છ જાતકવાર્તાઓ; **ચાર મિત્રો**: એ જ લેખકની રસમય સળંગ વાર્તા; **અદ્‌ભુત અલકા**: જગનામી બાળવાર્તા 'એલિસ ઇન ધ વન્ડરલૅન્ડ' પરથી શ્રી ભરતરામ ભાનુસુખરામ મહેતાએ કરેલું ટૂંકું રૂપાંતર; દરેકના ૦-૬૫.

અન્ય પ્રકાશનો

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં

ગીતામાં જીવનની કળા: ચેતનવિજ્ઞાનની દૃષ્ટિએ જીવનદર્શન માટે જગતમાં સર્વમાન્ય ને અપૂર્વ ઠરેલા ગ્રંથ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના તત્ત્વજ્ઞાનને આપણા દૈનિક જીવનમાં કઇ રીતે ઉતારી–પ્રમાણી શકાય તે વિષે આપણા વિદ્વાન ચિંતક ને ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ ઉપકુલપતિ શ્રી હરસિદ્ધભાઈ દીવેટિયાએ અંગ્રેજીમાં લખેલા મનનીય પુસ્તક 'આર્ટ ઑવ લાઈફ ઇન ભગવદ્‌ગીતા'નો શ્રી વાસુદેવ મહાશંકર જોષીએ કરેલો અનુવાદ, ૩-૦૦; **કાશ્મીરનો પ્રવાસ** અથવા **સ્વર્ગનું સ્વપ્નું**: પદ્યમાં ભાવસંવેદનના નિરૂપણમાં સિદ્ધહસ્ત એવા આપણા કવિ કલાપીની, સૃષ્ટિસૌંદર્ય નીરખવાની તથા તેને સરળ ને રસિક શૈલીથી ગદ્યમાં આલેખવાની શક્તિની તેમજ તેમના સંસ્કારી હૃદયની પ્રતીતિ પણ તેમણે છેક ૧૮ વર્ષની ઉમરે કરાવી હતી. એ સમયે, ઈ. ૧૮૯૨માં તેમણે કરેલા કાશ્મીર-પ્રવાસના વર્ણનરૂપ પત્રો તેમણે પોતાના શિક્ષક શ્રી નરહર બાલકૃષ્ણ જોષીને લખેલા તે ગુજરાતી સાહિત્યમાં ખ્યાતનામ છે. શ્રી કપિલ ઠક્કરે કરાવેલા શ્રી 'કલાપી'ના સંક્ષિપ્ત પરિચય તેમજ શ્રી 'કલાપી'ની તસવીર સાથે, ૦-૭૫; **સનત્સુજાતનો ઉપદેશ**: બ્રહ્માના પુત્ર મુનિ સનત્સુજાતે ધૃતરાષ્ટ્રને મહાભારતના પાંચમા-'ઉદ્યોગપર્વ'માં સમજાવેલું મૃત્યુનું રહસ્ય, જેમાં તેમણે પ્રમાદને જ મૃત્યુ તરીકે ઓળખાવ્યો છે. મૂળ શ્લોકો, અર્થ અને શ્રીમત્‌ શંકરાચાર્યના ભાષ્યના અનુવાદ સાથે, અનુવાદક: શ્રી ગિરિજાશંકર મયાશંકર શાસ્ત્રી, ૦-૭૫; **શ્રી સુંદર વિલાસ**: વેદાન્તનું સંસ્કૃત ભાષામાં વ્યક્ત થએલું ગૂઢ ને ઉત્કૃષ્ટ તત્ત્વજ્ઞાન સર્વજનસુલભ કરતો, શ્રી નિશ્ચલસાગરના 'વિચારસાગર' જેવો, દાદુપંથી મહાત્મા સુંદરદાસજીએ હિંદીમાં લખેલો અપૂર્વ ગ્રંથ, સ્વ. દેસાઇભાઇ નરોત્તમ પટેલના ગુજરાતી ગદ્યભાષાંતર સાથે, ૩-૦૦; **સ્વામી વિવેકાનંદનાં વચનામૃત**: ભારતના એ ગરવા નરકેસરી સંન્યાસીનાં વચનામૃતો: ઊગતી પ્રજાને જીવનની દૃષ્ટિ અને બલ મેળવવામાં ખાસ ઉપયોગી, ૦-૫૦; **સંવત ૨૦૧૪નું શુદ્ધ ગ્રહલાઘવીય કાર્તિકી પંચાંગ**: જ્યોતિષ, વર્ષમાન ને દિનમાનને લગતી સઘળી હકીકતો, હિંદુ તહેવારો, ટપાલ, રેલવે, જાહેર તહેવારો વગેરે વિષેની જરૂરી માહિતી સાથે, ૦-૬૦.

નવજીવન પ્રકાશન મંદિરનાં

પાંચમા પુત્રને બાપુના આશીર્વાદ: શ્રીમંતાઇને ખોળેથી ઊતરી રાષ્ટ્રસેવામાં જીવન સમર્પણ કરી દઇને ગાંધીજીના પાંચમા પુત્ર બનેલા શ્રી જમનાલાલ બજાજ તથા તેમના કુટુંબનાં અન્ય જનો સાથે મહાત્મા ગાંધીજીનો ઘરેલો પત્રવ્યવહાર, ૩-૦૦; **હિંદુ જીવનદર્શન**: હિંદુ ધર્મની અતર્ગત ભાવનાનો યથાર્થ ને વિશદ ખયાલ આપતા પ્રત્યેક ધર્મરસિકે અને જીવનવિચારકે મનન કરવા જેવા, ડૉ. રાધાકૃષ્ણનના પ્રખ્યાત પુસ્તક 'ધ હિંદુ વ્યૂ ઑવ લાઇફ'નો, શ્રી ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લની સમર્થ કલમે કરેલો સુશ્લિષ્ટ અનુવાદ, ૦-૭૫; **સર્વોદય**: શારીરિક કે પૈસાટકાની ઉન્નતિમાં નહિ, પરંતુ નીતિના ઉચ્ચાગ્રહમાં જ સર્વનાં ઉદય–સુખ છે, એમ



તારે જો બેસવાને જનસમૂહ વિષે એક ખૂણો ય લાધે,
ગાવા બેચાર ગીતો ઘડીક પણ મળે તાલ ઝીલતા ઝરાનો,
સૂવાને ગોદડી જે મહીંથી નીરખવાં ઘૂમતાં વ્યોમચક્રો,
ખાવાને રોટલા બે, જીવનમહીં પછી ખોટ શી ભાઈ! તારે
કે તું ના વહાવે જીવનરસ દુ:ખો સૃષ્ટિનાં ફેડવાને?

રતિલાલ શુક્લ

સ્વ. કેશવપ્રસાદ દેસાઈ

સ્ત્રીશિક્ષણ, સ્ત્રીસેવાસંસ્થા તથા અમુકાંશે સાહિત્યમાં શાંત કામ કરી જનારા એક પ્રૌઢ ગુજરાતસેવક શ્રી કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈનું ગયા વર્ષના નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં અવસાન થઈ ગયું.

ઈ. ૧૮૮૮ની ૨૦મી નવેમ્બરે નડિયાદ પાસે આવેલા અલીણા ગામના સંસ્કારી બ્રહ્મક્ષત્રિય કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. એમની ૧૨ વર્ષની વયે જ એમના પિતા ડૉ. છોટાલાલ હરિલાલ દેસાઈનું અવસાન થતાં કેળવણીનો સઘળો ભાર એમનાં માતા ઈશ્વરીબહેન પર આવી પડેલો. પ્રાથમિક, માધ્યમિક ને યુનિવર્સિટીનું બી.એ. (૧૯૦૯-૧૦) સુધીનું શિક્ષણ અમદાવાદમાં મેળવી ૧૯૧૧-૧૨માં તેઓ એલએલ.બી. થયા અને બેએક વર્ષ અમદાવાદના જાહેરજીવનમાં ગાળી તેઓ મુંબાઈ જઈ વસ્યા, જ્યાં ક્રમે કરીને 'ઈન્ડસ્ટ્રિયલ ને પ્રુડેન્શિયલ' નામની જિંદગીના વીમાની દેશી કંપનીના મૅનેજર થયા.

સાહિત્ય ને સેવાકાર્યનો તેમને પ્રથમથી રસ ને શૉખ હતો. મરહૂમ કેખુશરો નવરોજજી કાબરાજીએ લગભગ સો વર્ષ પર 'સ્ત્રીબોધ' નામનું એક માસિક શરૂ કર્યું હતું, તે કાબરાજીના અવસાન પછી એમનાં પુત્રવધૂ શ્રીમતી પૂતળીબાઈએ ચાલુ રાખ્યું હતું. તેમાં શ્રી કેશવપ્રસાદ શરૂઆતમાં લેખો આપતા તથા તેના સંચાલનમાં પણ ભાગ લેતા. ઇ. ૧૯૨૦ માં એ પૂતળીબાઇના અવસાન પછી શ્રી કેશવપ્રસાદે એનું તંત્ર સંભાળ્યું અને વર્ષો સુધી એ ચલાવ્યું. તેની સાથે તેઓ પોતાની જ્ઞાતિનું 'બ્રહ્મક્ષત્રિય' માસિક પણ ચલાવતા હતા.

લેખનની શરૂઆત એમણે ૧૯૧૬માં કરેલી, જે સમયે 'પબ્લિક લાયબ્રેરી' નામના એક અમેરિકન પુસ્તકનો એમણે કરેલો અનુવાદ પુસ્તકરૂપે પ્રસિદ્ધ થયો હતો. ગુજરાતી ભાષામાં 'પુસ્તકાલય' વિષય પરનું એ પ્રથમ પુસ્તક હતું! તે પછી શેક્સપીઅરનાં નાટકોના સારરૂપ ચાર્લ્સ લૅમ્બની જગવિખ્યાત કથાઓ પેઠે 'સિંહાસનબત્રીસી'નો પરિચય વાચકોને કરાવવા, એમણે ગદ્યમાં તેનો સાર 'સ્ત્રીબોધ' માટે તૈયાર કરેલો; જે પછીથી બે ભાગમાં પ્રસિદ્ધ થએલો. એમના બીજા એક અનુવાદિત પુસ્તક 'ગૃહજીવનની સુંદરતા' (૧૯૨૩)ની તો અનેક આવૃત્તિઓ થઇ હતી, એટલું તે એ કાળે લોકપ્રિય થયું હતું. આ લોકપ્રિયતાનું કારણ હતું કેશવપ્રસાદની સરલ ઘરગથ્થુ લેખનશૈલી અને ગૂઢ વિચારોને પણ વિશદરીતે રજૂ કરવાની તેમની મૌલિક હથોટી તથા બુદ્ધિકૌશલ. આ ઉપરાંત એમણે લખેલી સામાજિક ટૂંકી વાર્તાઓ પણ લોકપ્રિય થએલી, જે 'મારી વીસ વાતો'ના નામથી પ્રસિદ્ધ થએલી. એમનાં બીજાં પુસ્તકોમાં મુખ્ય છે: 'રાજ્યનીતિશાસ્ત્રનો સંક્ષિપ્ત ઇતિહાસ' (ભાષાંતર) તથા 'ધર્મ અને નિત્યજીવન', 'ગ્રામપુનર્ઘટના' વગેરે.

અમદાવાદની આગેવાન સ્ત્રી સંસ્થા 'વનિતાવિશ્રામ' સ્થાપવામાં તેમની મોટી મદદ હતી. કર્વેની ઠાકરસી યુનિવર્સિટીને જોડાએલી અમદાવાદની 'લાલશંકર મહિલા પાઠશાળા'ની સ્થાપના અને સંચાલનમાં પણ એમનો હિસ્સો ઘણો મોટો હતો. ઠાકરસી યુનિવર્સિટીની સેનેટમાં એ શરૂઆતથી હતા અને યુનિવર્સિટીના સંચાલનની ઝીણામાં ઝીણી વિગતોનો તેમણે બારીકાઈથી અભ્યાસ કર્યો હતો. શ્રીમતી લેડી પ્રેમલીલા ઠાકરસી તથા એ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર સ્વ. કૃષ્ણલાલ ઝવેરી તેના સંચાલનમાં શ્રી કેશવપ્રસાદની સલાહ

આપણાં પ્રાણીઓ-૨૧



ના'ર

હિંસ્ર પ્રાણીઓમાં વિશિષ્ટ એવી ભયંકર અને ક્રૂર સંહારકવૃત્તિ ધરાવતા ના'રને ઘણા સાતના'રી તરીકે પણ ઓળખે છે.

હિંસ્ર વર્ગમાં કૂતરાના વંશનું આ પ્રાણી દેખાવે વરુને મળતું, પણ ખભા પાસે ૧૮ થી ૨૨ ઇંચ ઊંચું હોય છે. તેની લંબાઈ વારએકની ને છેડે ૧૬-૧૭ ઈંચની ગુચ્છાદાર પૂછડી. કાન છેડે ગોળાકાર. વજન મણેકનું (માદાનું ઓછું) પણ સૌથી વધુ ધ્યાન ખેંચે તેનો લાલ-ચળકળા કાટ જેવો વાન. આથી તો હિંદીમાં એને 'સોનકુત્તા' કહે છે. લડાખ-તિબેટ તરફ તેનો વાન જરા આછો હોય છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર ને કચ્છમાં જ્યાં પૂરતો શિકાર, શીળો છાંયો અને પીવા (તથા ઉનાળામાં નાહવા) પૂરતું પાણી મળી રહે તેવા વન વગડામાં અને હિમાલય તરફ તો ખુલ્લામાં પણ તે એક કે વધુ કુટુંબોનું ટોળું રચીને રહે છે.

તેની આ યૂથચારી ટેવને લીધે એ મોટા શિકાર પણ મારી શકે છે ને વિફરે તો વાઘ-દીપડાને પણ ફાડી ખાય. શિકારની તેની રીત પણ આગવી. બબ્બે ત્રણત્રણની જોડીમાં વહેંચાઈ જઇને અંતરે અંતરે ગોઠવાઈ જાય, ને પછી ધારેલી દિશામાં શિકારને તગડે. એક જોડી થાકે ત્યાં બીજી તાજી જોડી તેની જગ્યા સંભાળી લે અને એમ આખરે શિકારને સારી પેઠે હંફાવી રિબાવીને તેના પર તૂટી પડી ફાડી ખાય. માણસથી તે બીએ ખરું પણ વખત આવ્યે તેને યે ન મૂકે. ભૂખ હોય કે ન હોય પણ ક્યારેક વિનાકારણ પણ એ શિકાર કરે. આપણી તરફ હરણાં ને સાબર એ તેનો મુખ્ય શિકાર. પોતાનું ટોળું મોટું હોય તો ગાય-ભેંસ જેવાં મોટાં ઢોરને પણ મારે.

આવું ક્રૂર હોવા છતાં સ્વભાવે તે બહુ રમતિયાળ. તેનાં બચ્ચાં પાળી પણ શકાય. શિયાળામાં કોઈ ગુફામાં કે જમીનમાં બખોલ કરી તેમાં એક-ક્યારેક વધારે માદાઓ મળીને ચારથી છ-છ બચ્ચાં જણે, જે હરતાંફરતાં થઈ જતાં ટોળાંની સાથે જતાં થઈ જાય.

વારંવાર લેતા; અને શ્રી કૃષ્ણલાલ ઝવેરીના અવસાન પછી કેશવપ્રસાદ જ તેના ઑફિશીએટિંગ વાઈસ ચાન્સેલર થયા હતા.

તેમનું સમસ્ત જીવન સામાજિક સેવા-ખાસ કરીને સ્ત્રીઓના ઉચ્ચ શિક્ષણની સંસ્થાના વહીવટ-માં વીત્યું હતુ. સ્ત્રીશિક્ષણ, સમાજસેવા, સાહિત્ય વગેરે વિષયોમાં ભાંખોડિયાભર ઊભી થતી જતી ગુજરાતની અસ્મિતાના શ્રીગણેશ મંડાઈ ગયા પછી તે તે ક્ષેત્રોને પોષી ટકાવી રાખનારા વિરલ ગુજરાત-સેવકોમાંના તેઓ એક હતા.

મરચાં

મરચાંની હમણાં ઋતુ છે. ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર તો મરચાંનું રસિયું છે. લીલાં તથા સૂકાં મરચાં કાઠિયાવાડમાં કચ્છ અને ગુજરાત વાપરે છે તેટલા પ્રમાણમાં બીજો પ્રાંત વાપરતો નથી. મહારાષ્ટ્ર લીલાં મરચાં વધુ વાપરે છે. પંજાબ બિલકુલ વાપરતું નથી. રાજસ્થાન થોડા પ્રમાણમાં વાપરે છે. મદ્રાસ આંબલી અને દહીંનું શોખીન છે.

મરચાંની અનેક જાતો છે. ગુજરાતમાં જ લગભગ આઠેક જાત જોઇ છે. ગોંડલભાવનગરનાં ઘોલર ભૂંભલા મરચાં તીખાં નથી લાગતાં; પરંતુ સૂરતનું એક લવીંગિયું મરચું માત્ર નાના ઇસ્ક્રુ જેવડું પરંતુ ધોળા દિવસે તારા દેખાડી દે તેવું તીખું આગ! બાર માસ જેનું અથાણું ચાલી શકે ને બગડે નહિ તેવું ઉત્તર ગુજરાતમાં કડીનું મરચું એક વેંત લાંબુ, પાતળું છતાં ભરાવદાર.

ગુજરાત-સૌરાષ્ટ્રવાસીઓના કોઠા મરચાંથી ટેવાઈ ગયા છે. મરચાં ખાવાં નુકસાનકારક તો નહિ કહું, પરંતુ હદબહાર મરચાં નુકસાનકારક છે. ખોરાકનું પાચન કરનાર અને પિત્ત સ્રાવક આપણા જે હવેજો છે એમાં મરચું મુખ્ય છે. મરચાં જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર છે. વળી તે વાયુ અને કફને હણનાર છે, તથા અજીર્ણ, કૉલેરા અને કોહેલા પ્રણને સાફ કરવાનો ગુણ ધરાવે છે. મરચાં હૃદય અને બીજા અવયવો ઉત્તેજે છે, થોડા પ્રમાણમાં ચેન લાવે છે, મૂત્રલ છે ને કામોત્તેજક પણ છે. તે વાજીકરણનું કામ કરે છે. મરચાં આંતરડાંને ઉશ્કેરે છે તેથી ઝાડા થઈ જાય છે. મરચાંનું મારણ તાજી મીઠી છાશ છે.

(ગુજરાત સમાચાર) —વૈદ્ય જાદવજી નરભેરામ

વૈષ્ણવી શક્તિ

એક ૮૦ વર્ષનો માણસ રસ્તો ઓળંગતાં ટ્રૉલીની અડફેટમાં આવી મરણ પામ્યો. પોસ્ટમૉર્ટમમાં તેનાં ફેફસાંમાં ક્ષયનાં ચાંદાં જોવામાં આવ્યાં. આવો માણસ આટલું બધું કેમ જીવ્યો એનું દાક્તરને આશ્ચર્ય થતાં મરનારની પત્નીને ફોન કરી પૂછ્યું: 'ક્ષયનાં ચાંદાં જોતાં તો એ ૫૦ વર્ષે જ મરવા જોઇતા હતા, તે ૩૦ વર્ષ વધુ જીવ્યા. એ અદ્‌ભુતતાનું કોઇ કારણ આપી શકશો ખરાં?' જવાબ મળ્યો: 'હા, મારા પતિ રોજ સૂતી વખતે બોલતા કે 'હું આજના કરતા કાલે વધુ સારો થઈશ.'

આ ઘટના બતાવે છે કે શરીરમાં ગમે તે જાતના રોગ કાં ન હોય, પણ શરીરમાં રહેલી વૈષ્ણવી શક્તિ એનું અજબ રીતે સંરક્ષણ કરે છે. એ ઈશ્વરદત્ત શક્તિનો જે કોઇ સદુપયોગ કરે છે તેનું હમેશા તે તો રક્ષણ જ કરે છે. આ શક્તિની સરખામણી બીજા કોઇ સાથે થઇ શકતી નથી. દુઃખ વખતે ઈશ્વરની આ શક્તિનું આવાહન કરતાં આવડે તો ઘણા રોગોમાંથી તે આપણને બચાવી લે છે. પ્રત્યેક શરીરમાં આ વૈષ્ણવી શક્તિ છે જે આપણને મુદ્દલે ખબર પડ્યા વિના આપણો બચાવ કરી રહી હોય છે. ગભરામણ, ઉદ્વેગ, શોક, ચિંતા, વ્યગ્રતા વગેરે દૂર કરી શાંત મને આ શક્તિનું આવાહન કરતાં આવડે તો તેના વડે આશ્ચર્યજનક પરિણામો લાવી શકાય છે. (ભિષગ્ભારતી)


લંડન પ્રદર્શનમાં એવરેસ્ટનો પથરો


હાલમાં લંડનમાં બ્રિટનની 'આલ્પાઇન કલબ'ની શતાબ્દી નિમિત્તે યોજાએલા પ્રદર્શનમાં અનેક મોંઘી વસ્તુઓની સાથે વિશ્વના સર્વોચ્ચ ગિરિશિખર એવરેસ્ટમાંથી કાપી આણવામાં આવેલો એક નાનકડો પથરો તથા એવરેસ્ટ પર ઊભેલા વિજયી વીર તેનસિંગ નૉર્કેની એડમંડ હિલેરીએ ખેંચેલી તસવીર દેખાડવામાં આવ્યાં હતાં. હિમાલયની ભીષણ કરાડોમાં માત્ર આંગળીના નખ ભેરવીને વળગી રહેલા સાહસિકોની દિલ ધડકાવનારી છબીઓ કરતાં વિશ્વના સર્વોચ્ચ ગિરિશિખરમાંથી કાપીને આણવામાં આવેલો એ નાનકડો પથરો પ્રેક્ષકોને ખૂબ જ આકર્ષી રહેલો. હજારો વર્ષ સુધી બરફની કાતિલ ઠંડી તથા પ્રચંડ ઝંઝાવાતોનો સામનો કરનાર આ ભાગ્યશાળી પથ્થરનો ટુકડો આજે સાઉથ ઑડલી સ્ટ્રીટમાં આવેલા આલ્પાઈન કેન્દ્રના હૂંફાળા કાચના કબાટમાં મખમલની સુવાળી ગાદી પર બિરાજે છે! પ્રદર્શનમાં વિવિધ વિજયચિહ્નોની સાથે સાથે કેટલીક કારુણ્યજનક વસ્તુઓ પણ હતી. તેનસિંગ નૉર્કેએ એવરેસ્ટ આરોહણ માટે વાપરેલી કોદાળીની સાથેસાથે જ દુર્ભાગી જ્યૉર્જ મૅલરીની કોદાળી પણ ત્યાં હતી. ઈ. ૧૯૨૪માં જુગજુગથી સાહસિકોને પડકારતું એવરેસ્ટનું અણનમ શિખર માત્ર ૧૦૦૦ ફૂટ દૂર રહ્યું તે ઘડીથી મૅલરીનો પત્તો જ નથી. ઈ. ૧૯૩૩માં તેની ઉક્ત કોદાળી તથા છેલ્લી ઘડીનો કારુણ્યમય સંદેશો મળી આવ્યાં હતાં. મૅલરીનો આ અન્તિમ સંદેશ કોઇ પણ ખેલદિલ વ્યક્તિની આંખો અશ્રુથી છલકાવી દે છે.

૧૯૫૭નું ભારત :

ગયે વર્ષે ભારતને સ્વાતંત્ર્ય મળ્યે એક દસકો પૂરો થયો. એ રીતે મહત્ત્વના બનેલા ૧૯૫૭ના વર્ષ દરમ્યાન બનેલા અનેક મહત્ત્વના પ્રસંગો પૈકી કેટલાકનું ચિત્રદર્શન સામેના પાના પર આપ્યું છે. મથાળાના સમૂહમાં (ચિત્ર નં. ૧) દેશની અગત્યની સાંસ્કૃતિક પ્રગતિ પૈકી એક 'નૅશનલ બુક ટ્રસ્ટ'નું ઉદ્‌ઘાટન ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્ કરે છે. (ચિત્ર-૨) વડા પ્રધાનના જન્મદિને યોજાએલા આંતરરાષ્ટ્રીય બાળદિનની યાદગીરીમાં ટપાલખાતાએ બહાર પાડેલી ખાસ ટિકિટો પૈકીની એક. (આ જ રીતે મુંબઈ, મદ્રાસ અને કલકત્તાની યુનિવર્સિટીઓના શતાબ્દી ઉત્સવ પ્રસંગે પણ સ્મારક ટિકિટો બહાર પાડવામાં આવી હતી.) (ચિત્ર-૩) આંતરરાષ્ટ્રીય ભૂ-વૈજ્ઞાનિક વર્ષ નિમિત્તે જગતમાં ચાલેલા સંશોધનમાં ભારતે પણ ભાગ લીધો છે. તેનું અનુષંગી, એક વેધશાળામાં રાખેલું રાડર યંત્ર. (ચિત્ર-૪) ભારતના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ ૧૮૫૭ના વિપ્લવની શતાબ્દી ગયા વર્ષે ઊજવાઈ તેણે લોકોની તમન્ના વધારી હતી. એ સમારંભના એક ભાગરૂપ યોજાએલા પ્રદર્શનમાં કેટલાંક ઐતિહાસિક ચિત્રો.

નીચેના સમૂહમાં (ચિત્ર-૧) ભારત-નેપાળને જોડતો 'ત્રિભુવન-રાજપથ'નો આ માર્ગ નેપાળની સરકારને અર્પણ કરવામાં આવ્યો ને એ પડોશી રાજ્યની મૈત્રીને મજબૂત કરી. (એ જ રીતે ગયા વર્ષમાં ભારત આવી ગએલા જાપાન, ચીન, મલાયા, સિલોન, ઈરાન, યુગોસ્લાવિયા, સ્વીડન અને ડેન્માર્કના પ્રધાનોની શુભેચ્છાદર્શક મુલાકાતોથી ભારતની જગતના અન્ય દેશો સાથેની મૈત્રી વધુ સંગીન બની.) (ચિત્ર-૨) જગતના મહાન જલબંધોમાંના એક અને ભારતના ઊજળા ભાવિના આશાચિહ્ન સમા હીરાકુંડ બંધ યોજનાના પહેલા તબક્કાનું ઉદ્‌ઘાટન શ્રી નેહરુને હાથે થયું. (ચિત્ર-૩) મુંબાઈ જેટલા જ મહત્ત્વના ને સમૃદ્ધ બંદર થવાને નિર્માએલા ગુજરાતના કંડલા બંદરના ધક્કાનું રેલવે-પ્રધાન શ્રી જગજીવનરામને હાથે ઉદ્‌ઘાટન. (ચિત્ર-૪) આપણી લોકશાહીના જીવંત ધબકાર રૂપ ગયા વર્ષમાં થએલી આમ-ચૂંટણીમાં મુંબાઈનું એક દૃશ્ય.


बाल दिन
14-11-57
90
INDIA POSTAGE



આરોગ્ય માટે આટલું કરો

ભોજન એટલું જ કરવું, કે પેટ ભારે ન થઇ જાય ને જમતાં પહેલાંની સ્ફૂર્તિ જમ્યા પછી ચાલી ન જાય! બને તો ભોજન કર્યા પછી પંદર મિનિટ ડાબા પડખે સ્વસ્થ સૂઈ રહો. બીજી પંદર મિનિટ બેસો. બીજો અરધો કલાક આરામ લો ને પછી કામે ચડો. જમીને તુરત ચાલનાર રોગી બને છે; જમીને તુરત દોડનાર મૃત્યુ તરફ દોડતો હોય છે.

શાકદાળ આદિમાં અધિક મસાલા સ્વાસ્થ્યનાશક છે. જેમ જેમ તમે મરચાં, તેલ, મસાલા અધિકઅધિક ખાશો તેમતેમ તમારી ભડકેલી સ્વાદેન્દ્રિય વધુ ઉત્તેજિત બની વધુ મસાલેદાર ખાવા લલચાશે. આરોગ્ય માટે આ ઘણું હાનિકારક છે.

બજારમાં વેચાતી ખાદ્ય વસ્તુ ગમે તેટલી સારી હોય તોપણ હાનિકારક છે. ત્રીજા પહોરે ભૂખ લાગે તો ચવાણું પૂરીપકોડી અને દહીંવડાંથી લલચાશો નહિ. ફળ અને શેકેલા ચણાથી તમારો ત્રીજા પહોરનો નાસ્તો કરશો તો તમારી તંદુરસ્તી રિસાશે નહિ.

જમતી વખતે વારંવાર પાણી પીવું સારું નથી. બહુ જ તૃષા લાગે તો મધ્યમાં પાંચ ઘૂંટ ભરી લેવા જોઈએ. અને જમીને તુરત પણ ઘણું પાણી પી જશો તો આહાર પચવામાં વખત વધુ લાગશે.

બરફ ને સોડા વિનાકારણ પીવાની ટેવ હાનિકારક છે. આપણું સાદું ને માટલીનું પાણી તરસ છિપાવવા માટે શ્રેષ્ઠ છે.

બીડી, પાન, સોપારી એ વ્યસન છે. સુખી જીવન એનું નામ કે જેમાં માનવીને વ્યસનનું બંધન નથી.

ઝાડા અને પેશાબની હાજત ક્ષણમાત્ર માટે પણ દબાવી રાખવી એ અત્યંત હાનિકર્તા છે. હાજતોને દબાવવાની ટેવનાં જે ભયાનક પરિણામો નીપજે છે એની અગાઉથી ખબર પડતી નથી.

ઓઢવા-પાથરવાનાં, ઓછાડ, ગલેફ, ગોદડાં વગેરે અઠવાડિયામાં બે વખત સૂર્યના તાપમાં નંખાય તો એના જેવું એકે ઉત્તમ નથી. સૂર્યનાં કિરણો આ સાધનોમાંથી તમને હાનિકારક હોય એવું ઘણુંઘણું તમે ન જાણો એ રીતે ખેંચી લે છે.

સુયોગ મળે તો તળાવ કે નદીના ખુલ્લા પાણીમાં અઠવાડિયામાં એક વખત મુક્ત સ્નાન કરો. એની અસર અને આનંદ અનેરાં છે. એ જ રીતે મોકો મળે ત્યારે દિવસમાં ત્રણ કે ચાર વખત ખૂબ ખુલ્લા હૃદયથી આંખમાં આંસુ આવી જાય ત્યાં સુધી હસો.

વહેમી ન બનશો; ખેલદિલી કેળવો; ભૂલી જતાં શીખો; અને પગ સાબૂત હોય તો વાહનમાં બેસવા કરતાં પગને ચાલવા દો. ઈશ્વર જેના પગ સદા સાબૂત રાખે તેના જેવા ગાડીમોટરવાળા ભાગ્યશાળી નથી.

ફુરસદ હોય તો જ્યાં વૃક્ષ, વેલી, લતા, નદી, ઉદ્યાન અને કુદરતનું સૌંદર્ય છલકાતું જણાય ત્યાં જઈ શાન્તિથી એકાદ કલાક ગાળો. એની અસર તન અને મન ઉપર કોઇ અજબ થાય છે. ત્યાંથી તમે જીવનનું મોંઘું ભાથું ભરી જશો. —વૈદ્ય જાદવજી નરભેરામ

જાતે બળતણ મેળવી લેતું કારખાનું

વિલ્મિંગ્ટન (અમેરિકા)ની ઍટલાસ પાવર કંપની એક નવી જ જાતનું રાસાયણિક કારખાનું બનાવવાની છે, જે એક વાર કામ કરવા માંડે પછી તેને બહારના કોઈ બળતણની જરૂર નહિ પડે. કારખાનું નાઇટ્રિક ઍસિડ અને એમોનિયમ નાઇટ્રેટ પેદા કરશે તેમાં એમોનિયા બાળવાથી જે ગરમી ઉત્પન્ન થશે તે ગરમી એ જ કારખાનાનાં યંત્રોમાં વાળી લઈ શક્તિ પૂરી પાડવામાં વપરાશે.

અક્ષાંશ-રેખાંશની ભૂલ સુધરશે

આજે પૃથ્વીની ઘણી જગ્યાઓ વિષે આપણું જ્ઞાન ચોક્કસ નથી. દા.ત. આજે પણ ખંડો એકબીજાથી ચોક્કસપણે કેટલા દૂર છે અથવા અમુક ટાપુઓ કયે સ્થળે આવેલા છે તે આપણે જાણતા નથી. કેટલાક ટાપુઓના સ્થાનની બાબતમાં તો એકાદ માઇલ જેટલી અચોકકસતા છે. આ માટે આખી દુનિયા ઉપર પથરાએલાં ૨૦ મથકો પરથી હવે નિરીક્ષણો થઇ રહ્યાં છે. ગુરુત્વાકર્ષણની દિશા બતાવતી સીધી લીટીની અપેક્ષાએ આકાશી પદાર્થોનાં સ્થાનનું નિરીક્ષણ કરીને ખગોળશાસ્ત્રીય અક્ષાંશ ને રેખાંશ નક્કી થશે. આથી ખંડખંડ વચ્ચેના અંતરમાં માત્ર થોડાક ફૂટની ભૂલોનો જ સંભવ રહેશે. એ માટે એક નવો 'ડ્યૂઅલ રેઈસ મૂન-પોઝિશન કૅમેરા' યોજાયો છે. એ વડે ચન્દ્રને 'ટ્રાઍન્ગ્યુલર પૉઈન્ટ' બનાવીને તેની તસ્વીર લેવામાં આવશે. આમ ખંડખંડ વચ્ચેના મપાએલા અંતરમાં રહેલી ભૂલમાં ઘટાડો કરી શકશે.

વિકસતું વિજ્ઞાન

(I. ઊન ઉપર રાળનો પટ ચડાવીને, ધોવાતાં ચડી ન જાય એવું ઊન બનાવવાની રીત અમેરિકન ખેતીખાતાએ શોધી કાઢી છે.

(I. ગ્રીસમાં ઍથેન્સ ખાતે માત્ર કાચ અને ઍલ્યુમિનિયમ વડે અમેરિકન એલચીખાતાની એક અત્યંત અર્વાચીન ઈમારત બંધાશે. આનું આયોજન હાર્વર્ડ યુનિવર્સિટીના સ્થાપત્યના પ્રાધ્યાપક ગ્રોપિયસે કર્યું છે.

(I. વિજ્ઞાન અને વૈદકશાસ્ત્રના સહકારથી હૃદયનું એક નવું યંત્ર બનાવવામાં આવ્યું છે. તે હૃદયના નિરંકુશ બની ગએલા ધબકારને આંચકા આપીને મૂળ સ્થિતિમાં લાવી દે છે, એટલે છાતી પર શસ્ત્રક્રિયાની જરૂર પડતી નથી. છાતી ઉપર બે ઇલેક્ટ્રોડ, નેત્રણ ઈંચ પહોળી ત્રાંબાની થાળીઓ મૂકવામાં આવે છે અને સેકન્ડના ચોથા ભાગ સુધી ૪૮૦ વોલ્ટ વીજળીનો આંચકો આપવામાં આવે છે.

આ માસ (ફેબ્રુઆરી) ઈતિહાસમાં : દિનવિશેષ • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ સ્વ. શ્રી કિદવાઈ

ભારતને એક વારની અન્નસંકટની કારમી આપત્તિમાંથી ઉગારી લઇ અન્નપુરાંતથી છલકાવી દેનાર, પં. જવાહરલાલ નેહરુના જમણા હાથ જેવા આત્મીય સાથી, ધુરંધર ને કાયદક્ષ દેશભક્ત શ્રી રફી અહમદ કિદવાઇનો જન્મ ઈ. ૧૮૯૪ના ફેબ્રુઆરી



માસમાં ઉત્તર પ્રદેશના બારાબાંકી જિલ્લાના મસૂલી ગામના જમીનદાર કુટુંબમાં થએલો. વિદ્યાર્થીકાળમાં તેમનો ચેતન થનગનાટ જાતજાતના નિરુદ્દેશ તોફાનોમાં અભિવ્યક્ત થતો, પણ બી. એ. થયા પછી તેને એમણે દેશસેવાની દિશામાં વાળી લીધો. શ્રી મોતીલાલ નેહરુ તેમના મુરબ્બી અને માર્ગદર્શક હતા. તેમણે પોતે જ શ્રી કિદવાઇને આપેલું પોતાના અંગત મંત્રીનું પદ એમણે આખર સુધી સત્ત્વશક્તિઓ ખરચીને દીપાવ્યું હતું. અસહકારની લડતમાંથી મોતીલાલજી ને દેશબંધુ દાસે 'સ્વરાજ-પક્ષ' રચ્યો ત્યારે ૧૯૨૪માં વરિષ્ઠ ધારાસભામાં સ્વરાજ-પક્ષના સભાસદ તરીકે, ને ૧૯૨૬માં કેન્દ્રીય ધારાસભાના સભ્ય તરીકે તેઓ ચૂંટાઇ આવેલા, જે બંને સ્થળે કોંગ્રેસના દંડક બની રહેલા. ૧૯૨૯માં કોંગ્રેસના આદેશથી ધારાસભામાંથી રાજીનામું આપી '૩૦માં સવિનય કાનૂનભંગના આંદોલનમા જોડાયા. એ જ વર્ષે રાયબરેલી જિલ્લામાં તેમણે ખેડૂતોમાં 'ના-કર'નું આંદોલન યોજેલું, આથી છ માસ જેલ ભોગવવી પડેલી.

૧૯૩૫માં તેઓ ઉત્તર પ્રદેશની કોંગ્રેસ સમિતિના પ્રમુખ ચૂંટાયા, ને ત્યારથી આરંભાએલી તેમની કારકિર્દી એ, તે પ્રાંતની કોંગ્રેસના જ ઇતિહાસ છે. ૧૯૪૭માં પં. જવાહરલાલે તેમને કેન્દ્ર-સરકારમાં લીધા. ૧૯૫૧ મા કોંગ્રેસના સભ્યપદેથી રાજીનામું આપી આચાર્ય કૃપલાણીના 'પ્રજાપક્ષ'મા જોડાયા, પણ ટૂંક મુદતમાં કોંગ્રેસ તરફ પાછા ફર્યા. ૧૯૫૨માં પં.જવાહરલાલ નેહરુએ તેમને સોંપેલી ખોરાકખાતાના કેન્દ્રીય પ્રધાનની જવાબદારીની સફળતા તો જગજાહેર છે. ૧૯૫૪ની ૨૫મી ઑક્ટોબરે તેમનું અવસાન થયું.

વાહન ને સંદેશવ્યવહાર ખાતાના પ્રધાન તરીકે તેમણે દાખલ કરેલી 'નાઈટ ઍર મેઈલ સર્વિસ', 'એક્સપ્રેસ ડિલિવરી' ને 'તમારો પોતાનો ટેલિફોન'ની યોજનાઓ ખાસ ઉલ્લેખપાત્ર છે. ડોળ-દમામ અને જાત-પ્રદર્શન તેમને ન રુચતાં. તેમની ભાષા મિતાક્ષરી, સાદી ને ઘરગથ્થુ રહેતી. પોતાના ગામના બધાં નિરાધાર બાળકોને ભણાવવાનો ખર્ચ તેમણે માથે લીધેલો. આવી દિલદાર ઇન્સાનિયતને કારણે તેઓ મરતી વખતે ચૌદેક હજારનું દેવું મૂકતા ગયા. આ જ માનવતાએ એક વાર તેમને પોતાની બધી જમીન કિસાનોમાં મફત વહેંચી દેવા પ્રેર્યા હતા. કોઈ પણ વાદ કે વ્યક્તિ પરત્વેના દ્વેષથી તેઓ પર હતા. રાજકારણથી તેમને બીજું વહાલું પત્રકારત્વ હતું. પં. જવાહરલાલ સાથે તેમણે 'નૅશનલ હેરલ્ડ' પત્ર કાઢેલું, જેની કાળજી તેમણે આખર સુધી લીધેલી. 'હિંદુસ્તાન' ને બીજા ઉર્દૂ પત્રોના તેઓ સ્થાપક તેમજ અંત સુધી આધારસ્તંભ હતા. આપણા દસ અગ્રતમ હામી ને કર્તવ્યપરાયણ દેશનાયકોમાંના તેઓ એક હતા.

દિનવિશેષ

તા. ૩ દેશની હકમાગણીને હાથતાળી દેનાર સાઇમન કમિશન સામે હિંદવ્યાપી હડતાળ, ૧૯૨૮.
તા. ૪ માલવિયાજી ને ઍની બેસંટના સંયુક્ત પ્રયાસથી હિંદુ વિદ્યાપીઠની સ્થાપના, ૧૯૧૫.
તા. ૫ સૈનિકોની કદર ને કીર્તિના મશહૂર પ્રતીક 'વિક્ટોરિયા ક્રૉસ'ના પ્રદાનની શરૂઆત, ૧૮૫૬.
તા. ૬ વડોદરાને આદર્શ રાજ્ય સર્જનાર ગરવા રાજવી સયાજીરાવ ગાયકવાડનું અવસાન, ૧૯૩૯.
તા. ૧૦ વૈદક વિજ્ઞાનના એક સીમાચિહ્ન 'ક્ષ' કિરણોના શોધક પ્રો. રૉંજનનું અવસાન, ૧૯૨૩.
તા. ૧૧ હિંદના વાઈસરૉય લૉર્ડ કૉર્નવૉલિસે હિંદમાં જિલ્લા ને શહેર-અદાલતો સ્થાપી, ૧૭૯૩.
તા. ૧૭ દેશપ્રેમીઓના લોહીથી સિંચાએલો 'જલિયાંવાલા બાગ' હિંદીઓએ ખરીદ્યો, ૧૯૨૦.
તા. ૨૨ અમેરિકન રાષ્ટ્રના પ્રથમ પ્રમુખ ને ભાગ્યવિધાતા જ્યૉર્જ વૉશિંગ્ટનનો જન્મ, ૧૭૩૨.
તા. ૨૬ પોતાની ટૂંકી ઉમરમાં ગુજરાતને ઊર્મિભંડાર કવિતા ભેટ ધરનાર 'કલાપી' જન્મ્યા, ૧૮૭૪.
તા. ૨૯ ભારતને સ્વતંત્રતા મળતાં છેલ્લી બ્રિટિશ સરકારી ટુકડીની મુંબાઈથી વિદાય, ૧૯૪૮.

પ્રસંગવિશેષ : અકબરની તખ્તનશીની : ૧૪મી ફેબ્રુઆરી ઈ. ૧૫૫૧

ઈ. ૧૫૫૬ની ૧૪મી ફેબ્રુઆરીએ અકબર જ્યારે મુઘલ રાજ્યની ગાદીએ આવ્યો ત્યારે તેની ઉમર માત્ર ૧૩ વર્ષની હોઇ તેનો વાલી બહેરામખાન બધો રાજકારભાર ચલાવતો. મુઘલ સલ્તનત ત્યારે હજી સ્થિરતા પામી નહોતી. શેરશાહના સંબંધીઓ હજી દિલ્હી માટે લડતા હતા અને એ બધા સામે બહેરામખાનને બહુ કડક હાથે કામ લેવું પડતું. આથી સ્વાભાવિક જ તે કેટલાકને અપ્રિય થઈ પડ્યો. સામ્રાજ્યનો દોર હાથમાં લેવા જેટલી ગંભીરતા એ વખતે અકબરમાં નહોતી, પણ એ પહેલેથી આપખુદ તો હતો જ. તેની આ વૃત્તિને તેની માતા હમીદાબાનુ, તેની ધાવ મા, ને તેનો પુત્ર આદમખાન વગેરેએ પોષી, અને બહેરામખાન વિરુદ્ધ તેને ઉશ્કેરી આખરે ૧૫૬૦માં તેને દૂર કરાવ્યો. જાહેર તો થયું કે અકબર પોતે હવે રાજ ચલાવશે, પણ હકીકતે સલ્તનતની ધુરા ઝનાનખાનાના હાથમાં હતી. આ પછીનાં બે વર્ષ દરમ્યાન હકૂમતમાં જે અંધેર અને ગેરવહીવટ ચાલ્યો તેમાં ખુદ અકબરની પણ કશી ગણના ન રહી અને આ અતિરેકે અકબરની આંખ ખોલી. ૨૨ વર્ષની વયે તેણે સઘળા સ્વાર્થસાધુઓને નસીહત આપી અને સમગ્ર વહીવટ પોતાને હસ્તક લઈ લીધો. તે આપખુદ અને અનિયંત્રિત સત્તાનો શોખીન હતો, પરંતુ સાથે શાણો પણ હતો. પ્રજાના હિતમાં તેણે સલ્તનતનું હિત જોયું અને એથી એણે કોમકોમને અલગ રાખતા ધર્મના દાવાઓને અવગણીને હિંદની રાષ્ટ્રીયતાને જ પ્રાધાન્ય આપ્યું. રાજનીતિજ્ઞ તરીકે આ સમન્વયમા તેણે રાષ્ટ્રનું બળ જોયું. તેણે અંબર (જયપુર)ની હિંદુ રાજકન્યા સાથે લગ્ન કર્યું. બિનમુસ્લિમો પરના કર દૂર કર્યાં. યુદ્ધકેદીઓને ગુલામ બનાવવાની મનાઈ ફરમાવી. અને આમ પ્રજાની ચાહના જીતી; આ બધું તો તેણે તેના વિખ્યાત સાથીઓ, અબુલફઝલ, ફેંઝી, ટોડરમલ વગેરે દરબારમાં દાખલ થયા તે પહેલા કરેલું એ તેની દૂરદેશી અને મૌલિકતા દાખવે છે. ૧૫૬૪માં રાજ્યની ધુરા પોતાના હાથમાં લીધી ત્યાર પછીનાં લાગટ ૪૧ વર્ષ સુધી—અને તે પણ પોતે નિરક્ષર હોવા છતાં તેણે જે કૌશલથી રાજ્ય ચલાવ્યું તથા સલ્તનતમાં જે સંસ્કૃતિ, વૈભવ અને અમનનું વાતાવરણ જમાવ્યું તેણે તત્કાલીન આખા જગતમાં 'મહાન મુઘલો'નું નામ રોશન કર્યું. બાબરના વંશનો એ ત્રીજો રાજા હતો, પણ મુઘલાઇનો ખરો સ્થાપક એ જ ગણાય. તેણે ધરબેલા પાયા ઉપર જ એક સદી સુધી મુઘલ રાજવંશ ટકી રહ્યો.

મંદાક્રાન્તા

ચ્હાવું, સ્હેવું, ધરવી ઉરમાં આશ; જ્યાં સુધી આશા,
સર્જે વાંછ્યું નિજ, નિજતણા ભગ્ન ખંડેરમાંથી.

અબ્રાહમ લિંકનને એક મિત્રે કહ્યું: 'તમે તમારા દુશ્મનોને માથે ચડાવો છો. એમને જડમૂળથી ઉખેડી નાખો અને જુઓ કે કોણ તમારી સાથે દુશ્મનાવટ રાખી શકે છે?'

આછું સ્મિત કરીને લિંકને ઉત્તર દીધો: 'પ્રેમથી દુશ્મનોનું દિલ જીતી લઇને તેમને હું મિત્ર બનાવું છું. એમાં જ હું મારા દુશ્મનોના નાશ નથી કરતો શું?'

અનેકાર્થી શબ્દ: **તીર**=બાણ;નદી-તળાવનો કિનારો; બરુ; છાપરામાં મુકાતું એક આડું લાકડું; કલઈ; સીસું; બુધનો ગ્રહ; મહિનાની તેરમી તારીખ; જરથોસ્તી વર્ષનો ચોથો માસ; નજીક, સમીપ.

ગણિત ગમ્મત: તમારા મિત્રને દસ કરતાં ઓછા એવા કોઈ પણ બે આંકડા ધારવાના કહો. એ બેમાંથી એકને પાંચ વડે ગુણાવો. એ ગુણાકારમાં સાત ઉમેરાવીને આવેલા સરવાળાને બમણો કરાવો. હવે તેમાં ધારેલો બીજો આંકડો ઉમેરાવો. જે આવે તે પૂછી લઈ તેમાંથી તમે ૧૪ બાદ કરશો તો જે રકમ રહેશે તેના બંને આંકડા એ જ એના ધારેલા આંકડા હશે.

કહેવતોના અર્થ: 'ગાડું નાવમાં, ને નાવ ગાડા પર'—પરિસ્થિતિ અનુસાર માણસને વારાફેરા આવે છે અથવા હાલત કે પ્રસંગ બદલાઈ જાય છે, માટે અભિમાન તજીને મન મોટું રાખવું, અથવા પોતાની તક આવે ત્યાં સુધી ધીરજ ને તકેદારીથી રાહ જોવી એવી શીખ આપતી આ કહેવતના મૂળમાં અનેક હિંદી-કચ્છી દોહરા મળી આવે છે, જેમાંના સૌથી વિશદ આ મુજબ છે:

અપની અપની દૌરમેં સબકો લાગત દાવ,
જલમેં ગાડી નાવ પર, થલ ગાડી પર નાવ.

અથવા

કબુ બડાઇ ન કીજિયે, મન રખિયે દરિયાવ,
કબહુક ગાડી નાવ પર, કબહુ ગાડી પર નાવ.

હવામાન જાણવાનો એક અજબ નુસખો કહેવાય છે: તમરું એક મિનિટમાં જેટલા અવાજ કરે, તેમાંથી ૪૦ બાદ કરીને જે આવે તેને ૪ વડે ભાગો, અને પછી તેમાં ૫૦ ઉમેરતાં જે આવે તે, એ દિવસની ગરમીનો આંક હશે।

સાકરની ગાંગડી સાથે આંબાનો મોર મોંમાં રાખી તેનો રસ ધીમેથી ગળે ઉતારતા જવાથી બેસી ગએલું ગળું ઉઘડી જઈ અવાજ સુધરશે.



અંગ્રેજી મૂળાક્ષરનો અગિયારમો અક્ષર 'કે' ઇજિપ્તની હાયેરોગ્લિફ ને હાયરેટિક લિપિઓ(પહેલી બે આકૃતિ)માંથી જે રીતે અનુક્રમે ફીનીશિયન, જૂના ગ્રીક, લૅટિન અને આધુનિક રૂપમાં વિકસતો ગયો તે ઉપલા ચિત્રની પહેલી તકતીમાં દર્શાવ્યું છે; અને નીચેની તકતીમાં તેનાં કૅપિટલ તથા નાનાં લેખન-સ્વરૂપો જે રીતે વિકસ્યાં તે અનુક્રમે હિબ્રૂ, ગ્રીક, રોમન, ઍંગ્લો-સૅક્સન, ગૉથિક, જૂની અંગ્રેજી, જર્મન, કેલ્ટિક, એન્ગ્રૉસિંગ, ઇટાલિક, ટ્યૂડર, વિક્ટોરિયન અને આધુનિક મરોડમાં દર્શાવ્યા છે.

નાનુ: 'તમે નાના ફોટોગ્રાફો પરથી મોટા કરી આપો છો, તે કેવડા, અસલ જેવડા કરી આપી શકો?'

ફોટોગ્રાફર: 'હા જરૂર.'

નાનુ: 'તો મેં હિમાલયની એક છબી પાડી છે તે એના જેવડી કરી આપશો?'


ઊનાળાની ઋતુ લાગેલા બાળકના શરીરે માટીનો આછો લેપ કરવાથી ફાયદો થશે.

ગાયના છાણમાં નાની પીપર ઘસીને આંજવાથી રતાંધળાપણા પર ફાયદો મનાય છે.

શબ્દકથા: દેશાઈ

ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક ત્રણે પ્રદેશોમાં પ્રચલિત આ અટકનું મૂળ જૂનું છે. મુઘલોના અમલ દરમ્યાન મહેસૂલી અધિકારીઓને દેશમુખ, દેશપાંડે, એવા હોદ્દા અપાતા. એ જ રીતે દેશ-શાહ શબ્દ પણ પ્રચારમાં આવ્યો હોવો જોઇએ, જેનું અપભ્રંશ પાછળથી દેસાઈ બન્યું હોય. દેશ-પ્રદેશનો પ્રમુખ એટલે દેશશાહ–દેશાઈ. દેશપાંડે, દેશમુખ અને દેસાઈ, ત્રણેનું અધિકારક્ષેત્ર નિરાળું હતું. પરગણામાં પટવારી (કુલકર્ણી) અને જમીનદારનો હિસાબ તપાસનાર તે દેશપાંડે, પરગણાના સર્વે મુખીઓનો વડો તે દેશમુખ, અને દેશપાંડે તથા દેશમુખ એ બંનેનો અધિકારી વડો તે દેશાઈ–દેસાઈ. —સદાનંદ

કપડા પર પડેલા કેળાંના ડાઘ દૂર કરવા માટે તેની ઉપર કેળની જ સૂકી છાલ બાળીને તેની ૧૦ ટકા રાખ અને ૧ ટકા સોડાનું મિશ્રણ ઘસવું, અને પછી ડાઘવાળો ભાગ સુકાવી દેવો. બાદ તેને સાબુ અને સોડાના પાણીમાં ઉકાળવો. જ્યાં સુધી ડાઘ સ્પષ્ટ નીકળી ન જાય ત્યાં સુધી આ ક્રિયા ફરી ફરી કર્યા કરવી. પછી કપડું ધોઈ નાખવું અને તેની ઉપર લીંબુનો રસ તથા મીઠું લગાવી ધીકતા તાપમાં સૂકવવું. આ જાતના ડાઘ બહુ હઠીલા હોઇને આ લાંબી ક્રિયાની જરૂર છે.



કલાકણિકા: પિત્તળની રકાબી ઉપર ભારતીય કલાકારે કરેલા આકલ્પનની કારીગરી




ચોમા લુંગ્મા

MOTHER OF THE WORLD : પૃથ્વીની દેવી-માતા

લાઇ રૉરીશે માઉન્ટ એવરેસ્ટ(જેને તિબેટીમાં ચોમા લુંગ્મા-એટલે પૃથ્વીની માતા-કહે છે તે)ની ભાવના મૂર્ત કરવા આલેખેલું કલ્પનાચિત્ર

Courtesy · Nicholai Roerich and Central Book Trading Company from 'Nicholai Roerich Anniversary Publication'



નખી તળાવ · આબુ

ફોટો : ચિત્તરંજન આચાર્ય